CMYK

RNI NO GUJ/GUJ/2005/23890

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

AMRELI
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા   નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવ સામે લીલીયા રોડ, અમરેલી.

● સંવત ૨૦૮૨ આસો સુદ -૯   સોમવાર તા.૧૯-૧૦-૨૦૨૬   અંક : ૨૪૫ વર્ષ : ૨૧   email :rajkot@aaspassindia.com   કિંમત રૂ. ૨-૫૦   પાના - ૮

# આફ્રિકામાં ઈબોલા મહામારીનો હાહાકાર : ૪,૫૩૬નાં મોત

## ૯,૪૧૫ દર્દીઓ નોંધાયા: આઠમા રાજ્યમાં પણ ચેપની સત્તાવાર પુષ્ટિ: પડોશી દેશોમાં પણ મહામારી ફેલાવાનો ખતરો

કિન્શાસા,

આફ્રિકાના ડેમોક્રેટિક રિપબ્લિક ઑફ કોંગોમાં ઈબોલાની જીવલેણ મહામારી વધુ ગંભીર બની છે.

દેશના રાષ્ટ્રીય જૈવચિકિત્સા સંશોધન સંસ્થાને ટાંકતા રવિવારના અહેવાલ મુજબ મહામારી આઠમા પ્રાંત ઉત્તર ઉબાંગી સુધી પહોંચી ગઈ છે. ત્યાં બે દર્દીઓની પુષ્ટિ થઈ છે, જેમાંથી એકનું મૃત્યુ થયું છે. ૧૬ ઑક્ટોબર સુધીના સત્તાવાર આંકડા પ્રમાણે દેશમાં ૯,૪૧૫ દર્દીઓ નોંધાયા છે અને ૪,૫૩૬ લોકોનાં મોત થયાં છે. બીજી તરફ કેન્યામાં પણ રવિવારે ઈબોલાના આઠમા દર્દીની પુષ્ટિ થઈ છે.



મધ્ય આફ્રિકાના કોંગોમાં મે મહિનાથી શરૂ થયેલી ઈબોલાની મહામારી દેશના ઈતિહાસની સૌથી ભયાનક ઈબોલા મહામારી બની છે. સતત વધી રહેલા ચેપ અને મૃત્યુને કારણે આરોગ્ય અધિકારીઓ સમક્ષ ગંભીર પડકાર સર્જાયો છે.

કોંગોની રાષ્ટ્રીય જૈવચિકિત્સા સંશોધન સંસ્થાએ રવિવારે ઉત્તર ઉબાંગી પ્રાંતમાં ઈબોલાના બે દર્દીઓ નોંધાયાની સત્તાવાર પુષ્ટિ કરી હતી. તેમાંથી એક દર્દીનું મૃત્યુ થયું છે.

આ પ્રાંત મધ્ય આફ્રિકન રિપબ્લિકની સરહદે આવેલો હોવાથી સરહદપાર ચેપ ફેલાવાની ચિંતા વધી છે. જોકે મધ્ય આફ્રિકન રિપબ્લિકમાં હજુ ઈબોલાના કોઈ પુષ્ટિ થયેલા દર્દીની માહિતી નથી.

કોંગોના તાજેતરના સરકારી અહેવાલ પ્રમાણે ૧૬ ઑક્ટોબર સુધીમાં કુલ ૯,૪૧૫ દર્દીઓ અને ૪,૫૩૬ મૃત્યુ નોંધાયાં છે. માત્ર અગાઉના ૨૪ કલાકમાં ૬૭ નવા દર્દીઓ અને ૨૬ મૃત્યુ નોંધાયાં હતાં.

સૌથી વધુ અસરગ્રસ્ત ઈતુરી પ્રાંતમાં આ ૬૭ નવા દર્દીઓમાંથી ૪૪ દર્દીઓ નોંધાયા હતા.

આ મહામારી ઈબોલાના બુંદીબુગ્યો પ્રકારના વિષાણુથી ફેલાઈ રહી છે. આ પ્રકાર માટે હાલમાં કોઈ મંજૂર વિશિષ્ટ રસી કે સારવાર ઉપલબ્ધ નથી.

વિશ્વ આરોગ્ય સંગઠનના આફ્રિકા ક્ષેત્રના અધિકારીઓએ જણાવ્યું છે કે કેટલાક વિસ્તારોમાં ચેપ ઘટવાના સંકેતો હોવા છતાં ભૌગોલિક રીતે મહામારી નવા વિસ્તારોમાં ફેલાઈ રહી છે.

# મોહન ભાગવત જેન - ઝીને મળશે

## જબલપુરમાં સંઘના જેન-આલ્ફા અને જેન-ઝી સાથે સંવાદ

જબલપુર,

કોકરોચ જનતાપાર્ટીના જંતર મંતર આંદોલનથી જે રીતે જેન-ઝી હવે ભારતના રાજકારણમાં પણ એક ચિંતા સર્જી રહ્યા છે અને નીટનું આંદોલન પુરુ થયુ પછી હવે મુખ્ય ચુંટણી કમિશ્નર સામેના આંદોલનમાં પણ કોકરોચ જનતા પાર્ટી અને જેન-ઝી જોડાઈ રહ્યા છે તેથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીથી લઈ તેની પુરી કેબીનેટ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને ભાજપ જેન-ઝીને મનાવવા ઉંધે માથે છે.



તે વચ્ચે આરએસએસના વડા મોહન ભાગવત તા.૨૪થી ત્રણ દિવસ માટે મધ્યપ્રદેશના જબલપુરમાં છે અને અહી તેઓએ સંઘના જેન-ઝી સ્વયંસેવકોનો એક કેમ્પ રાખ્યો છે અને તેની સાથે સંવાદ કરશે અને સંબોધન કરશે. એટલું જ નહી તા.૨૫ના તેઓ સ્થાનિક નેતાઓને પણ મળવાના છે.

અને આ રીતે તેઓ જેન-ઝીને મનાવવા માટે વધુ પ્રયાસ કરશે. અગાઉ મોહન ભાગવતે મુંબઈમાં પણ જેન-ઝી સાથે સંવાદ કર્યો છે અને સરકારને પણ અનેક વખત સલાહ આપી છે. હવે તે સીલસીલો આગળ ધપાવશે.

# યુરોપના પીછેહઠ કરવાના નિર્ણય બાદ ટ્રમ્પ પ્રશાસનને પોતાના હાથે જ નમતું જોખવું પડ્યું

## અમેરિકન નાણામંત્રી સ્કૉટ બેસેન્ટે યુરોપિયન દેશોની બેવડી નીતિ પર આકરા પ્રહાર કર્યા હતા

રશિયા

રશિયા પાસેથી ઓઈલ અને ગેસ ખરીદવા બદલ ભારત અને ચીન સામે પ્રતિબંધો લગાવવાની અમેરિકાની હિલચાલને લઈને એક મોટો ખુલાસો થયો છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નાણા મંત્રી સ્કૉટ બેસેન્ટે સ્વીકાર્યું કે અમેરિકા ઈચ્છતું હતું કે યુરોપિયન દેશો ભારત અને ચીન પર 'સેકન્ડરી સેંક્શન્સ' (દ્વિતીય પ્રતિબંધો) લગાવે, પરંતુ યુરોપિયન સહયોગીઓએ આ પ્રસ્તાવ સ્પષ્ટપણે ફગાવી દીધો હતો. અમેરિકન નાણામંત્રી સ્કૉટ બેસેન્ટે યુરોપિયન દેશોની બેવડી નીતિ પર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે સવાલ કર્યો હતો કે જો યુરોપ જ તૈયાર નથી, તો પછી એકલો અમેરિકા જ આ આર્થિક બોજ કેમ ઉઠાવે? બેસેન્ટે આક્ષેપ કર્યો હતો કે યુરોપિયન દેશો પોતે હજુ પણ મોટા પ્રમાણમાં રશિયન ઊર્જાનો ઉપયોગ કરી રહ્યા છે અને અસલમાં તેઓ જ રશિયાની યુદ્ધ મશીનને નાણાકીય બળ પૂરું પાડી રહ્યા છે. યુરોપ યુક્રેન કરતાંય વધુ નાણું રશિયા અને વ્લાદિમીર પુતિનને આપી રહ્યું છે.



અમેરિકાએ તાજેતરમાં ૧૦૦% ટેરિફ લાગુ ન કરીને જે રાહત આપી છે તે કાયમી નથી, પરંતુ ૬૦ દિવસની એક અસ્થાયી રોક છે. અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયોએ સ્પષ્ટ કર્યું છે કે પ્રમુખ ટ્રમ્પ આ ૬૦ દિવસના સમયગાળાનો ઉપયોગ વૈશ્વિક અને અમેરિકન અર્થતંત્ર પર આ ટેરિફ અને પ્રતિબંધોની શું અસર પડે છે તે તપાસવા માગે છે.

# 'ઈવીએમ હોય કે બેલેટ પેપર, જીતવાના તો અમે જ: ચંદ્રકાંત પાટીલ

## વિપક્ષ નાચ ન જાને આંગન ટેઢા જેવું કાર્ય કરતુ હોવાનો માર્યો ટોણો

મુંબઈઃ

મહારાષ્ટ્રમાં વિધાન પરિષદની પાંચ બેઠકોની ચૂંટણી વચ્ચે ભાજપના નેતા અને પ્રધાન ચંદ્રકાંત પાટીલે દાવો કર્યો છે કે ચૂંટણી ઈવીએમથી થાય કે બેલેટ પેપરથી, જીત તો ભાજપ અને મહાયુતિની જ થશે. પુણે શિક્ષક અને પદવીધર મતદારસંઘની ચૂંટણીના પ્રચાર માટે સોલાપુર પહોંચેલા ચંદ્રકાંત પાટીલે વિરોધ પક્ષો પર નિશાન સાધતાં કહ્યું હતું કે વિરોધ પક્ષો જીતી શકતા નથી તેથી હવે તેમને ચૂંટણી પંચનો વાંક દેખાય છે. તેથી તેઓ નાચ ન જાને આંગન ટેઢા જેવું કાર્ય કરી રહ્યા હોવાનો ટોણો માર્યો હતો.



પાટીલે દાવો કર્યો હતો કે દિલ્હી યુનિવર્સિટીની તાજેતરની બેલેટ પેપરથી યોજાયેલી ચૂંટણીમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદે ચાર પૈકી ત્રણ બેઠકો જીતી હતી. ઓડિશામાં પણ વિદ્યાર્થી સંગઠને છમાંથી છ યુનિવર્સિટીની ચૂંટણીઓ જીતી હોવાનો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે ૨૭ ઑક્ટોબરે યોજાનારી મતગણતરીમાં મહાયુતિ પોતાની તાકાત બતાવશે.

પુણે શિક્ષક મતદારસંઘની ચૂંટણીમાં મહાયુતિની અંદરના આંતરિક મતભેદો અંગે પૂછવામાં આવતાં પાટીલે સ્વીકાર્યું કે શિવસેનાએ અપક્ષ ઉમેદવાર સચિન સાનપને ટેકો આપવો ભાજપ માટે નિરાશાજનક છે. જોકે, તેમણે આશા વ્યક્ત કરી કે આગામી બે દિવસમાં કોઈ સકારાત્મક ઉકેલ આવી શકે છે. તેમણે મહાયુતિના નેતાઓ અને કાર્યકરોને સહયોગી પક્ષો સામે ટીકા ન કરવાની અપીલ પણ કરી હતી.

# ટાઈગર શ્રોફ પર ગોળીબાર, હાથ અને છાતી પર ઈજા: મુંબઈ સ્ટેશન પરથી બાઈક મળી આવી

## ફાયરિંગ કરનારા બે શંકાસ્પદ હુમલાખોરોની CCTV તસવીરો સામે આવી

મુંબઈ,

બોલિવૂડ જગતમાંથી એક અત્યંત ચોંકાવનારા અને સનસનીખેજ સમાચાર સામે આવ્યા છે. જાણીતા એક્શન સ્ટાર ટાઈગર શ્રોફ પર થયેલા જીવલેણ હુમલા અને ફાયરિંગના મામલામાં હવે એક મોટું અપડેટ સામે આવ્યું છે.

મુંબઈ પોલીસે આ હાઈ-પ્રોફાઈલ કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તેની તપાસ હવે 'મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ'ને સોંપી દીધી છે. પોલીસ દ્વારા હુમલાખોરોની કુંડળી તપાસવામાં આવી રહી છે અને ટૂંક સમયમાં જ આરોપીઓની ધરપકડ કરવામાં આવે તેવી પ્રબળ સંભાવના છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, રવિવારની રાત્રે (૧૮ ઓક્ટોબર) અભિનેતા ટાઈગર શ્રોફ જ્યારે મુંબઈના જુહુ વિસ્તારમાં ફૂટબોલ રમવા માટે જઈ રહ્યા હતા, ત્યારે બાઈક સવાર ત્રણ અજ્ઞાત હુમલાખોરોએ તેમની કાર પર અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. આ ભયાનક હુમલા દરમિયાન કારની અંદર એક રોમાંચક અને સૂઝબૂઝભરી સ્થિતિ સર્જાઈ હતી. પોલીસના જણાવ્યા અનુસાર, ફાયરિંગ શરૂ થતાં જ ટાઈગર શ્રોફ અને તેમના ડ્રાઈવરે જીવ બચાવવા માટે કારની અંદર જ પોતાની સીટો બદલી નાખી હતી, જેના કારણે એક મોટો હુમલો ટળી ગયો હતો. સદનસીબે આ હુમલામાં અભિનેતા અને તેમના ડ્રાઈવરનો બચાવ થયો છે અને હાલ ટાઈગર શ્રોફની તબિયત સ્થિર છે તથા તેઓ પોતાના પરિવાર સાથે સુરક્ષિત ઘરે છે.

અત્યાર સુધી ટાઈગર પર થયેલા હુમલામાં સામેલ બાઈકને પોલીસે કબજે કરી લીધી છે, તેની નંબર પ્લેટથી હુમલાખોરો સુધી પહોંચવાની કોશિશ કરવામાં આવી રહી છે. આ હુમલાઓની જવાબદારી લૉરેન્સ બિશ્નોઈ ગેંગે લીધી છે અને હુમલાને લઈને ઓડિયો જારી કર્યો છે.

જોકે પોલીસે હજુ સુધી તેની પુષ્ટિ કરી નથી. આ હુમલાને લઈને મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે પોલીસ કમિશનર અને ટાઈગર શ્રોફ સાથે વાત કરી છે. તેમણે વહેલી તકે ધરપકડ અને કડક કાર્યવાહીનું આશ્વાસન આપ્યું છે.

આ ઘટના બાદ જુહુ પોલીસે તરત જ સક્રિય થઈને ત્રણ અજ્ઞાત શખ્સો સામે ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ ૧૦૯(૧) અને ૩(૫) તેમજ આર્મ્સ એક્ટ હેઠળ એફઆઈઆર નોંધાવી લીધી હતી. પોલીસ તપાસ દરમિયાન હુમલામાં ઉપયોગમાં લેવાયેલી બાઈકને પણ કબજે કરવામાં આવી છે અને તેની નંબર પ્લેટના આધારે આરોપીઓ સુધી પહોંચવાના પ્રયાસો તેજ કરી દેવામાં આવ્યા છે.

# કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આવતીકાલે પંજાબની મુલાકાતે

## નશાના વેપાર સામે અવાજ ઉઠાવનારા લોકોને ચૂપ કરવાના પ્રયાસો સફળ નહીં થાય : અમિત શાહ

નવીદિલ્હી

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ૨૦ ઓક્ટોબરે પંજાબની મુલાકાત લેશે. આ દરમિયાન તેઓ માનસા, સંગરુર અને ગુરદાસપુરમાં નશાના વેપાર સામે અવાજ ઉઠાવનારા લોકોના પરિવારોને મળશે. આ મુલાકાત એવા સમયે થઈ રહી છે, જ્યારે પંજાબમાં નશાના વેપાર અને કાયદો-વ્યવસ્થાને લઈને રાજકીય ચર્ચા ચાલી રહી છેઅમિત શાહ માનસા, સગરુર અને ગુરદાસપુરમાં પરવિંદર સિંહ ઝોટા, ગુલઝાર સિંહ અને બિક્રમજીત સિંહના પરિવારજનોને મળશે.



આ ત્રણેયના મોતના મામલાએ પંજાબમાં નશાના વેપાર સામે અવાજ ઉઠાવનારા લોકોની સુરક્ષાનો મુદ્દો ચર્ચામાં લાવ્યો છે. અમિત શાહે સોશિયલ મીડિયા પર કહ્યું છે કે નશાના વેપાર સામે અવાજ ઉઠાવનારા લોકોને ચૂપ કરવાના પ્રયાસો સફળ નહીં થાય. તેમણે પંજાબ સહિત દેશમાંથી નશાના વેપારને ખતમ કરવાની વાત પણ કરી છે.

# કેનેડાના સૈન્ય મથકે ભીષણ આગ, ૪ જવાનનાં મૃત્યુ

## સૈન્ય મથક અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ભયનો માહોલ સર્જાયો, પવનને કારણે આગ વધુ ફેલાઈ

નવી દિલ્હી,

કેનેડાના આલ્બર્ટા પ્રાંતમાં આવેલા કેનેડિયન ફોર્સિસ બેઝ વેનરાઈટ ખાતે લાગેલી ભીષણ આગમાં ચાર લોકોના મોત થયા છે અને અનેક લોકો ઘાયલ થયા છે. સંરક્ષણમંત્રી ડેવિડ મેકગિન્ટીએ આ દુર્ઘટનાની પુષ્ટી કરી હતી. જો કે, જાનહાનિનો ચોક્કસ આંકડો જાહેર નથી કરાયો. આગને કારણે સૈન્ય મથક અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ભયનો માહોલ સર્જાયો હતો. ભારે પવનને કારણે આગ વધુ ફેલાઈ હતી.

આગની ગંભીરતાને ધ્યાનમાં રાખીને બચાવદળો અને અગ્નિશામક કર્મચારીઓએ મોડી રાત સુધી કામગીરી ચાલુ રાખી હતી. ઘાયલોને વેનરાઈટ સહિત એડમન્ટન શહેરની વિવિધ હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા હતા. દર્દીઓની સંખ્યા એટલી વધી ગઈ હતી કે આરોગ્ય સેવાઓ પર ભારે દબાણ સર્જાયું હતું. અનેક હોસ્પિટલોએ કોડ ઓરેન્જ જાહેર કર્યો હતો. એમ્બ્યુલન્સની અછતને કારણે હેલિકોપ્ટર અને વિમાનો દ્વારા પણ દર્દીઓને અન્ય સારવાર કેન્દ્રોમાં પહોંચાડવામાં આવ્યા હતા.

કેનેડાની રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસ ઘટનાની તપાસ કરી રહી છે. સૈન્ય અધિકારીઓએ જણાવ્યું હતું કે અસરગ્રસ્ત પરિવારોને જાણ કર્યા પછી જ જાનહાનિ વિશે સત્તાવાર વિગતો જાહેર કરવામાં આવશે. વેનરાઈટના મેયર બ્રુસ પ્યુએ સ્થાનિક આરોગ્યકર્મીઓની કામગીરીની પ્રશંસા કરી હતી. મોડી રાત સુધીમાં આગને કાબૂમાં લેવાની કામગીરીમાં પ્રગતિ થઈ હતી અને મિલકતો તથા મહત્વના માળખા સુરક્ષિત હોવાની જાણકારી આપવામાં આવી હતી.

વેનરાઈટ સૈન્ય મથક કેનેડાના મુખ્ય તાલીમ કેન્દ્રોમાં એક છે, જ્યાં સૈનિકોને યુદ્ધની પરિસ્થિતિઓ માટે તૈયાર કરવામાં આવે છે. આ દુર્ઘટના અંગે કેનેડાના વડા પ્રધાન માર્ક કાર્ની અને આલ્બર્ટાના મુખ્ય મંત્રી ડેનિયલ સ્મિથે દુઃખ વ્યક્ત કર્યું હતું. પડોશી પ્રાંત સાસ્કેચેવાને પણ મદદ મોકલવાની તૈયારી દર્શાવી હતી. આગને કારણે અલ્બર્ટામાં યોજાનારા લોકમત પૂર્વેના મતદાન પર પણ અસર પડી હતી અને બે મતદાન મથકો વહેલા બંધ કરાયા હતા.

# વિશ્વના ૧૦થી વધુ દેશોમાં મોંઘવારી, બેરોજગારી, શિક્ષણ ખર્ચ મુદ્દે જનઆક્રોશ ભભૂકી ઉઠ્યો

ફ્રાંસ,

ફ્રાંસ પછી બેલ્જિયમથી શરૂ કરી આર્જેન્ટીના અને આલ્બેનિયા, ઈટાલી પોર્ટુગલ અને યુએસમાં પણ મોંઘવારી, બેકારી, ફુગાવો, વધતો જતો શિક્ષણ ખર્ચ અને વધતાં જતાં ઘરભાડાં સહિત અનેકવિધ પ્રશ્ને વિશ્વના કેટલાયે દેશોમાં જનઆક્રોશ ભભૂકી ઉઠયો છે. સરકારની નીતિઓ સામે જનતા પણ રણે ચઢી છે. એક તરફ આભ ઊંચો ફુગાવો જતાં લોકોની ખરીદ શક્તિ તૂટી ગઈ છે, તો બીજી તરફ સરકારો દ્વારા અપાતી સવલતો - પબ્લિક સર્વિસીઝમાં પણ કાપ મુકાતો જાય છે.

વિશ્વભરમાં વધતા જતાં ઈંધણના ભાવ, જીવન જરૂરિયાતની ચીજોના વધતા ભાવ (કોસ્ટ ઓફ લિવિંગ) ભારે બોજારૂપ બની રહ્યા છે. ફ્રાંસની સાથે હવે તેના પાડોશી બેલ્જિયમમાં પણ વિદ્યાર્થીઓ શિક્ષણ ખર્ચમાં સરકાર દ્વારા કરાતા ઘટાડા સામે અને મોંઘા બની રહેલાં ઘરભાડાં સામે જનઆક્રોશ ભભૂકી ઉઠયો છે. વાસ્તવમાં જનતા હવે હતાશ થઈ ગઈ છે, બ્રુસેલ્સ અને લીજમાં પણ વ્યાપક રમખાણો થતાં પોલીસને વોટર કેનનનો ઉપયોગ કરવો પડયો હતો. બેલ્જિયમના આંતરિક બાબતોના મંત્રીએ એવો પાંગળો બચાવ કર્યો હતો કે આ સમાજને અસ્થિર કરવાનું એક સુવ્યવસ્થિત કાવતરૂં છે.

પોર્ટુગલમાં હજારો લોકો ઓછા વેતન, રહેણાંક મકાનોની અછત, મિલ્કતોના વધતા ભાવ અને ભાડાં સામે લિસ્બનમાં હજારો લોકો સડક પર ઉતરી આવ્યા હતા. તેમાં ખાસ કરીને ઓછી આવકવાળા કુટુમ્બોના યુવાનો હતા. ઈટાલી અને આલ્બેનિયામાં પણ વિરોધ વંટોળ શરૂ થઈ ગયો છે. મિલાનમાં (ઈટાલી) દેખાવકારો પોલીસ સાથે અથડામણમાં આવી ગયા હતા. તેઓ ઠેરનાં ઠેર રહેલાં વેતન, ફુગાવો, જીવન જરૂરિયાતની દરેક ચીજોના વધતા જતાં ભાવ સામે વિરોધ દર્શાવી રહ્યા હતા.

CMYK

### કરજણ નદી પરના બ્રિજમાં ગંભીર ગુણવત્તાકીય ક્ષતિઓ સામે આવતા કોન્ટ્રાક્ટર સામે પોલીસ ફરિયાદની ફોજદારી કાર્યવાહી

# ૨૦૨૦માં નિર્માણ થયેલા બ્રિજની ચકાસણીમાં એક પાયો નબળો જણાયા બાદ ક્વોલિટી કંટ્રોલની તપાસમાં બ્રિજના અન્ય ભાગોમાં પણ ક્ષતિ ધ્યાને આવતા મુખ્યમંત્રીએ અપનાવ્યું કડક વલણ

## માર્ગ મકાન વિભાગે રાજપીપળા પોલીસ સ્ટેશનમાં કોન્ટ્રાક્ટર સામે ફરિયાદ નોંધાવી

રાજપીપળા,

નર્મદા જિલ્લામાં રાજપીપળા-રામગઢ (નવાગામ) રોડ ઉપર કરજણ નદી પરના મેજર બ્રિજના બાંધકામની નબળી ગુણવત્તા અંગે કોન્ટ્રાક્ટર સામે અસરકારક અને કડક પગલાં લેવામાં આવ્યા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના માર્ગ મકાન વિભાગને આ બ્રિજના બાંધકામમાં સંકળાયેલા મેસર્સ રોયલ ઈન્ફ્રા એન્જિનિયરિંગ પ્રા. લિ., સુરત સામે ફોજદારી ફરિયાદ-FIR દાખલ કરવાના દિશાનિર્દેશો આપવાને પગલે રાજપીપળા પોલીસ સ્ટેશનમાં ફ્રૈંઈ કરવામાં આવી છે.

રાજપીપળા અને રામગઢ આસપાસના વિસ્તારો માટે ખૂબ જ અગત્યતા ધરાવતા આ બ્રિજની કામગીરી ગુણવત્તાયુક્ત ન હોવાથી આ પુલ જોખમી જણાયો હતો.

બ્રિજના નિરીક્ષણ અને પરીક્ષણ બાદ આ પુલના ઈજારદાર સામે ફોજદારી ફરિયાદ દાખલ કરવામાં આવી છે. આ ઉપરાંત નબળી કામગીરી માટે સંબંધિત અધિકારી અને કર્મચારીઓ સામે પણ કડક પગલાં લેવાના આદેશો આપવામાં આવ્યાં છે. માર્ગ અને મકાન વિભાગે આ બ્રિજનું કામ ૨૦૧૮-૨૦૧૯ માં ઈજારદાર મેસર્સ રોયલ ઈન્ફ્રા એન્જિનિયરિંગ પ્રા. લિ., સુરત ને સોંપેલું હતું. આ કામની ટેન્ડર રકમ રૂ. ૧૦.૭૧ કરોડ હતી અને કામગીરી શરૂ કરવાની તારીખ તા. ૧૫/૦૯/૨૦૧૮ હતી તથા કામગીરી ભૌતિક રીતે ખરેખર તારીખ ૧૪/૦૮/૨૦૨૦ના રોજ પૂર્ણ થઈ હતી.

વિભાગ દ્વારા બ્રિજની ચકાસણી દરમિયાન એક ફાઉન્ડેશન સેટલ થવાનું ધ્યાને આવેલ હતું. આ ક્ષતિ જણાતા ક્વોલિટી કંટ્રોલ પ્રભાગ દ્વારા સંપૂર્ણ બ્રિજનું પરીક્ષણ-નિરીક્ષણ કરવા જણાવ્યું હતું. તેમાં તપાસમાં બ્રિજના અન્ય ભાગોમાં પણ ક્ષતિ ધ્યાને આવી હતી. બ્રિજ વાહનવ્યવહાર માટે યોગ્ય અને સલામત ન હોવાનું જણાતાં તેના પર વાહનવ્યવહાર બંધ કરવાની ફરજ પણ પડી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ ગંભીર ક્ષતિ ધ્યાને લઈને બ્રિજના બાંધકામ કરનારા કોન્ટ્રાક્ટર મેસર્સ રોયલ ઈન્ફ્રા એન્જિનિયરિંગ પ્રા. લિ. તથા તેના પ્રતિનિધિઓ સામે લાગુ પડતી કાયદાકીય જોગવાઈઓ અન્વયે ફોજદારી કાર્યવાહી કરવા સૂચનાઓ આપી હતી.

આ ઉપરાંત, તેમણે બ્રિજના બાંધકામમાં થયેલી નબળી કામગીરી અને સંબંધિત બેદરકારી અંગે જવાબદાર અધિકારીઓ સામે પણ ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ હેઠળ કાર્યવાહી હાથ ધરવા આદેશ આપ્યા છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શારદીય નવરાત્રિ પર્વમાં આદ્ય શક્તિ મા અંબાજીના દર્શન કર્યા

## ગુજરાત સતત વિકાસ અને સમૃદ્ધિના શિખરો સર કરે તેવી પ્રાર્થના કરી



અંબાજી

શારદીય નવરાત્રિના આઠમા નોરતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે પહોંચીને જગતજનની માઁ અંબેના ચરણોમાં ભાવપૂર્વક શીશ ઝુકાવ્યું હતું.

મહા અષ્ટમીના પવિત્ર અને ફળદાયી અવસરે મુખ્યમંત્રીશ્રીએ સુપ્રસિદ્ધ ૫૧ શક્તિપીઠ પૈકીના મુખ્ય એવા અંબાજી મંદિરમાં વિધિવત પૂજા-અર્ચના અને દર્શન કરીને ધન્યતા અનુભવી હતી.

શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર વચ્ચે જગતજનની માઁ જગદંબાની વિશેષ પૂજા અને આરતી મુખ્યમંત્રીશ્રીએ સંપન્ન કરી હતી.

આ અવસરે તેમણે સૌની સુખાકારી, નિરામય સ્વાસ્થ્ય અને સર્વાંગી પ્રગતિ માટે માઁ અંબેના ચરણોમાં ભાવપૂર્વક પ્રાર્થના કરી હતી.

ગુજરાત સતત વિકાસના નવા આયામો સર કરે, રાજ્યમાં શાંતિ, સમરસતા અને સમૃદ્ધિ કાયમ રહે તથા વિકાસ ની યાત્રાને માઁ આદ્યશક્તિના આશીર્વાદ સદાય મળતા રહે તેવી મંગલકામના મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કરી હતી.

દર્શન-પૂજન બાદ મુખ્યમંત્રીશ્રીએ નવરાત્રિ પર્વ દરમિયાન દૂર-દૂરથી અંબાજી ધામ દર્શને આવતા માઈભક્તો માટે કરવામાં આવેલી સુવિધાઓ, સુરક્ષા અને દર્શન વ્યવસ્થા અંગે જિલ્લા વહીવટી તંત્ર પાસેથી જાણકારી મેળવી હતી. આ પ્રસંગે સ્થાનિક જનપ્રતિનિધિઓ, જિલ્લા કલેકટર, જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પોલીસ વડા તેમજ દેવસ્થાન ટ્રસ્ટના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદમાં નવરાત્રી મહોત્સવના નકલી પાસ વેચાતા બે શખ્સની ધરપકડ

## ઈન્સ્ટાગ્રામ આઈડીથી ગરબાના પાસ ડિસ્કાઉન્ટમાં વેચવાની જાહેરાતો મૂકી ગરબાના નકલી પાસ વેચતા હતા

અમદાવાદ,

અમદાવાદમાં નવરાત્રી દરમિયાન ખેલૈયાઓને નિશાન બનાવી છેતરપિંડી કરતા તત્ત્વો સામે અમદાવાદ શહેર સાયબર ક્રાઇમ પોલીસે કાર્યવાહી કરી હતી. જેમાં જાણીતા ગરબા આયોજનોનાં નામ અને લોગોનો અનધિકૃત ઉપયોગ કરી નકલી પાસ વેચવાના પ્રકરણમાં પોલીસે રાજસ્થાનના સીકર પાસેથી બે યુવાનોને ઝડપી પાડ્યા હતા. આ આરોપીઓ 'વીર રાજપૂત' નામના ઈન્સ્ટાગ્રામ આઈડીથી ગરબાના પાસ ડિસ્કાઉન્ટમાં વેચવાની જાહેરાતો મૂકી ગરબાના નકલી પાસ વેચતા હતા.

સાયબર ક્રાઇમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવામાં આવી હતી કે વીર રાજપુતના ઈન્સ્ટાગ્રામ આઈડી પરથી જાણીતા ગરબા આયોજનોના નકલી પાસ ડિસ્કાઉન્ટમાં વેચવામાં આવી રહ્યા છે. આ તપાસ દરમિયાન પોલીસે રાજસ્થાનના જોધપુર વીરેન્દ્રસિંહ ભંવર સિંહ રાજપૂત અને ફલોદી જિલ્લાના કિશનસિંહ લક્ષ્મણસિંહ રાઠોડને ઝડપી પાડ્યા હતા.આ યુવાનો 'વીર રાજપૂત' નામનું ઈન્સ્ટાગ્રામ આઈડી ચલાવતા હતા.

પોલીસે પ્રાથમિક પૂછપરછમાં એવી વિગતો સામે આવી હતી કે અમદાવાદ સહિત વિવિધ સ્થળોએ યોજાતા ૨૫ જાણીતા ગરબા આયોજનોનાં નામ અને લોગોનો આ યુવાનોએ દુરુપયોગ કર્યો હતો.

# જાપાનના કોબે ખાતે ૧૨૦ વર્ષ જૂના ઐતિહાસિક 'ઈન્ડિયા ક્લબ'માં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ગુજરાતી સમુદાયને સંબોધિત કર્યો

## ઔપચારિક મુલાકાતોથી આગળ વધી સતત સંવાદ અને બિઝનેસ પાર્ટનરશીપ ઊભી કરવા હાંકલ કરી

**અમદાવાદ,**

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ અંતર્ગત રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ પોતાની જાપાન મુલાકાત દરમિયાન કોબે ખાતે વસતા ગુજરાતી અને ભારતીય સમુદાય સાથે વિશેષ સંવાદ સાધ્યો હતો. વર્ષ ૧૯૦૪થી અવિરત કાર્યરત અને ૧૨૦ વર્ષથી વધુનો ગૌરવશાળી ઈતિહાસ ધરાવતા ઐતિહાસિક 'કોબે ઈન્ડિયા ક્લબ' ખાતે આ સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેતા પહેલાં તેમણે ક્લબની નજીક આવેલા પવિત્ર જૈન દેરાસરની મુલાકાત લઈ દર્શન-અર્ચન કર્યા હતા.

ઈન્ડિયા ક્લબ ખાતે ઉપસ્થિત સમુદાયને સંબોધતા નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાત અને વિદેશમાં વસતા ગુજરાતીઓ વચ્ચેનો સંબંધ માત્ર ઔપચારિક ન રહેવો જોઈએ. તેમણે આહવાન કર્યું કે દર બે વર્ષે આવતા ડેલિગેશનના માત્ર સ્વાગત કરવાથી એક ડગલું આગળ વધીને સતત સંવાદ જળવાઈ રહે તેવું મજબૂત માળખું તૈયાર કરવું જરૂરી છે.

તેમણે ઉમેર્યું હતું કે કોબે અને જાપાનમાં વસતા ભારતીય સમુદાયે પોતાની વર્ષોની મહેનતથી સ્થાનિક સ્તરે જે વિશ્વાસ અને સન્માન પ્રાપ્ત કર્યું છે, તેનો લાભ ગુજરાતના સ્ટાર્ટઅપ્સ... સ્જીસ્ઈ અને નાના-મોટા ઉદ્યોગોને મળવો જોઈએ. સ્થાનિક સ્તરે એવું પ્લેટફોર્મ વિકસાવવામાં આવે કે જેથી ગુજરાતના ઉદ્યોગોને જાપાનમાં નવા વ્યાપારી ભાગીદારો અને બિઝનેસ તકો મળી શકે. આ દિશામાં ગુજરાતનો ઉદ્યોગ વિભાગ તેમજ ભારતીય દૂતાવાસ સંકલન સાધીને સંપૂર્ણ સહયોગ આપશે. આગામી દિવસોમાં આ સંયુક્ત પ્રયાસો થકી બંને પક્ષે નક્કર આર્થિક પરિણામો અને ભાગીદારી જોવા મળશે તેવો તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે વિદેશમાં રહીને પણ પોતાની માતૃભૂમિ અને વતન ગુજરાત સાથે સતત જોડાઈ રહેલા અને સામાજિક ક્ષેત્રે અવિરત યોગદાન આપતા પ્રવાસી ગુજરાતી પરિવારોની સેવાભાવનાને તેમણે બિરદાવી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત અગ્રણીઓ અને સમુદાયના સભ્યોએ નાયબ મુખ્યમંત્રીનું ઉષ્માભર્યું સ્વાગત કરી ગુજરાત સાથે વેપાર અને સાંસ્કૃતિક સંબંધો વધુ સુદ્રઢ બનાવવાની ખાતરી આપી હતી.

# ગુજરાતમાં વીજળીની માગમાં વધારો થતા વીજ તંત્ર સામે નવો પડકાર

## ઓક્ટોબરમાં અસહ્ય ગરમીના કારણે વીજવપરાશમાં વધારો થયો

ગાંધીનગર,

ગુજરાતમાં વીજળીની માગે નવો રેકોર્ડ બનાવતાં રાજ્યના વીજ તંત્ર સામે પુરવઠો જાળવી રાખવાનો આગામી દિવસોમાં પડકાર ઊભો થયો છે. માત્ર મહાનગર જ નહીં નાના શહેરોમાં પણ સામાન્ય રીતે ઉનાળામાં વીજળીની સૌથી વધુ માગ નોંધાતી હોય છે, પરંતુ આ વખતે ઓક્ટોબરમાં અસહ્ય ગરમીના કારણે વીજવપરાશમાં વધારો થયો છે. આ વધારો નોંધપાત્ર છે. રાજ્યની પીક ડિમાન્ડ ૨૯,૮૨૨ મેગાવોટ સુધી પહોંચી ગઈ છે. જે ઉનાળાના દિવસો કરતા વધારે હોવાનું માનવામાં આવે છે.

વધતી ઔદ્યોગિક પ્રવૃત્તિ, વાણિજ્યિક વપરાશ અને ડૉમેસ્ટિક વીજળીની જરૂરિયાતને આ વધારા પાછળનાં મુખ્ય કારણો ગણાવવામાં આવી રહ્યાં છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર દ્વારા વીજળી દરેક નાગરિક સુધી પહોચે એ માટે ઔદ્યોગિક એકમનોને થોડો બ્રેક મારવા માટે મંત્રી એ અપીલ કરી છે. બીજી તરફ કેન્દ્ર સરકાર સાથે વીજ પ્રાપ્યતા માટે સંકલન શરૂ કરવામાં આવ્યું છે. ગુજરાતમાં હાલ ૨૬.૬૦ ટકાના ઉછાળા સાથે વીજળીની માગ ૨૯,૮૨૨ મેગાવોટ પર પહોંચી છે. દિવસે તો રિન્યુએબલ એનર્જીથી જરુરિયાત પૂર્ણ થઈ રહી છે પરંતુ, સાંજે ૫ થી ૧૦ વાગ્યા દરમિયાન મુશ્કેલી સર્જાતા ઊર્જામંત્રીએ ઉદ્યોગોને આ સમય દરમિયાન વપરાશ ઘટાડવા અપીલ કરવામાં આવી છે.

# BIS સુરત શાખા કચેરી દ્વારા માનક ચિહ્ન વિના ઈન્ડક્શન મોટર્સના ઉત્પાદન સામે તપાસ અને જપ્તીની કાર્યવાહી

સુરત

ભારતીય માનક બ્યુરો (BIS)ની સુરત શાખા કચેરી દ્વારા તારીખ ૧૬ ઑક્ટોબર ૨૦૨૬ના રોજ મે. એન્જલ ઈન્ડસ્ટ્રિયલ ઈન્સ્ટ્રૂમેન્ટેશન, PL-89, દ્વારકેશ સોસાયટી, યુ.એમ. રોડ, સુરત, ગુજરાત - ૩૯૫૦૦૭ ખાતે ભારતીય માનક બ્યુરોના માનક ચિહ્ન વિના શ્રી-ફેઝ સ્કિવરલ-કેજ ઈન્ડક્શન મોટર્સનું કથિત રીતે ઉત્પાદન કરવામાં આવતું હોવાના સંદર્ભમાં તપાસ અને જપ્તીની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

કાર્યવાહી દરમિયાન પેઢી દ્વારા જરૂરી માનક ચિહ્ન વિના શ્રી-ફેઝ યિરલ-કેજ ઈન્ડક્શન મોટર્સનું ઉત્પાદન કરવામાં આવતું હોવાનું જણાયું હતું. આ કૃત્ય ભારતીય માનક બ્યુરો અધિનિયમ, ૨૦૧૬ તથા એનર્જી એફિશિયન્ટ ઈન્ડક્શન મોટર્સ- થી ફેઝ વિરલ કેજ (ક્વોલિટી કન્ટ્રોલ) ઓર્ડર, ૨૦૧૭ની જોગવાઈઓનું ઉલ્લંઘન છે.

ઉક્ત કાર્યવાહી દરમિયાન માનક ચિહ્ન વિનાની કુલ ૩૨ શ્રી-ફેઝ ઈન્ડક્શન મોટર્સ સ્થળ પર મળી આવી હતી, જેને જપ્ત કરવામાં આવી હતી.

BIS સુરત શાખા કચેરીના વડા અને નિયામક શ્રી વિક્રાંતના માર્ગદર્શન હેઠળ આ કાર્યવાહીનું નેતૃત્વ શ્રી ધનરાજ કરાડ, નાયબ નિયામક શ્રી નિર્ભય કુમાર, સહાયક નિયામક, તથા શ્રી ગૌરવ દાધે, SSA દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યવાહીમાં સુરતના ખટોદરા પોલીસ સ્ટેશનના કર્મચારીઓએ પણ સહયોગ આપ્યો હતો. તમામ બિનઅનુપાલનકારી વસ્તુઓને લાગુ પડતી પ્રક્રિયાઓ અનુસાર સીલ કરીને જપ્ત કરવામાં આવી છે. ભારતીય માનક બ્યુરો અધિનિયમ ૨૦૧૬ની જોગવાઈઓ હેઠળ ફરિયાદ ચલાવવા સહિતની વધુ કાનૂની કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

ભારતીય માનક બ્યુરો અધિનિયમ્, ૨૦૧૬ની કલમ 29(2) હેઠળ સંબંધિત જોગવાઈઓના ઉલ્લંઘન બદલ એક વર્ષ સુધીની કેદ અથવા ઓછામાં ઓછો ૧,૦૦,૦૦૦નો દંડ, જે સંબંધિત વસ્તુઓના મૂલ્યના પાંચ ગણા સુધી થઈ શકે છે. અથવા બંને સજાની જોગવાઈ છે, જે લાગુ પડતી હોય તે મુજબ- ફરજિયાત પ્રમાણન હેઠળ આવરી લેવામાં આવતા ઉત્પાદનોનું જરૂરી BIS લાઈસન્સ વિના ઉત્પાદન કરવાથી ગ્રાહકો ગેરમાર્ગે દોરાઈ શકે છે તથા સંભવિત સલામતી જોખમો ઊભા થઈ શકે છે.

# એકતાનગર ખાતે પ્રકાશ પર્વનો પ્રારંભ : ૭.૬ કિલોમીટરના વિસ્તારમાં થીમ આધારિત લાઈટિંગ



## સળંગ ત્રણ મહિના ચાલનાર એકતા પ્રકાશ પર્વનો મુખ્ય હેતુ થીમ આધારિત લાઈટિંગ દ્વારા એકતા, ભારતીય સંસ્કૃતિ અને દેશભક્તિની ભાવનાને ઉજાગર કરવાનો

એકતાનગર,

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતીની ઉજવણીના ભાગરૂપે એકતાનગર ખાતે આયોજિત 'એકતા પ્રકાશ પર્વ ૨૦૨૬'નો શુભારંભ કરવામાં આવ્યો હતો. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે આ પ્રકાશ પર્વ અંતર્ગત એકતાનગરનો ૭.૬ કિલોમીટરનો વિસ્તાર થીમ આધારિત લાઈટિંગથી ઝળહળી ઊઠશે. તા.૧૭ ઓક્ટોબર, ૨૦૨૬થી ૧૫ જાન્યુઆરી, ૨૦૨૭ સુધી સતત ત્રણ મહિના ચાલશે.

એકતા પ્રકાશ પર્વનો મુખ્ય હેતુ થીમ આધારિત લાઈટિંગ દ્વારા એકતા, ભારતીય સંસ્કૃતિ અને દેશભક્તિની ભાવનાને ઉજાગર કરવાનો છે. એકતાનગરના ૭.૬ કિલોમીટરના વિસ્તારમાં વિવિધ થીમ પર આધારિત રોશની પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનશે. રાત્રિના સમયે પ્રવાસીઓને આ લાઈટિંગ નિહાળવાનો અનોખો અનુભવ મળશે. આ આયોજનથી એકતાનગરમાં નાઈટ ટૂરિઝમને પણ પ્રોત્સાહન મળશે અને પ્રવાસીઓ માટે રાત્રિના પ્રવાસનનો નવો વિકલ્પ ઊભો થશે. એકતા પ્રકાશ પર્વના શુભારંભ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સરદાર વલ્લભભાઈ પટેલના એકતાના મંત્ર 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ને આગળ વધારી રહ્યા છે.

મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે ત્રણ મહિના સુધી ચાલનારા આ પ્રકાશ પર્વમાં દેશનાં વિવિધ રાજ્યોને એકસાથે જોડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આયોજનમાં દરેક રાજ્યની ખાણીપીણી, રહેણીકરણી અને સંસ્કૃતિનો અનુભવ પ્રવાસીઓને મળી રહે તે પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી છે. દેશના કોઈપણ રાજ્યમાંથી આવતા પ્રવાસીને એકતાનગરમાં પોતાના રાજ્ય જેવો અનુભવ થાય તે દિશામાં આયોજન કરાયું છે. તા. ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ એકતાનગર ખાતે યોજાનારી રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીની પૂર્વતૈયારીના ભાગરૂપે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મુખ્ય પરેડ સ્થળની મુલાકાત લીધી હતી. તેમણે ત્યાં ચાલી રહેલી તૈયારીઓ અને વિવિધ વ્યવસ્થાઓનું નિરીક્ષણ કર્યું હતું.

# મહર્ષિ અત્રિ તપોવન સ્કૂલના બાળકોએ વિશ્વ ખાદ્ય દિવસ નિમિત્તે ફિટનેસ અને 'ઝીરો હંગર'નો સંદેશ આપ્યો

## અમદાવાદમાં 'ફિટ ઈન્ડિયા – સન્ડેઝ ઑન સાયકલ'ની ૯૫મી આવૃત્તિનું સફળ આયોજન

અમદાવાદ

'ફિટ ઈન્ડિયા – સન્ડેઝ ઑન સાયકલ' (Fit India – Sundays on Cycle)ની ૯૫મી આવૃત્તિનું આજે સવારે ગાંધીનગર સ્થિત મહર્ષિ અત્રિ તપોવન સ્કૂલ ખાતે સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. ૧૬ ઑક્ટોબરે ઉજવાતા વિશ્વ ખાદ્ય દિવસના સંદર્ભમાં આયોજિત આ સાપ્તાહિક ફિટનેસ કાર્યક્રમની થીમ "વિશ્વ ખાદ્ય દિવસ: હવે પગલાં ભરો! ભૂખમરો સમાપ્ત કરો" (World Food Day: Act Now! End Hunger) રાખવામાં આવી હતી.

ફિટનેસ, સંતુલિત પોષણ અને 'ઝીરો હંગર' અંગે જાગૃતિ વિશ્વ ખાદ્ય દિવસ નિમિત્તે યોજાયેલા આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ શારીરિક સ્વાસ્થ્યની સાથે ટકાઉ ખાદ્ય પ્રણાલીઓ, સંતુલિત પોષણ અને 'ઝીરો હંગર' એટલે કે ભૂખમરો નાબૂદ કરવાના વૈશ્વિક લક્ષ્ય અંગે જાગૃતિ ફેલાવવાનો હતો. કાર્યક્રમ દ્વારા સ્વસ્થ જીવનશૈલી અપનાવવા અને ભૂખમરા સામે સામૂહિક પ્રયાસો કરવા માટે પ્રેરણા આપવામાં આવી હતી.

અધિકારીઓની ઉપસ્થિતિમાં સાયકલ રેલીને લીલી ઝંડી ભારતીય રમતગમત પ્રાધિકરણ (SAI) અને ફિટ ઈન્ડિયા પહેલ હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં સાઈના અધિકારીઓની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. સાઈના શ્રી બિનોય ડી.એસ., સહાયક હેન્ડબોલ કોચ, તથા શ્રી શેખર નિગમે સાયકલ રેલીને લીલી ઝંડી બતાવીને પ્રસ્થાન કરાવ્યું હતું.

આ પ્રસંગે મહર્ષિ અત્રિ તપોવન સ્કૂલના ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને સ્થાનિક યુવાનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સહભાગીઓએ સાયકલિંગ દ્વારા ફિટનેસ, સ્વસ્થ જીવનશૈલી અને સામાજિક જવાબદારીનો સંદેશ આપ્યો હતો.

બાળકો અને યુવાનોનો ઉત્સાહપૂર્ણ સહભાગ કાર્યક્રમ દરમિયાન બાળકોએ અને યુવાનોએ સાયકલિંગનો આનંદ માણવાની સાથે સક્રિય જીવનશૈલી પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા દર્શાવી હતી. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓની ભાગીદારીએ એ સંદેશ આપ્યો હતો કે ફિટનેસને દૈનિક જીવનનો હિસ્સો બનાવવો શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય બંને માટે જરૂરી છે. કાર્યક્રમની શરૂઆત સવારે ૬:૦૦ વાગ્યે નિર્ધારિત સમય મુજબ થઈ હતી. સાઈના અધિકારીઓ દ્વારા સાયકલ રેલીને લીલી ઝંડી બતાવ્યા બાદ સહભાગીઓએ નિર્ધારિત માર્ગ પર સાયકલિંગ કર્યું હતું.

# રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં ધી કાલુપુર કોમર્શિયલ કો- ઓપરેટિવ બેંક દ્વારા આનંદ અર્પણનો કાર્યક્રમ યોજાયો

## નાણાકીય સીમાઓથી ઉપર ઉઠીને કાલુપુર બેંકે માનવસેવાનું અદ્ભુત પુણ્યકાર્ય કર્યું છે; વિદ્યા, ધન અને બળનો સદઉપયોગ લોકકલ્યાણ માટે થવો જોઈએ




અમદાવાદ,

કાલુપુર કોમર્શિયલ કો-ઓપરેટિવ બેંક દ્વારા માનવસેવા અને પરોપકારના ઉત્કૃષ્ટ ભાવ સાથે 'આનંદ અર્પણનો'ના કાર્યક્રમનું ભવ્ય આયોજન પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઓડિટોરિયમ ખાતે કરવામાં આવ્યું હતું.

આ અવસરે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, ખરી માનવતા એ છે કે જે વ્યક્તિ પોતાની સાથે સાથે અન્ય લોકોની પણ ચિંતા કરે અને જરૂરિયાતમંદોના જીવનમાં ખુશીઓ લાવવાનો પ્રયાસ કરે.

રાજ્યપાલશ્રીએ બેંકના ચેરમેન શ્રી મિનેશભાઈ પટેલ અને તેમની સમગ્ર ટીમના આ માનવતાવાદી અભિગમની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે, બેંકો સામાન્ય રીતે આર્થિક પ્રવૃત્તિઓ અને નાણાકીય લેણદેણ સુધી સીમિત રહેતી હોય છે, પરંતુ કાલુપુર બેંકે પોતાના દૈનિક કાર્યોની સાથે ઘર-ઘર જઈને લોકો પાસે રહેલી બિનઉપયોગી કે વધારાની વસ્તુઓ જેવા કે કપડાં, વાસણો અને બાળકોના રમકડાં એકત્ર કરી જરૂરિયાતમંદો સુધી પહોંચાડવાનું જે અદ્ભુત પુણ્યકાર્ય કર્યું છે, તે સમગ્ર સમાજ માટે એક અનુકરણીય પ્રેરણાસ્ત્રોત છે.

# લીલીયા તાલુકામાં સમાવિષ્ટ કુલ ૮ સેજામાં મહેસૂલી તલાટીઓ હુકમ મુજબ ફરજરત રહેશે

અમરેલીઃ

લીલીયાના લીલીયા મોટા સેજામાં સમાવિષ્ટ ગામોના મહેસૂલી તલાટી સોમવાર થી બુધવાર લીલીયા મોટા મુકામે ઉપસ્થિત રહેશે.

ભોરીંગડા સેજામાં સમાવિષ્ટ ગામોના મહેસૂલી તલાટી સોમવાર થી બુધવાર ભોરીંગડા મુકામે, ગુરૂવારે મામલતદાર કચેરી-લીલીયા, શુક્રવાર અને શનિવારે સેજાના ગામોની ક્ષેત્રીય કામગીરી માટે ઉપસ્થિત રહેશે.

નાના લીલીયા સેજામાં સમાવિષ્ટ ગામોના મહેસૂલી તલાટી સોમવાર થી બુધવાર નાના લીલીયા મુકામે, ગુરૂવારે મામલતદાર કચેરી-લીલીયા, શુક્રવાર અને શનિવારે સેજાના ગામોની ક્ષેત્રીય કામગીરી માટે ઉપસ્થિત રહેશે.

હાથીગઢ સેજામાં સમાવિષ્ટ ગામોના મહેસૂલી તલાટી સોમવાર થી બુધવાર હાથીગઢ મુકામે, ગુરૂવારે મામલતદાર કચેરી-લીલીયા, શુક્રવાર અને શનિવારે સેજાના ગામોની ક્ષેત્રીય કામગીરી માટે ઉપસ્થિત રહેશે.

ગુંદરણ સેજામાં સમાવિષ્ટ ગામોના મહેસૂલી તલાટી સોમવાર થી બુધવાર ગુંદરણ મુકામે, ગુરૂવારે મામલતદાર કચેરી-લીલીયા, શુક્રવાર અને શનિવારે સેજાના ગામોની ક્ષેત્રીય કામગીરી માટે ઉપસ્થિત રહેશે.

સલડી સેજામાં સમાવિષ્ટ ગામોના મહેસૂલી તલાટી સોમવાર થી બુધવાર સલડી મુકામે, ગુરૂવારે મામલતદાર કચેરી-લીલીયા, શુક્રવાર અને શનિવારે સેજાના ગામોની ક્ષેત્રીય કામગીરી માટે ઉપસ્થિત રહેશે.

આંબા સેજામાં સમાવિષ્ટ ગામોના મહેસૂલી તલાટી સોમવાર થી બુધવાર આંબા મુકામે, ગુરૂવારે મામલતદાર કચેરી-લીલીયા, શુક્રવાર અને શનિવારે સેજાના ગામોની ક્ષેત્રીય કામગીરી માટે ઉપસ્થિત રહેશે.ક્રાંકસ સેજામાં સમાવિષ્ટ ગામોના મહેસૂલી તલાટી સોમવાર થી બુધવાર ક્રાંકસ મુકામે, ગુરૂવારે મામલતદાર કચેરી-લીલીયા, શુક્રવાર અને શનિવારે સેજાના ગામોની ક્ષેત્રીય કામગીરી માટે ઉપસ્થિત રહેશે તેમ લીલીયા મામલતદારની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# લાઠી તાલુકામાં સમાવિષ્ટ કુલ ૧૩ સેજામાં મહેસૂલી તલાટીઓ હુકમ મુજબ ફરજરત રહેશે

અમરેલીઃ લાઠીના આંબરડી સેજામાં સમાવિષ્ટ ગામોના મહેસૂલી તલાટી સોમવાર થી મંગળવાર આંબરડી મુકામે ઉપસ્થિત રહેશે. બુધવાર થી ગુરૂવાર મામલતદાર કચેરી, લાઠી તેમજ શુક્રવાર અને શનિવાર સેજાના ગામોની ક્ષેત્રીય કામગીરી માટે ઉપસ્થિત રહેશે.

ચાવંડ સેજામાં સમાવિષ્ટ ગામોના મહેસૂલી તલાટી સોમવાર થી મંગળવાર ચાવંડ મુકામે, બુધવારે દેરડી જાનબાઈ અને ગુરૂવારે મામલતદાર કચેરી-લાઠી, શુક્રવાર અને શનિવારે સેજાના ગામોની ક્ષેત્રીય કામગીરી માટે ઉપસ્થિત રહેશે.

શેખ પીપરીયા સેજામાં સમાવિષ્ટ ગામોના મહેસૂલી તલાટી સોમવાર થી મંગળવાર હરસુરપુર અને બુધવારે શેખ પીપરીયા મુકામે, ગુરૂવારે મામલતદાર કચેરી-લાઠી, શુક્રવાર અને શનિવારે સેજાના ગામોની ક્ષેત્રીય કામગીરી માટે ઉપસ્થિત રહેશે.

જરખીયા સેજામાં સમાવિષ્ટ ગામોના મહેસૂલી તલાટી સોમવાર થી મંગળવાર જરખીયા મુકામે, બુધવારે માલવીયા પીપરીયા, ગુરૂવારે મામલતદાર કચેરી-લાઠી, શુક્રવાર અને શનિવારે સેજાના ગામોની ક્ષેત્રીય કામગીરી માટે ઉપસ્થિત રહેશે.મતિરાળા સેજામાં સમાવિષ્ટ ગામોના મહેસૂલી તલાટી સોમવાર થી મંગળવાર મતિરાળા મુકામે, બુધવારે લુવારીયા, ગુરૂવારે મામલતદાર કચેરી-લાઠી, શુક્રવાર અને શનિવારે સેજાના ગામોની ક્ષેત્રીય કામગીરી માટે ઉપસ્થિત રહેશે.

આંસોદર સેજામાં સમાવિષ્ટ ગામોના મહેસૂલી તલાટી સોમવાર થી મંગળવાર આંસોદર, બુધવારે અકાળા મુકામે, ગુરૂવારે મામલતદાર કચેરી-લાઠી, શુક્રવાર અને શનિવારે સેજાના ગામોની ક્ષેત્રીય કામગીરી માટે ઉપસ્થિત રહેશે.

શાખપુર સેજામાં સમાવિષ્ટ ગામોના મહેસૂલી તલાટી સોમવાર થી મંગળવાર શાખપુર તેમજ બુધવારે ઈંગોરાળા અને ગુરૂવારે મામલતદાર કચેરી-લાઠી, શુક્રવાર અને શનિવારે સેજાના ગામોની ક્ષેત્રીય કામગીરી માટે ઉપસ્થિત રહેશે.

નાના રાજકોટ સેજામાં સમાવિષ્ટ ગામોના મહેસૂલી તલાટી સોમવાર થી મંગળવાર નાના રાજકોટ, બુધવારે ભુરખીયા મુકામે, ગુરૂવારે મામલતદાર કચેરી-લાઠી, શુક્રવાર અને શનિવારે સેજાના ગામોની ક્ષેત્રીય કામગીરી માટે ઉપસ્થિત રહેશે તેમ લીલીયા મામલતદારની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

ઠાંસા સેજામાં સમાવિષ્ટ ગામોના મહેસૂલી તલાટી સોમવાર થી મંગળવાર ઠાંસા, બુધવારે ધ્રુફણીયા મુકામે, ગુરૂવારે મામલતદાર કચેરી-લાઠી, શુક્રવાર અને શનિવારે સેજાના ગામોની ક્ષેત્રીય કામગીરી માટે ઉપસ્થિત રહેશે તેમ લીલીયા મામલતદારની યાદીમાં જણાવવામાં આવ્યું છે.ધામેલ સેજામાં સમાવિષ્ટ ગામોના મહેસૂલી તલાટી સોમવાર થી મંગળવાર ધામેલ, બુધવારે ભટવદર મુકામે, ગુરૂવારે મામલતદાર કચેરી-લાઠી, શુક્રવાર અને શનિવારે સેજાના ગામોની ક્ષેત્રીય કામગીરી માટે ઉપસ્થિત રહેશે તેમ લીલીયા મામલતદારની યાદીમાં જણાવવામાં આવ્યું છે.કસ્બા તલાટી લાઠી-૧ અને ૨ સેજામાં મહેસૂલી તલાટી સોમવાર થી શનિવાર સુધી મામલતદાર કચેરી-લાઠી, ખાતે ઉપસ્થિત રહેશે અને કામગીરી કરશે.

કસ્બા તલાટી-દામનગર સેજામાં મહેસૂલી તલાટી સોમવાર થી બુધવાર અને શુક્રવાર થી શનિવાર સુધી નગરપાલિકા કચેરી દામનગર, તેમજ ગુરૂવારે મામલતદાર કચેરી-લાઠી ખાતે ઉપસ્થિત રહીને ફરજરત રહેશે તેમ લાઠી મામલતદારની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ઉનાના હેત ઝાલેરાએ ચેસમાં જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવ્યું

## ખેલ મહાકુંભ-૨૦૨૬ની અંડર-૧૧ સ્પર્ધામાં ફિડે રેટેડ ખેલાડીએ જીત મેળવી



(કૈલેશ ભટ્ટ દ્વારા) ઉનાઃ

ખેલ મહાકુંભ-૨૦૨૬ અંતર્ગત તાલાલામાં યોજાયેલી જિલ્લા કક્ષાની અંડર-૧૧ ચેસ સ્પર્ધામાં ઉનાના હેત ગૌતમકુમાર ઝાલેરાએ પ્રથમ સ્થાન મેળવ્યું છે. તેણે ગીર સોમનાથ જિલ્લામાં ટોચનું સ્થાન પ્રાપ્ત કરી ઉના તાલુકાનું ગૌરવ વધાર્યું છે. નાની ઉંમરનો હેત ફિડે રેટેડ ખેલાડી છે. તેણે પોતાની બુદ્ધિ અને એકાગ્રતાથી અન્ય ખેલાડીઓને હરાવી આ વિજેતા પદ હાંસલ કર્યું. આ સિદ્ધિ બદલ તેને 'જિલ્લા વિજેતા પ્રમાણપત્ર' આપી સન્માનિત કરાયો.

હેતની સફળતા પાછળ તેના માતા-પિતાની સખત મહેનત પણ છે. તેના માતા અને પિતા બંને તલાટી તરીકે સરકારી ફરજ બજાવે છે. વ્યસ્તતા છતાં, તેઓ પુત્રને ચેસમાં આંતરરાષ્ટ્રીય સ્તરે આગળ વધારવા પ્રયાસ કરી રહ્યા છે. નાની ઉંમરે આ સિદ્ધિ મેળવી હેતે અન્ય વિદ્યાર્થીઓ માટે પ્રેરણા પૂરી પાડી છે. તેના પરિવારજનો, શિક્ષકો અને મિત્રો તરફથી તેને અભિનંદન મળી રહ્યા છે. નાની ઉંમરે આ સિદ્ધિ મેળવી હેતે અન્ય વિદ્યાર્થીઓ માટે પ્રેરણા પૂરી પાડી છે. તેના પરિવારજનો, શિક્ષકો અને મિત્રો તરફથી તેને અભિનંદન મળી રહ્યા છે.

# દિવેલાના ઊભા પાકમાં ચૂસિયા પ્રકારની જીવાતોના સંકલિત વ્યવસ્થાપન માટે લેવાના પગલાં

## જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા ઉપાયો સૂચવાયા



અમરેલીઃદિવેલાનું વાવેતર કરતા ખેડૂતો માટે ખેતીવાડી શાખા દ્વારા વિશેષ માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે. યાદીમાં જણાવ્યા મુજબ, દિવેલાના ઊભા પાકમાં ચૂસિયા પ્રકારની જીવાતોના સંકલિત વ્યવસ્થાપન માટે ખેડૂતોએ જરૂરી તકેદારી અને ઉપાયો કરવા હિતાવહ છે.

ચૂસિયા પ્રકારની જીવાતોની હાજરી જાણવા માટે વાવણી બાદ એક મહિને પીળા ચીકણા પિંજર ૧૦ પ્રતિ હેક્ટર લગાવવા, જેથી સમયસર નિયંત્રણનાં પગલાં ભરી શકાય. ચૂસિયા પ્રકારની જીવાતોના ઉપદ્રવ સમયે લીબોળીનું તેલ ૫૦ મિ.લિ. અથવા એઝાડીરેક્ટીન યુક્ત ૧૫૦૦ પીપીએમ દવા ૫૦ મિ.લિ. સાથે ૧૦૦ મિ.લિ. તેલિયા સાબુનું સંતૃપ્ત દ્રાવણ / ૧૦ લિટર પાણી સાથે ઉમેરી છંટકાવ કરવો. આ ઉપરાંત, જૈવિક નિયંત્રણ માટે લેકાનીસીલીયમ લેકાની અથવા બ્યુવેરિયા બેસિયાના ફૂગનાશક પાવડર ૪૦ ગ્રામ પ્રતિ ૧૦ લિટર પાણીમાં ઉમેરી ઉપદ્રવ સમયે છંટકાવ કરવો.

તદુપરાંત તડતડિયાં અને થ્રિપ્સ તેમજ પાન કોરીયાના નિયંત્રણ માટે શોષક પ્રકારની દવાઓ જેવી કે ઈમિડાક્લોપ્રિડ ૧૭.૮ એસએલ ૪ મિ.લિ., ફિપ્રોનિલ ૫ ટકા એસસી ૪ મિ.લિ. અને થાયામેથોક્ઝામ ૨૫ ડબલ્યુજી ૪ ગ્રામ પ્રતિ ૧૦ લિટર પ્રમાણે છંટકાવ કરવો. જ્યારે સફેદમાખીના નિયંત્રણ માટે લીમડાની લીબોળીનું તેલ ૫૦ મિ.લિ. અથવા એસિટામાપ્રિડ ૨૦ એસપી ૩ ગ્રામ દવા ૧૦ લિટર પાણીમાં ઉમેરી છંટકાવ કરવો.

વધુમાં દવાનો વપરાશ કરતી વખતે દવા ઉપર આપવામાં આવેલ લેબલ મુજબ જે તે પાક માટે આપવામાં આવેલા ડોઝ અને જે તે રોગ કે જીવાત માટેની ભલામણ મુજબની જ દવા વાપરવા ખેડૂતોને અનુરોધ કરાયો છે.

આ અંગે વધુ જાણકારી માટે આપના વિસ્તારના ગ્રામસેવક, વિસ્તરણ અધિકારી, ખેતી અધિકારી, તાલુકા અમલીકરણ અધિકારી, મદદનીશ ખેતી નિયામક, જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) કે નાયબ ખેતી નિયામક (તાલીમ)નો સંપર્ક કરવા જણાવાયું છે.

# અમરેલી જિલ્લામાં ફોટાવાળી મતદાર યાદીઓનો ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૨૭ જાહેર

## તા. ૧ જાન્યુઆરી, ૨૦૨૭ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદાર યાદીમાં નામ નોંધાવવા તથા વિગતોમાં સુધારા કરાવવા નાગરિકોને અપીલ





અમરેલીઃ

ભારતના ચૂંટણી પંચ દ્વારા તા. ૦૧ જાન્યુઆરી, ૨૦૨૭ની લાયકાતની તારીખના સંદર્ભમાં ફોટાવાળી મતદારયાદીઓનો ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૨૭ જાહેર કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમ અંતર્ગત અમરેલી જિલ્લાના લાયકાત ધરાવતા નાગરિકો મતદારયાદીમાં પોતાના નામની નોંધણી કરાવી શકશે તેમજ મતદારયાદીમાં નામ ધરાવતા મતદારો પોતાની વિગતોમાં જરૂરી સુધારા કરાવી શકશે.

ભારતના ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવેલા કાર્યક્રમ અનુસાર, મતદાન મથકોના રેશનલાઈઝેશન/રી-એરેજમેન્ટની કામગીરી તા. ૦૨ નવેમ્બર, ૨૦૨૬ (સોમવાર) સુધીમાં પૂર્ણ કરવાની રહેશે. ત્યારબાદ તા. ૧૨ નવેમ્બર, ૨૦૨૬ (શનિવાર)ના રોજ સંકલિત મતદારયાદીની મુસદ્દાની પ્રસિદ્ધિ કરવામાં આવશે. મુસદ્દાની પ્રસિદ્ધિ બાદ તા. ૧૨ નવેમ્બર, ૨૦૨૬ (શનિવાર)થી તા. ૧૧ ડિસેમ્બર, ૨૦૨૬ (શુક્રવાર) સુધી હક્ક-દાવા તથા વાંધા અરજીઓ રજૂ કરી શકાશે. હક્ક-દાવા અને વાંધા અરજીઓનો નિકાલ તા. ૨૮ ડિસેમ્બર, ૨૦૨૬ (સોમવાર) સુધીમાં કરવામાં આવશે. ત્યારબાદ તા. ૦૪ જાન્યુઆરી, ૨૦૨૭ (સોમવાર)ના રોજ આખરી મતદારયાદી પ્રસિદ્ધ કરવામાં આવશે.

તા. ૦૧ જાન્યુઆરી, ૨૦૨૭ના રોજ લાયકાત ધરાવતા અમરેલી જિલ્લાના તમામ નાગરિકો મતદારયાદીમાં પોતાના નામની નોંધણી કરાવે તેમજ મતદારયાદીમાં નામ ધરાવતા નાગરિકો પોતાની વિગતોમાં જરૂરી સુધારા કરાવે તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે. ખાસ કરીને મતદારયાદીમાં નામ નોંધાવવાનું બાકી હોય તેવા યુવા નાગરિકો આ કાર્યક્રમનો લાભ લઈને મતદારયાદીમાં પોતાના નામની નોંધણી કરાવે તે જરૂરી છે.

મતદારયાદી સંબંધિત વધુ માહિતી અને માર્ગદર્શન મેળવવા માટે નાગરિકો ભારતના ચૂંટણી પંચના ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર ૧૯૫૦ પર સંપર્ક કરી શકશે. તેમ અમરેલી જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી અમરેલીએ એક યાદીમાં જણાવ્યું છે.

# ઊનાનાં નાગર ચોક વિસ્તારમાં ગુરૂ મંદિર કન્કેશ્વરી મહાપીઠ

## માતાજીનાં ચરણ પગલા આજે પણ મંદિરમાં જોવા મળી રહ્યાં છે





(કૈલેશ ભટ્ટ દ્વારા) ઉનાઃ

ઊનાનાં નાગર ચોક વિસ્તારમાં ગુરૂ મંદિર કન્કેશ્વરી મહાપીઠ માતાજીના સાનિધ્યમાં પરંપરાગત પ્રાચીન ગરબા નાની બાળાઓ ગરબા રમે છે. ૪૦૦ વર્ષ જૂની માતાજીની મુર્તિની સ્થાપના બાદ માતાજી પોતે ગરબે રમવા આવ્યાં હતા, જેના ચરણ પાદુકા હાલ જોવા મળે છે. કન્કેશ્વરી મહાપીઠ માતાજીના સાનિષ્યમાં છેલ્લા ૫૨ વર્ષથી વધુસમયથી માતાજીની સ્થાપના કરાઈ છે. આવી નવરાત્રીના નવ દિવસ નોરતામાં પરંપરાગત પ્રાચિન ગરબા કુવારીકા નાના બાળકોને ગરબા રમાડવમાં આવે છે.

અહી સેવા પુજા કરતા કિશનભાઈ જોષીએ જણાવેલ હતું કે આ કન્કાઈ માતાજીની મૂર્તિ ગીર જંગલમાં કન્કાઈ માતાજીની આ મુર્તિ સહેજ ખંડીત થયેલ હોવાથી ત્યાંના સ્થાનિક લોકો દ્વારા મૂર્તિને બહાર મુકી દેવામાં આવી હતી. જેવી આકાશ અને જમીન વચ્ચે ખુલ્લામાં આ મૂર્તિ પડેલ હતી. ત્યારે મહારાષ્ટ્ર અકલકોટના ગુરૂ ગજાનંદ મહારાજને આદેશ થતા તેમના શિષ્ય ઊના રહેતાં હીરાલાલ ગાંધીને જણાવેલ કે તમારા કુળદેવી કન્કાઈ માતાજીની મૂર્તિને ઊના લઈ આવવા જણાવેલ હતું. જેથી હિરાલાલ ગાંધી દ્વારા આ મૂર્તિને ધામધૂમ થી આહીં લાવી વિધીવત સ્થાપના કરવામાં આવી હતી. સ્થાપના બાદ નવરાત્રિની શરદ પુનમના દિવસે મોડી રાત્રીના સમયે માતાજીના મંદિરમાં જાલરો વાગવા લાગી હતી. જેથી આસપાસના લોકો મે જાગી મંદિરમાં જોતા જાલરો વાલતા જોઈ દ સૌકોઈ આશ્ચર્યમાં મુકાયા હતા. અને રાત્રિનાં મંદિરમાં પ્રવેશ કરતા કન્કાઈ માતાજીના ગરબે રમવા આવ્યા હતા. અને તેના પાદુકા ચરણ પગલા પણ આજની તારીખે મંદિરમાં જોવા મળી રહ્યાં છે.

કન્કાઈ માતાજી દિવસમાં ત્રણવાર રૂપ બદલે છે હાલ કન્કાઈ માતાજી દિવસમાં ત્રણવાર અલગ અલગ રૂપ બદલતા જોવા મળે છે. અને જે કોઈ શ્રધાળુ માતાજીને મનથી માનતા માને છે તેની હર મનોકામના પુર્ણ કરે છે. મંદિરમાં માતાજીની રોજ સેવા પૂજા આરતી કિશનભાઈ જોષી,

ભજીતભાઈ જોશી પરીવાર દ્વારા કરવામાં આવે છે. ૪૦૦ વર્ષ જૂની માતાજીની મુર્તિ છેઃ ભારતીબેન

મંદિરના સેવક ભારતીબેન જોષીએ જણાવ્યું હતું કે ૪૦૦ વર્ષ જૂની કન્કાઈ માતાજીની મુર્તિ છે તે ગાંધી પરીવાર, ઉનેવાળ, બાંભણીયા પરીવારના કુળદેવી હતા. હાલમાં મંદિરે નવરાત્રીના નવ દિવસ સુધી કુવારીકા નાની બાળોઓને પરંપરાગત પ્રાચિન ગરબા રમાડવામાં આવે છે. અહી શ્રી જે જે કોઈ માતાજીની માનતા માને છે તેની હર મનોકામના પુરી કરે છે.

# જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ





## જિલ્લા પંચાયત પ્રમુખ દક્ષાબહેન ચોડવડિયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા અન જે.વી. કાકડિયાની ઉપસ્થિતિ

અમરેલીઃ

અમરેલી જિલ્લા કલેક્ટરશ્રી વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષસ્થાને તેમજ જિલ્લા પંચાયત પ્રમુખશ્રી દક્ષાબહેન ચોડવડિયા, ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલા અને શ્રી જે.વી. કાકડિયાની પ્રેરક ઉપસ્થિતિમાં જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ હતી.

બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી દક્ષાબહેન ચોડવડિયા દ્વારા સાવરકુંડલા તાલુકાના સીમરણવાડી ખાતે સીમરણ, જીરા, બોરાળા, કરજાળા અને નવા ચરખા એમ પાંચ ગામના નાગરિકોના લાભાર્થે એસ.ટી.ની એક્સપ્રેસ બસને સ્ટોપેજ આપવાની કરવામાં આવેલી માંગણીનું હકારાત્મક નિરાકરણ આવ્યું હતું. સાવરકુંડલાના ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલાની રજૂઆતને પગલે સાવરકુંડલા માર્કેટિંગ યાર્ડના ખેડૂતોને બેંકમાંથી પૂરતી રોકડ રકમ મળી રહે તે માટે લીડ બેંક મેનેજરશ્રીને જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી. આ ઉપરાંત, સાવરકુંડલામાં ગેસ કનેક્શનધારકોને પડતી મુશ્કેલીઓ દૂર કરવા માટે નવી ગેસ એજન્સી શરૂ કરવાની પ્રક્રિયા તાત્કાલિક હાથ ધરવા જિલ્લા કલેક્ટરશ્રીએ સૂચના આપી હતી.

ધારાસભ્યશ્રી જે.વી. કાકડિયાએ રજૂ કરેલા પ્રશ્નોના સંદર્ભમાં બગસરા તાલુકાની ગૌચર જમીનમાં ઊગી નીકળેલા ગાંડાબાવળ દૂર કરવા માટે તાત્કાલિક કામગીરી હાથ ધરવા જિલ્લા કલેક્ટરશ્રીએ સૂચના આપી હતી. આ ઉપરાંત, ધારાસભ્યશ્રી જે.વી. કાકડિયાની રજૂઆતને પગલે વિદ્યાર્થીઓના હિતમાં ધારી તાલુકામાંથી જંગલ માર્ગે પસાર થતા એસ.ટી.ના બંધ રૂટ ફરી શરૂ કરવા અંગે સમીક્ષા કરવા વિભાગીય નિયામકશ્રી, ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ (જી.એસ.આર.ટી.સી.)ને સૂચના આપવામાં આવી હતી.

જિલ્લા કલેક્ટરશ્રી વિકલ્પ ભારદ્વાજે નાગરિકોના પ્રશ્નોનું હકારાત્મક નિરાકરણ આવે તે માટે સંબંધિત કચેરીઓના વડાઓને પરસ્પર સંકલન સાધીને જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપી હતી. બેઠકમાં જિલ્લાના જનપ્રતિનિધિઓ દ્વારા રજૂ કરવામાં આવેલા પ્રશ્નોનું આંતરવિભાગીય સંકલન દ્વારા હકારાત્મક નિરાકરણ લાવવા અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠકમાં જિલ્લા પંચાયતની સામાજિક ન્યાય સમિતિના ચેરમેનશ્રી ડેનીભાઈ પરમાર દ્વારા રજૂ કરવામાં આવેલા પ્રશ્નોના સંદર્ભમાં પણ જિલ્લા કલેક્ટરશ્રીએ સંબંધિત વિભાગોને જરૂરી સૂચનાઓ આપી હતી.

આ બેઠકમાં જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી સંજય ખરાત, નિવાસી અધિક કલેક્ટરશ્રી એ.એ.ડોડિયા, અમરેલીના પ્રાંત અધિકારીશ્રી જાડેજા, સાવરકુંડલાના પ્રાંત અધિકારીશ્રી ઝીલ પટેલ, રાજુલાના પ્રાંત અધિકારીશ્રી અક્ષર વ્યાસ, લાઠીના પ્રાંત અધિકારીશ્રી ચૌહાણ, ધારીના પ્રાંત અધિકારીશ્રી ચાવડા, નાયબ કલેક્ટર (સ્ટેમ્પ ડ્યુટી) શ્રી દેસાઈ, જિલ્લા પુરવઠા અધિકારીશ્રી કુંભાણી સહિત વિવિધ કચેરીઓના વડાઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર બેઠકનું સંચાલન નિવાસી અધિક કલેક્ટરશ્રી એ.એ. ડોડિયાએ કર્યું હતું.

# ટેકાના ભાવે ખરીફ પાકોના વેચાણ માટે ઓનલાઈન નોંધણીની મુદત ૨૪ ઓક્ટોબર સુધી લંબાવાઈ

## કાગળો સાથે નોંધણી કરાવી લેવા જિલ્લા ખેતીવાડી અધિકારીનો અનુરોધ

અમરેલીઃ રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭માં ખરીફ ઋતુના પાકો જેવા કે મગફળી, મગ, અડદ અને સોયાબીનની પ્રાઈઝ સપોર્ટ સ્કીમ હેઠળ ટેકાના ભાવે ખરીદીનું આયોજન કરવામાં આવ્યું છે . આ ખરીદી અંતર્ગત ખેડૂતોની ઓનલાઈન નોંધણી પ્રક્રિયા અગાઉ તા. ૧૦-૦૯-૨૦૨૬ થી તા. ૦૯-૧૦-૨૦૨૬ દરમિયાન હાથ ધરવામાં આવી હતી. વધુ ખેડૂતો આ યોજનાનો લાભ લઈ શકે તે હેતુથી ભારત સરકારશ્રીના 'PM-AASHA Procurement Protal' (https://esamridhi.da.gov.in) પર ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રો ખાતેથી ફઝઈ મારફતે કરવામાં આવતી ખેડૂતોની ઓનલાઈન નોંધણીની મુદત હવે આગામી તા. ૨૪/૧૦/૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. ટેકાના ભાવે પાકનું વેચાણ કરવા ઈચ્છતા જિલ્લાના તમામ સંબંધિત ખેડૂતોએ જરૂરી તમામ સાધનિક કાગળો સાથે સમયમર્યાદામાં ઓનલાઈન નોંધણી કરાવી લેવા જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# વડાવિયાળા ગામે ગણિત -વિજ્ઞાન તથા પર્યાવરણ પ્રદર્શન યોજાયું

(કૈલેશ ભટ્ટ દ્વારા) ઉનાઃ ગીર ગઢડા તાલુકા ના વડાવિયાળા ગામેગામે આવેલ જે. એન. ઠાકર હાઈસ્કૂલ મા તાલુકા કક્ષા નો ગણિત,- વિજ્ઞાન તથા પરિયાવરણ પ્રદર્શન યોજાયું હતું.પ્રદર્શન નો પ્રારંભ ગીર સોમનાથ જિલ્લા પંચાયત ના શિક્ષણ સમિતિ ના ચેરમેન દ્વારકાદાસ દોમડીયા એ દીપ પ્રગટાવી કરેલ હતો. ગીર ગઢડા તાલુકા ની ગ્રાન્ટેડ, નોન ગ્રાન્ટેડ, તથા ઈસ્જીછ ની માધ્યમિક, ઉચ્ચતર



માધ્યમિક શાળા મા અભ્યાસ કરતા બાળકો એ ૫૫ થી વધુ કૃતિઓ રજુ કરી હતી.ભાગ લેનાર તમામ સ્પર્ધાકો ને પ્રમાણ પત્ર અને પ્રોત્સાહન ઇનામો આપવામાં આવેલ હતા

સૌરાષ્ટ્ર આસપાસ

Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Narayan Arcde, Nr.Old Bus Stand, Amreli. Res.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## ગ્રીન કાર્ડનું સપનું: પેરેડાઇઝ લોસ્ટ

અમેરિકા જઈને લાખો ડોલર કમાવવાનું સપનું દરેક યુવાન ભારતીય એન્જિનિયર જુએ છે. પરંતુ છેલ્લા બે વર્ષમાં આ સપનું ઝડપથી તૂટી રહ્યું હોય તેવું લાગે છે. વધુ પગાર, સારી જીવનશૈલી અને ઉજ્જવળ ભવિષ્યની આશાએ અમેરિકા ગયેલા હજારો ભારતીય ટેક પ્રોફેશનલ્સ હવે પાછા ભારત ફરી રહ્યા છે. આ કોઈ સામાન્ય ઘટના નથી, પરંતુ એક મોટો બદલાવ છે.ભરતી અને રોજગાર ક્ષેત્રની જાણીતી કંપની એક્સફેનોના આંકડા ચોંકાવનારા છે. વર્ષ ૨૦૨૩ માં અમેરિકાથી ભારત પરત ફરનારા ટેક પ્રોફેશનલ્સની સંખ્યા ૭,૨૦૦ હતી. ૨૦૨૪ માં આ સંખ્યા વધીને ૯,૮૦૦ થઈ. ૨૦૨૫ માં તો આ આંકડો ૧૫,૧૦૦ ની સપાટીએ પહોંચી ગયો હતો, જે એક વિક્રમ હતો. હવે ૨૦૨૬ ના માત્ર નવ મહિનામાં જ, એટલે કે જાન્યુઆરીથી સપ્ટેમ્બર સુધીમાં, લગભગ ૧૨,૭૦૦ લોકો ભારત પરત ફરી ચૂક્યા છે. જો આ જ ગતિ ચાલુ રહેશે તો આ વર્ષના અંત સુધીમાં ગયા વર્ષનો વિક્રમ પણ તૂટી જશે.આ આંકડામાં માત્ર ૐ-૧મ વિઝા ધારકો જ નથી. તેમાં એવા તમામ વ્હાઈટ-કોલર કર્મચારીઓનો સમાવેશ થાય છે જેઓ ભારત અને અમેરિકા વચ્ચે કામ અર્થે આવન-જાવન કરતા હતા. એ નોંધવું પણ જરૂરી છે કે આ જ સમયગાળામાં ભારતથી અમેરિકા જનારાઓની સંખ્યા ૧૪,૫૦૦ છે. એટલે કે હજુ પણ અમેરિકા જનારાઓની સંખ્યા થોડી વધારે છે, પરંતુ જનારા અને પરત ફરનારાઓ વચ્ચેનું અંતર ખૂબ જ ઘટી ગયું છે.સવાલ એ છે કે આ વાપસી પાછળનું કારણ શું છે? તેના મુખ્ય ત્રણ કારણો છે. પહેલું કારણ છે અમેરિકાની બદલાતી વિઝા નીતિ. ૐ-૧મ વિઝાને લઈને સતત અનિશ્ચિતતા પ્રવર્તે છે. ગ્રીન કાર્ડની પ્રક્રિયા વર્ષો સુધી લંબાય છે અને ઘણીવાર -૧૪૦ જેવી અરજીઓ રદ પણ થઈ જાય છે. બીજું કારણ છે ટેક કંપનીઓમાં થઈ રહેલી મોટા પાયે છટણી. નોકરી જતી રહે તો વિઝા પર રહેતા વ્યક્તિ પાસે થોડા જ દિવસોનો સમય હોય છે. ત્રીજું કારણ છે અમેરિકામાં વધતો જીવન-નિર્વાહ ખર્ચ.આ પરિસ્થિતિ કેટલી ગંભીર છે તેનું એક ઉદાહરણ ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના એક અહેવાલમાં જોવા મળે છે. કિરણ નામના એક યુવકની વાત લો. તે સાડા છ વર્ષથી ડલાસમાં રહેતો હતો અને વાર્ષિક ૯૯,૦૦૦ ડોલર કમાતો હતો. તેના ગ્રીન કાર્ડની અરજી રદ થતાં જ તેને રાતોરાત અમેરિકા છોડવું પડ્યું. તે ભાડાના મકાનનું આઠ મહિનાનું લીઝ બાકી હતું, જેના દર મહિને ૧૮૦૦ ડોલર ભરવા પડે તેમ હતા. નોકરી વગર આટલું ભાડું ભરવું શક્ય નહોતું. પરિણામે તેને પોતાની કાર સ્ક્રેપયાર્ડમાં મૂકવી પડી અને ઘરનો સામાન ફેંકી દેવો પડ્યો. આજે તે હૈદરાબાદમાં ૩૫ લાખના પેકેજ પર નોકરી કરે છે.કિરણ જેવા અનેક લોકો છે. ટેક્સાસના સેલિના, ફ્રિસ્કો, મેલિસા અને મેકિની જેવા વિસ્તારોમાં ભારતીયોએ ખરીદેલા અનેક મકાનો આજે ખાલી પડ્યા છે. આ જ સ્થિતિ ડલાસ, કેલિફોર્નિયા અને વોશિંગ્ટન ડીસીમાં પણ જોવા મળે છે. અમેરિકામાં કાનૂની દરજ્જો ન હોય તો પણ કોઈપણ વ્યક્તિ મિલકત ખરીદી શકે છે. તેજીના સમયમાં ઊંચા ભાવે મકાન લીધા પછી હવે તેઓ ખોટ ખાઈને વેચવા માંગે છે, પરંતુ ખરીદનાર મળતું નથી.આનું સીધું પરિણામ ફોરક્લોઝરમાં દેખાય છે.

# માનવ શરીર માટે આનંદ એ રસાયણોનું સંયોજન માત્ર છે

વિકાસ અને વિકલ્પ

-ડૉ. નાનક ભટ્ટ

માનવશરીરની રચના વિષયે વિજ્ઞાને ઠીક ઠીક રહસ્યો ઉકેલ્યા છે. ફ્રેન્ચ રસાયણ વૈજ્ઞાનિક લેવોઈસિયરે પૃથ્વી ઉપરના તમામ જૈવિક પદાર્થોને ૨૩ રાસાયણિક ગુણધર્મમાં વહેંચી વર્ષ ૧૮૯૩માં પ્રથમ વખત જણાવ્યું કે, જગત એક રાસાયણિક પરિમાણ છે. તે દિશાના બીજા એક નોબેલ સન્માનિત વિજ્ઞાની જેરોમ એલેક્ઝાન્ડર એ તથ્યો દ્વારા પ્રતિપાદિત કર્યું છે કે જીવનનું અસ્તિત્વ અને વિકાસક્રમ રાસાયણિક પ્રક્રિયા છે. ૨૧% કાર્બન, ૯% હાઈડ્રોજન, ૬૨% ઓક્સિજન અને ૩૦% નાઈટ્રોજન ઉપરાંત ૫% માં કેલ્શિયમ, ફોસ્ફરસ, આયોડિન, બેરિયમ તેમજ લિથિયમ પ્રકારના ૫૫થી વધુ તત્વો મનુષ્ય દેહમાં રહેલા છે.

૭૦ કિલો વજન ધરાવતા સ્વસ્થ માણસના શરીરમાં હાઈડ્રોજન અને ઓક્સિજન સ્વરૂપે ૧૦ ગેલન પાણી હોય છે. શરીરમાં ૯૦૦૦ પેન્સિલ માટે સળી બનાવી શકાય તેટલો કાર્બન, ૨૨૦૦ દીવાસળીના ટોપકાં ઉપર લગાવી શકાય તેટલો ફોસ્ફરસ અને એક ચોરસ ઘન મીટરને ધોળ કરી શકાય તેટલું કેલ્શિયમ (ચૂનો) હોય છે. શરીરના લોહીમાં વહેતા આયર્નને એકત્ર કરવામાં આવે તો ૨૨ મીલી મીટર લંબાઈની એક લોખંડની ખીલી બની શકે છે. આમ શરીરને ટકાવી રાખતા હાડકાં, હલનચલન આપતા સ્નાયુઓ અને પેશીઓ, લોહી દ્વારા જળવાતું તાપમાન અને ઉર્જા, મનુષ્યના શરીરને ઢાંકતી ત્વચા, માંસ, ચરબી, રસાયણોનું જ સંયોજન છે. જીવન વિજ્ઞાન કહે છે તમામ સજીવ પ્રાણીના વિકાસને ટકાવવા માટે રસાયણ કારણરૂપ તત્વ છે અને આથી જ હવે કોસ્મિક કેમેસ્ટ્રી જેવો નવો શબ્દ વધુ ને વધુ સમજ માં આવી રહ્યા છે. જીવન કોષ (જીન્સ)ની સંરચનાને ૯૦થી વધુ રંગસૂત્રમાં વિભાજિત કરનાર સૂક્ષ્મદર્શક યંત્રો દ્વારા સાબિત થયું છે કે, પૃથ્વી ઉપરના તમામ ધર્મ, કોમ, સંપ્રદાયના મનુષ્યોની જેનેટિકલ કેમેસ્ટ્રી ૧૦૦% સમરૂપ છે. વ્યક્તિ વૈશ્વિક મહાસત્તાનો અધિપતિ હોય કે રસ્તે ચાલતો ભિખારી હોય, જેને દિવ્ય આત્મા-અવતારી પુરુષ તરીકે પુજવામાં આવતા હોય કે હોસ્પિટલના ખાટલે દર્દીથી પીડાતો માણસ હોય, અનેક પદવી-હોદ્દા કે સન્માનોથી નવાજીશ વિદ્વાન હોય કે પછી ડુંગરમાં ઘેટાં-બકરા ચારતો ગોવાળ હોય જૈવિક રંગ સૂત્ર અનુસાર મનુષ્ય દેહે બધા જ એક સરખા જ ગુણધર્મ ધરાવે છે.

માનવશરીરમાં રહેતા મુખ્ય ૬૦ રસાયણો અને તેમાંથી સજાતાં ૩૬૦૦ સંયોજનો વિષયે આધારભૂત અવલોકનો હજુ પણ જાણી શકાતા નથી. પરંતુ એક વાતે સહુ સહમત છે કે રસાયણોની માત્રામાં અ-સમતુલાન ઉદભવતા જ શરીરમાં રોગોનો ઉદભવ થાય છે. જેને ડાક્ટરી વિજ્ઞાન ફીઝીયોલોજીકલ ડીસઓર્ડર તરીકે જાણે છે.

માનવશરીરની બીજી એક અદભૂત સંરચના મસ્તિષ્ક છે. જે સમગ્ર શરીરના કેમિકલને બેલેન્સ કરવાનું કામ કરે છે. એટલું જ નહીં પણ દારૂ, તંબાકુ પ્રકારના કોઈ નશા સાથે જોડાયેલા શરીરને પણ સમતુલન રાખવા માણસનું મગજ ન્યૂરો ટ્રાન્સમીટર પ્રકારની વ્યવસ્થા દ્વારા સેરેટોન નામના રસાયણ થકી શરીરની ગ્રંથિઓને સ્ત્રાવ વધારવા ઘટાડવા પ્રેરિત કરે છે. "ધ મૂડ કેર" નામના પુસ્તકમાં જુલિયા રોસ પોતાના સંશોધનમાં જણાવે છે માનવ મસ્તિષ્કમાં સેરેટોનના પ્રમાણમાં અ-સમતુલન થતા માણસ ચીડિયો, ચિંતાગ્રસ્ત બની નિરાશામાં ધકેલાય છે.

આપણો આહાર પાચનતંત્રની મદદથી વિવિધ રસાયણો જ તૈયાર કરે છે. ખાદ્ય પદાર્થ ઉપરનાં સંશોધનોથી નોંધાયું છે કે, દૂધ અને દૂધની બનાવટો, સૂકામેવા પ્રકારના આહારથી સેરેટોનની માત્રા વિકસે છે. આ ઉપરાંત સર્વાંગાસન, ભૂજંગાસન, પશ્ચિમોત્તાનાસન પ્રકારના યોગાસનો થકી શરીરની ગ્રંથિઓ ઉપર વિશેષ દબાણ સર્જી શકાય છે. જેથી શરીરની રાસાયણિક પ્રક્રિયાને વેગ મળે છે. જે વિષયે બિહાર યોગ વિદ્યાલયથી સ્વામી સત્યાનંદ સરસ્વતીના સંશોધનો પ્રમાણભૂત છે.

જીવનના વિકાસ સાથે જોડાયેલ બીજી દ્રાવણ ટોલોમોર છે. પુરુષ અને સ્ત્રીના જીન્સ એકત્ર થાય છે ત્યારે જીન્સના ડી.એન.એ. માં રહેલ ન્યુક્લીયસ નવા દેહની બ્લ્યૂપ્રિન્ટ તૈયાર કરે છે. એ.જી.સી. અને ટી પ્રકારથી ઓળખાતા જીન્સ પોતાના રાસાયણિક સંયોજનથી બીજા કોષો તૈયાર કરતા જ રહે છે. પ્રાણીજન્ય ડી.એન.એ. આસપાસ રહેલ ટોલોમોરનું સ્નિગ્ધ આવરણ સમયાંતરે પાતળું પડે છે. આથી શરીરના કોષોનું વિભાજન અટકે છે. શરીર પ્રતિરોધક શક્તિ ગુમાવે છે અને કોષોના નવસર્જનનું કાર્ય પૂર્ણ થાય છે. જે સરવાળે રાસાયણિક પ્રક્રિયા જ છે.

ચરસ, ગાંજા, એલ.એસ.ડી. પ્રકારનાં કેફી દ્રવ્યો શ્વાસમાં કે હોજરીમાં જતા તેમાંથી છૂટું પડતું ડોપામાઈન લોહી દ્વારા મસ્તિષ્કમાં જતા માણસ મોજમાં, રાજપાટમાં પહોંચી જાય છે. લોહીના બંધારણથી વિરુદ્ધ આવા અ-પ્રાકૃતિક રસાયણોને દૂર કરવા કિડની કાર્યશીલ બની જાય છે અને જાતે નુકસાન વહોરી શરીરને શુદ્ધતા આપે છે, પરંતુ ફિલ્ટરરાઈઝેશનની પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી તો માણસ નશાની સ્થિતિમાં રહે છે.

ન્યૂરો કેમેસ્ટ્રી જેવા અતિ સાંકડી શાખાના વૈજ્ઞાનિકોએ સંસ્કૃત શબ્દ આનંદ ઉપરથી મસ્તિષ્કનાં એક રાસાયણિક સંયોજનને આનંદ માઈડ નામ આપ્યું છે. પુરુષ અને સ્ત્રીના સમાગમ સમયે મળતી ચરમસીમાએ મસ્તિષ્ક વિશેષ રીતે ડોપામાઈનનું વહન કરે છે આથી ચરમસીમાએ આનંદ સભર શૂન્યતાની અનુભૂતિ ઉપસી આવે છે. એટલું જ નહીં પણ જીન્સની સાથે સ્ત્રીના ગર્ભાશયમાં સ્થાઈ થતા ડોપામાઈન આસપાસ નવ-પલ્લવિત જીવ પ્રથમ ચરણે આનંદની જ અનુભૂતિથી જગતને ઓળખતું થાય છે.

જીવનઆનંદ રસાયણ સ્વરૂપ આનંદમાઈન્ડને ડી-કોડ કરતાં જાણવા મળે છે કે પરમ આનંદ એ માનવશરીરની આંતરિક રચનાની નીપજ છે જે બહારથી શોધી શકાતી નથી. પિનિયલ ગ્લેન્ડમાંથી સર્જાતા માઈન્ડનું સ્થાન માનવ ખોપરીના ટોચના ભાગે આવેલ છે જેને મહર્ષિ પતંજલિ કુંડલીના ચક્રોમાં બ્રહ્મ મુલાધાર તરીકે જાણે છે.

અધ્યાત્મ એટલે આકાશમાં બેઠેલા કોઈ દેવી-દેવતાને પ્રસન્ન કરવાનું નહીં, પણ આપણી ભીતરના આનંદ રસને જાગ્રત કરવાનું શાસ્ત્ર છે. વિકસતા વિજ્ઞાને આનંદની અનુભૂતિ આપતા બાહ્ય રસાયણો શોધ્યા છે જે ક્ષણિક આનંદ આપે જ છે પરંતુ ઉપનિષદના મંત્રો થકી આનંદો પરમોધર્મ કહેતા ઋષિમુનિઓએ આહાર-વિહાર, યોગ અને પ્રાણાયામના માધ્યમથી ભિરતમાંથી રસાયણ સર્જવાનું વિજ્ઞાન વિશ્વને સદીઓ પૂર્વે આપી દીધું છે. સમય કહે છે ચૈતન્યને રસાયણના માધ્યમથી સમજીએ.

# શાંડિલ્ય ભક્તિ દર્શન : પરમ પ્રેમ અને પૂર્ણ સમર્પણ

વિશેષ

મહર્ષિ શાંડિલ્યનો સંબંધ મહાન ઋષિ કશ્યપના વંશ સાથે છે. તેઓ ઋષિ અસિતના પૌત્ર અને મંત્ર દ્રષ્ટા મહર્ષિ દેવલના પુત્ર હતા. તેમનો ઉલ્લેખ છાંદોગ્ય ઉપનિષદ શતપથ બ્રાહ્મણ અને મહાભારત જેવા પ્રસિદ્ધ ગ્રંથોમાં જોવા મળે છે. ઉપનિષદમાં વર્ણવાયેલી શાંડિલ્ય વિદ્યા ખૂબ જ પ્રસિદ્ધ છે. જેમાં આત્મા અને બ્રહ્મની એકતા સમજાવવામાં આવી છે. તેમણે શાંડિલ્ય ભક્તિ સૂત્રની રચના કરી હતી. આ ગ્રંથમાં ભક્તિના સ્વરૂપ, તેના પ્રકારો અને મહત્વનું ખૂબ જ સુંદર અને તાત્વિક વર્ણન કરવામાં આવ્યું છે. તેમણે ભક્તિને ઈશ્વર પ્રાપ્તિનો સૌથી સરળ અને સર્વોચ્ચ માર્ગ ગણાવ્યો છે. કુલ ૩ અધ્યાય અને ૧૦૦ સૂત્રોમાં વહેંચાયેલો આ ગ્રંથ મનુષ્યને બુદ્ધિથી હૃદય તરફ અને હૃદયથી અંતરાત્મા તરફ અને છેવટે પરમાત્મા તરફ લઈ જાય છે.

મહર્ષિ શાંડિલ્ય ગ્રંથના પ્રારંભમાં જ ભક્તિની અતિ સચોટ વ્યાખ્યા આપતા લખે છે - સા પરાનુરક્તિ ઈશ્વરે એટલે કે ઈશ્વર પ્રત્યેનો પરમ અને સર્વોચ્ચ અનુરાગ એટલે ભક્તિ. સંસારના નશ્વર પદાર્થો કે સંબંધો પ્રત્યે જે આકર્ષણ થાય તેને આપણે મોહ કે આસક્તિ કહીએ છીએ. પરંતુ જ્યારે આ આકર્ષણ પરમાત્મા તરફ થાય છે ત્યારે તે અનુરાગ બને છે. અનુરાગ એક એવો નિસ્વાર્થ અને નિર્વ્યાજ પ્રેમ છે જેમાં કોઈ લોભ, ભય કે લૌકિક સુખોની અપેક્ષા હોતી નથી. આ ભક્તિનું ફળ દર્શાવતા શાંડિલ્ય ઋષિ જણાવે છે - તત્સંસ્થસ્ય અમૃતત્વબોધાત્ અર્થાત્ આ પરમ પ્રેમમાં જે જીવ સ્થિર થઈ જાય છે તેને અમૃતત્વ એટલે કે પરમ મોક્ષની પ્રાપ્તિ થાય છે. ઈશ્વર તરફનો આ પ્રેમ જ જીવને જન્મ-મરણના ફેરામાંથી મુક્તિ અપાવનારો અમૃતકુંભ છે.

નારદ ભક્તિસૂત્રમાં ભક્તિને જ્ઞાનથી તદ્દન સ્વતંત્ર અને શ્રેષ્ઠ માનવામાં આવી છે પણ શાંડિલ્ય ઋષિ બન્ને વચ્ચે સુંદર સેતુ બાંધે છે. તેઓ સ્પષ્ટ કહે છે - 'ન જ્ઞાનં વિશિષ્ટં ચેતસ્તદાયતત્વાત્ : કેવળ શુષ્ક જ્ઞાનથી મુક્તિ મળતી નથી કેમકે જ્ઞાનનું અંતિમ લક્ષ્ય પણ ચિત્તને ઈશ્વરમાં પરોવવાનું છે. જ્ઞાન એ જાણી શકે છે કે ઈશ્વર કોણ છે, કેવા છે પણ તેમને પામવા માટે હૃદયનો ભાવ જરૂરી છે. હૃદયનો આ ભાવ પરમ પ્રેમનો ભાવ છે. તે જ ભક્તિનો આધાર છે. જ્ઞાન વિના પ્રેમની આવી સ્થિતિ આવી શકતી નથી. જ્ઞાન પરિપક્વ થાય છે ત્યારે તે ભક્તિમાં પરિવર્તિત થઈ જાય છે. આમ, શાંડિલ્ય દર્શનમાં જ્ઞાન સાધન છે અને ભક્તિ સાધ્ય (અંતિમ ધ્યેય) છે.

ભક્તિમાં નાત, જાત, લિંગભેદ, પાંડિત્ય એવું કોઈ બંધન નથી તે દર્શાવવા શાંડિલ્ય મુનિ ગોપીઓનું ઉદાહરણ આપે છે - અત એવ તદવિહીનાનાં વ્રજસુંદરીણામ્ - જે વેદ-ઉપનિષદો કે મોટા શાસ્ત્રો જાણતી નહોતી તેવી વ્રજસુંદરીઓ (ગોપીઓ)ની ભક્તિ જગતમાં સર્વોચ્ચ માનવામાં આવી છે. ગોપીઓ પાસે બુદ્ધિનું પ્રદર્શન નહોતું, પણ હૃદયનું સમર્પણ હતું, આત્મ-નિવેદન હતું. તેમનો પ્રેમ એટલો પવિત્ર અને પ્રગાઢ હતો કે બ્રહ્મજ્ઞાની ઉદ્ધવજી પણ તેમનું જ્ઞાન ભૂલીને ગોપીઓની ચરણ રજ પોતાના પર પડે તે હેતુથી વૃંદાવનમાં લતા, વેલી કે ઘાસ બનવાની ઈચ્છા વ્યક્ત કરવા લાગ્યા હતા - 'આસામહો ચરણરેણુજુષામહં સ્યાં વૃંદાવને કિમપિ ગુલ્મલતૌષધીનામ્ । યા દસ્ત્યજં સ્વજનમાર્યપથં ચ હિત્વા, ભેજુર્મુકુન્દપદવી શ્રુતિભિર્વિમૃગ્યામ્ ॥

(શ્રીમદ્ ભાગવત્, દશમ્ સ્કંધ) અધ્યાય-૪૭, શ્લોક-૬૧ અહો ! હું વૃંદાવનની ભૂમિ પર કોઈ લતા, વેલી કે વનસ્પતિ (ઘાસ) તરીકે જન્મું (એવી મારી ઈચ્છા છે) જેથી મને આ ગોપીઓના ચરણની ધૂળ પ્રાપ્ત થતી રહે. આ ગોપીઓએ પોતાના સગાં-વહાલાં અને લોકમર્યાદાના એ રસ્તાનો ત્યાગ કરીને, જેનો ત્યાગ કરવો અત્યંત કઠિન છે, ભગવાન શ્રીકૃષ્ણના ચરણોનો આશ્રય લીધો છે, એ ચરણકમળ કે જેને વેદની શ્રુતિઓ પણ નિરંતર શોધતી રહે છે.આ પરમ સ્થિતિ સુધી પહોંચવા માટે શાંડિલ્ય ઋષિ ભક્તિના બે ભાગ પાડે છે : પરા ભક્તિ અને ગૌણી ભક્તિ. શ્રવણ, કીર્તન, સ્મરણ અને પૂજા-અર્ચના એ ગૌણી ભક્તિ છે. ભજનાનારેષુ શ્રવણ, કીર્તનાદીનાં ગૌણત્વમ્ । આ તમામ ક્રિયાઓ સાધનરૂપ છે. જે માનવીના અંતઃકરણ અને હૃદયને નિર્મળ બનાવે છે. તે બધું નિર્મળ થઈ જાય ત્યારે જે પરમ અગાધ પ્રેમ પ્રક્ટે છે તે પરા ભક્તિ છે. તે સંજોગોમાં ભક્ત ભગવાનની પૂર્ણ શરણાગતિ સ્વીકારે છે. શાંડિલ્ય ઋષિ કહે છે - શરણાગતિરેવ આર્તસ્ય મુખ્યં સાધનમ્ - સંસારના તાપથી પીડાતા મનુષ્ય માટે ભગવાનનું શરણ લેવું (પ્રપત્તિ) એ જ કલ્યાણનો સર્વોત્તમ માર્ગ છે.



# મહાનવમીનો મહિમા : ભક્તિ, પવિત્રતા અને નવી ચેતના

**માનવજીવનમાં કેટલાક પર્વો એવા હોય છે, જે માત્ર પરંપરાનું પાલન કરવાનું નિમિત્ત બનતા નથી, પરંતુ જીવનને નવી દિશા આપવાની પ્રેરણા પણ આપે છે. નવરાત્રીનો નવમો દિવસ આવો જ એક પવિત્ર અવસર છે. નવ દિવસની સાધના, ઉપાસના અને ભક્તિભાવ પછી આવતી મહાનવમી મનુષ્યને પોતાની શક્તિ, શ્રદ્ધા અને કર્તવ્ય વિશે વિચારવાની તક આપે છે. માતાજીના જયઘોષથી ગુંજતાં મંદિરો, દીપ પ્રજ્વલિત આરતી, ભક્તોની પ્રાર્થના અને ગરબાના તાલમાં વ્યક્ત થતો આનંદ ભારતીય સંસ્કૃતિની જીવંત પરંપરાને ઉજાગર કરે છે. આ દિવસનું મહત્ત્વ ધાર્મિક વિધિઓ પૂરતું સીમિત નથી; તે આત્મવિશ્વાસ, સદાચાર અને માનવકલ્યાણના વિચારોને પણ પ્રબળ બનાવે છે.**

આસપાસ ચોપાસ

સુરેશ ભટ્ટ

શારદીય નવરાત્રી હોય કે ચૈત્રી નવરાત્રી, નવ દિવસની આરાધનામાં શક્તિના વિવિધ સ્વરૂપોનું સ્મરણ કરવામાં આવે છે. નવમી તિથિએ મા સિદ્ધિદાત્રીની ઉપાસના કરવાની પરંપરા છે. નવદુર્ગાનાં આ અંતિમ સ્વરૂપને સિદ્ધિ, જ્ઞાન અને આધ્યાત્મિક પૂર્ણતાની દાત્રી માનવામાં આવે છે. ભક્તો માને છે કે તેમની આરાધનાથી જીવનમાં શુભતા આવે છે અને મુશ્કેલીઓનો સામનો કરવાની શક્તિ પ્રાપ્ત થાય છે. અહીં સિદ્ધિનો અર્થ માત્ર કોઈ ઈચ્છા પૂર્ણ થવી એવો નથી, પરંતુ પોતાની ક્ષમતાને યોગ્ય દિશામાં વિકસાવવી, વિચારોમાં પરિપક્વતા લાવવી અને જીવનને સારા હેતુ સાથે જોડવું એવો પણ છે. માણસ જ્યારે પોતાના જ્ઞાન અને શક્તિનો ઉપયોગ બીજાના કલ્યાણ માટે કરે છે, ત્યારે તેની સફળતા સાચા અર્થમાં મહત્ત્વપૂર્ણ બને છે.

દેવી સિદ્ધિદાત્રીનાં સ્વરૂપનું ધાર્મિક વર્ણન ભક્તોના મનમાં શ્રદ્ધા અને શાંતિનો ભાવ જગાવે છે. પરંપરાગત મૂર્તિઓમાં દેવીને કમળ પર બિરાજમાન દર્શાવવામાં આવે છે. તેમના ચાર હાથમાં શંખ, ચક્ર, ગદા અને કમળ જેવાં પ્રતીકો હોય છે. આ પ્રતીકો ધર્મ, રક્ષણ, બળ અને પવિત્રતાના અર્થ સાથે જોડાય છે. કમળ કાદવમાં ઊગીને પણ પોતાની સુંદરતા અને શુદ્ધતા જાળવી રાખે છે. તે જ રીતે મનુષ્યે જીવનની મુશ્કેલ પરિસ્થિતિઓ વચ્ચે પણ પોતાના સદગુણો જાળવી રાખવા જોઈએ. શંખનો નાદ જાગૃતિનો ભાવ જગાવે છે, જ્યારે ચક્ર અને ગદા અન્યાય સામે સજ્જ રહેવાની પ્રેરણા આપે છે. આ રીતે દેવીનું સ્વરૂપ ભક્તિની સાથે જીવનમૂલ્યોનું પણ પ્રતીક બની રહે છે.

નવદુર્ગાનાં દરેક સ્વરૂપમાં જીવન માટે એક વિશિષ્ટ સંદેશ સમાયેલો છે. પ્રથમ સ્વરૂપ શૈલપુત્રી સ્થિરતા અને દૃઢતાની પ્રેરણા આપે છે. બ્રહ્મચારિણી તપ, સંયમ અને ધીરજનું મહત્ત્વ સમજાવે છે. ચંદ્રઘંટા સાહસ અને જાગૃતિનું પ્રતીક છે. કુષ્માંડા સર્જનશક્તિનો મહિમા દર્શાવે છે. સ્કંદમાતા માતૃત્વ અને કરુણાનું સ્મરણ કરાવે છે. કાત્યાયની ન્યાય માટે સંઘર્ષ કરવાની શક્તિ આપે છે. કાલરાત્રિ ભયનો સામનો કરવાની હિંમત જગાવે છે અને મહાગૌરી શુદ્ધતા તથા શાંતિનો માર્ગ બતાવે છે. અંતે મા સિદ્ધિદાત્રી આ ગુણોને જીવનમાં ઉતારીને સાધનાને સાર્થક કરવાની પ્રેરણા આપે છે. આ નવ સ્વરૂપોનું સ્મરણ માણસને પોતાના વ્યક્તિત્વની ખામીઓ ઓળખવા અને તેને સુધારવા માટે પ્રેરિત કરી શકે છે.

દેવીની મહાન શક્તિનું વર્ણન કરતી પૌરાણિક કથાઓમાં મહિષાસુરના વધનો પ્રસંગ વિશેષ સ્થાન ધરાવે છે. ધાર્મિક માન્યતા મુજબ મહિષાસુરે પોતાની અસાધારણ શક્તિના અભિમાનમાં દેવતાઓને પરેશાન કર્યા હતા. તેના અત્યાચારથી મુક્તિ મેળવવા દેવતાઓએ આદિશક્તિની આરાધના કરી. ત્યારબાદ દેવી દુર્ગાનું પ્રાગટ્ય થયું અને તેમણે મહિષાસુર સાથે યુદ્ધ કરીને તેનો સંહાર કર્યો. આ કથા દુષ્ટતા સામે સત્યના વિજયનું પ્રતીક બની છે. તેના અંતરમાં છુપાયેલો સંદેશ આજના જીવનમાં પણ એટલો જ પ્રસ્તુત છે. જ્યારે સત્તા સાથે અહંકાર જોડાય છે, જ્યારે શક્તિનો ઉપયોગ બીજાને દબાવવા માટે થાય છે અને જ્યારે સ્વાર્થ માનવતાથી મોટો બની જાય છે, ત્યારે સમાજમાં અસંતુલન પેદા થાય છે. આવા સંજોગોમાં ન્યાય, હિંમત અને સામૂહિક એકતાની શક્તિ જ પરિવર્તન લાવી શકે છે.

મહાનવમીના દિવસે ઘણી જગ્યાએ કન્યાપૂજન કરવામાં આવે છે. નાની બાળાઓમાં માતૃશક્તિનું સ્વરૂપ જોઈને તેમનું પૂજન, સન્માન અને ભોજન દ્વારા સત્કાર કરવામાં આવે છે. આ પરંપરા સ્ત્રીશક્તિ પ્રત્યે આદર વ્યક્ત કરવાની સુંદર રીત છે. પરંતુ તેનો સાચો અર્થ એક દિવસની વિધિથી ઘણો વિશાળ છે. દીકરીને જન્મથી જ સમાન અધિકાર મળે, તેને ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રાપ્ત થાય, તેના વિચારોને મહત્ત્વ આપવામાં આવે અને તે ભયમુક્ત વાતાવરણમાં આગળ વધી શકે, એ સમાજની જવાબદારી છે. બાળલગ્ન, ભેદભાવ, હિંસા અને સ્ત્રીઓ પ્રત્યેના અપમાનજનક વલણ સામે જાગૃતિ લાવવી એ પણ શક્તિની ઉપાસનાનો જ એક ભાગ છે. જ્યાં નારીનું ગૌરવ જળવાય છે, ત્યાં સંસ્કૃતિનાં મૂલ્યો વધુ મજબૂત બને છે.

ગુજરાતની નવરાત્રી વિશ્વભરમાં ગરબા અને રાસના ઉત્સવ માટે જાણીતી છે. ગરબાની આસપાસ ગોળાકારે ફરતાં ભક્તો જીવનની ગતિ અને સૃષ્ટિના ચક્રનું પ્રતીકાત્મક દર્શન કરાવે છે. દીપથી પ્રકાશિત ગરબો માતૃશક્તિ પ્રત્યેની શ્રદ્ધાનું કેન્દ્ર બને છે. ઢોલના તાલ, લોકગીતોના સૂર અને રંગબેરંગી પરિધાન વચ્ચે યુવાનો તથા વડીલો ઉત્સાહથી જોડાય છે. આ ઉત્સવ વ્યક્તિને સમાજ સાથે જોડે છે અને સામૂહિક આનંદની અનુભૂતિ કરાવે છે. જુદા જુદા સ્વભાવ અને પૃષ્ઠભૂમિના લોકો એક જ વર્તુળમાં પગલાં ભરે છે, ત્યારે સમાનતા અને એકતાનો સુંદર સંદેશ વ્યક્ત થાય છે. પરંપરા જીવંત રહે તે માટે ઉત્સવનો આનંદ જાળવવાની સાથે તેની સાંસ્કૃતિક ગરિમાનું રક્ષણ કરવું પણ જરૂરી છે.

આનંદની ઉજવણી જવાબદારીથી અલગ ન હોઈ શકે. નવરાત્રી દરમિયાન સ્વચ્છતા, જાહેર વ્યવસ્થા, અવાજનું નિયંત્રણ અને પર્યાવરણની જાળવણી તરફ ધ્યાન આપવું જોઈએ. પ્લાસ્ટિકનો બિનજરૂરી ઉપયોગ ઘટાડવો, પાણીનો બગાડ ટાળવો અને ઉજવણી પછી સ્થળને સ્વચ્છ રાખવું એ નાગરિક કર્તવ્ય છે. ધાર્મિક ઉત્સવો જરૂરિયાતમંદ લોકો સુધી સહાય પહોંચાડવાનું માધ્યમ પણ બની શકે છે. કોઈ ગરીબ પરિવારને ભોજન આપવું, વિદ્યાર્થીને અભ્યાસની સામગ્રી પૂરી પાડવી, બીમાર વ્યક્તિની મદદ કરવી અથવા વૃદ્ધોને સહારો આપવો એ માનવતાપૂર્ણ કાર્યો છે. ભક્તિનું સૌંદર્ય ત્યારે વધારે ખીલે છે, જ્યારે તે બીજાના જીવનમાં આશા અને આનંદનું કારણ બને છે.

આજના યુગમાં માણસે અનેક સુવિધાઓ મેળવી છે, પરંતુ માનસિક શાંતિ અને સંબંધોની ઉષ્મા જાળવી રાખવાનો પડકાર પણ વધ્યો છે. સ્પર્ધા, અપેક્ષાઓ, આર્થિક દબાણ અને સામાજિક તુલનાને કારણે ઘણી વાર મન અશાંત બને છે. આવી સ્થિતિમાં નવરાત્રીનો આધ્યાત્મિક માહોલ આત્મચિંતન માટે અનુકૂળ બની શકે છે. થોડો સમય પ્રાર્થના, ધ્યાન અને મૌન માટે ફાળવવાથી વિચારોને સ્થિરતા મળે છે. પોતાની ભૂલો સ્વીકારવી, બીજાને માફ કરવાનું શીખવું અને મુશ્કેલીઓ સામે ધીરજ રાખવી એ પણ આંતરિક વિકાસનાં લક્ષણો છે. મા સિદ્ધિદાત્રીની આરાધના આપણને યાદ અપાવે છે કે જીવનની મહત્ત્વપૂર્ણ સિદ્ધિ માત્ર બાહ્ય સફળતામાં નહીં, પરંતુ મનની પરિપક્વતા અને સ્વભાવની ઉદારતામાં પણ રહેલી છે.

સફળતાની દરેક યાત્રામાં સાધના અને સતત પ્રયત્નનો ફાળો હોય છે. વિદ્યાર્થીને અભ્યાસમાં પ્રગતિ માટે નિયમિતતા જોઈએ, ખેડૂતને પાક માટે પરિશ્રમ કરવો પડે, કલાકારને પોતાની કળા વિકસાવવા સતત અભ્યાસ કરવો પડે અને સમાજસેવકને લોકોના હિત માટે નિષ્ઠાથી કાર્ય કરવું પડે. માત્ર ઈચ્છા રાખવાથી પરિણામ મળતું નથી; ઈચ્છાને સંકલ્પમાં અને સંકલ્પને કર્મમાં પરિવર્તિત કરવો પડે છે. નવમી નવરાત્રીનો

આભાર - નિહારીકા રવિયા સિદ્ધિનો ભાવ આ જ જીવનસત્ય સાથે જોડાયેલો છે. પોતાની ક્ષમતાઓને ઓળખીને યોગ્ય દિશામાં પ્રયત્ન કરવો અને નિષ્ફળતાથી હતાશ થવાને બદલે તેમાંથી શીખવું એ સફળ જીવનની ચાવી છે.

નવરાત્રીના નવ દિવસો પૂરા થતાં ભક્તોએ પોતાની અંદર આવેલા પરિવર્તનનું પણ મૂલ્યાંકન કરવું જોઈએ. શું આપણા મનમાં વધુ કરુણા જાગી? શું આપણે ક્રોધ અને અહંકારને કાબૂમાં રાખવાનો પ્રયત્ન કર્યો? શું પરિવારના સભ્યો સાથેનો વ્યવહાર વધુ સ્નેહપૂર્ણ બન્યો? શું સમાજના દુઃખી અને નબળા વર્ગો પ્રત્યે આપણી સંવેદનશીલતા વધી? આવા પ્રશ્નોના જવાબો આપણને ધાર્મિક ઉજવણીના વાસ્તવિક પરિણામો સમજવામાં મદદ કરે છે. માતાજીની આરાધના માત્ર મંદિરમાં દીવો પ્રગટાવવા પૂરતી નથી; પોતાના અંતરમાં સદાચારનો દીવો પ્રગટાવવો પણ એટલો જ જરૂરી છે. સત્ય બોલવું, ન્યાયનો સાથ આપવો, બીજાના અધિકારોનું સન્માન કરવું



અને જરૂરિયાતમંદને મદદ કરવી એ ભક્તિના વ્યવહારુ સ્વરૂપો છે.મહાનવમીનો પર્વ શ્રદ્ધાને કર્મ સાથે અને આધ્યાત્મિકતાને માનવતા સાથે જોડવાનો સંદેશ આપે છે. મા સિદ્ધિદાત્રીના આશીર્વાદની પ્રાર્થના કરતાં આપણે જીવનમાં જ્ઞાન, સંયમ, સાહસ અને સેવાભાવ વધારવાનો સંકલ્પ કરીએ. પરિવારમાં પ્રેમ વધે, સમાજમાં સમાનતાની ભાવના મજબૂત બને, સ્ત્રીઓને સન્માન મળે અને પ્રકૃતિ પ્રત્યેની જવાબદારી જળવાય, તો નવરાત્રીની ઉજવણીનું સાચું ફળ પ્રાપ્ત થાય. શક્તિની આરાધના આપણને નબળાઈમાંથી બહાર આવવાની, દુર્ગુણો સામે લડવાની અને સારા કાર્ય માટે આગળ વધવાની પ્રેરણા આપે છે. મહાનવમીનો પ્રકાશ આપણા જીવનમાં માત્ર એક દિવસ પૂરતો નહીં, પરંતુ આખું વર્ષ સદ્વિચાર અને સદ્કર્મની જ્યોત બનીને પ્રગટતો રહે, એ જ આ પવિત્ર પર્વની સાચી પ્રાર્થના છે.

# સલમાન ખાન સાથે કામ કરનાર કોઈપણ વ્યક્તિ હવે પછીનું લક્ષ્ય હશે : ટાઈગર શ્રોફ પર હુમલા બાદ લોરેન્સ બિશ્નોઈ ગેંગની નવી ધમકી




મુંબઈ,
રવિવારે સાંજે મુંબઈના જુહુ વિસ્તારમાં અભિનેતા ટાઈગર શ્રોફ પર થયેલા ગોળીબારની જવાબદારી લોરેન્સ બિશ્નોઈ ગેંગે સ્વીકારી છે. આ ગેંગે ચેતવણી આપી છે કે મુંબઈ ફિલ્મ ઉદ્યોગમાં જે કોઈ પણ તેમની વાત નહીં માને અથવા અભિનેતા સલમાન ખાન સાથે કામ કરશે, તેને નિશાન બનાવવામાં આવશે. જોકે, મુંબઈ પોલીસે આ ગેંગ અને હુમલા વચ્ચે કોઈ જોડાણ હોવાની પુષ્ટિ કરી નથી.

સોશિયલ મીડિયા પર વાયરલ થયેલી એક પોસ્ટમાં, લોરેન્સ બિશ્નોઈ ગેંગના અનિલ પંડિતે દાવો કર્યો છે કે આ હુમલા પાછળ તે પોતે અને હરમન સંધુ જવાબદાર છે.

પોસ્ટમાં લખ્યું છે, "અમે, અનિલ પંડિત અને હરમન સંધુ, આજે ટાઈગર શ્રોફ સાથે જે કંઈ પણ થયું તેની જવાબદારી લઈએ છીએ. અમે તેને ફોન કરીને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેણે અમારી વાત માની નહીં. તેથી આજે, અમે તેને બરાબર પાઠ ભણાવ્યો છે."

"મુંબઈ ફિલ્મ ઉદ્યોગમાં જે કોઈ પણ અમારી વાત નહીં માને અથવા સલમાન ખાન સાથે કામ કરશે, તેનો વારો હવે પછી આવશે. રાહ જુઓ અને જુઓ શું થાય છે."

તેમાં વધુમાં ઉમેર્યું છે, "નોંધઃ અન્ય જૂથોના કેટલાક 'કૂતરા' (તત્વો) જેમને લાગે છે કે તેઓ અમારું નામ વાપરીને પ્રસિદ્ધિ મેળવી શકે છે, તેમને જલ્દી જ મારી નાખવામાં આવશે અને પછી તેઓ (મૃત્યુ પામીને) પ્રખ્યાત થઈ જશે."

હુમલો કેવી રીતે થયો?

પ્રાથમિક માહિતી મુજબ, ટાઈગર શ્રોફ એક ક્લબમાં ફૂટબોલ રમીને પરત ફરી રહ્યા હતા ત્યારે જુહુના પુષ્પા પાર્ક નજીક ત્રણ અજાણ્યા હુમલાખોરોએ ગોળીબાર કર્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, આ ઘટનામાં ત્રણ લોકો ઘાયલ થયા છે, જેમાં શ્રોફના ડ્રાઈવર ફિરદોસનો પણ સમાવેશ થાય છે, જેના હાથ પર ઈજા થઈ છે.

ઘટનાની જાણ થતાં જ મુંબઈ પોલીસના જવાનો અને એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. આ વિસ્તારને કોર્ડન (ઘેરી) કરી દેવામાં આવ્યો છે અને હુમલાખોરોને શોધવા માટે તપાસ હાથ ધરવામાં આવી છે.

પોલીસ આસપાસના વિસ્તારોમાં લાગેલા સીસીટીવી કેમેરાના ફૂટેજની પણ તપાસ કરી રહી છે. ગોળીબારના સ્થળેથી ખાલી કારતૂસો (શેલ કેસિંગ્સ) એકત્ર કરવા માટે બેલિસ્ટિક નિષ્ણાતોને બોલાવવામાં આવ્યા હતા.

અધિકારીઓએ જણાવ્યું કે ગોળીબાર પાછળનો હેતુ હજુ સ્પષ્ટ નથી અને તપાસ આગળ વધતા તે જાણી શકાશે. આ ઘટનાને કારણે ફિલ્મ ઉદ્યોગ અને જુહુ વિસ્તારમાં ચિંતાનું વાતાવરણ સર્જાયું છે.

એક પ્રત્યક્ષદર્શીએ પોલીસને જણાવ્યું કે જ્યારે ગોળીબાર થયો ત્યારે ટાઈગર શ્રોફ પોતાની બીએમડબ્લ્યુ (મ્સ્ઉ) કારમાં બેસવા જઈ રહ્યા હતા. ગોળીબારના સ્થળેથી ખાલી કારતૂસો એકત્ર કરવા માટે બેલિસ્ટિક નિષ્ણાતોને બોલાવવામાં આવ્યા હતા. ૧લી ફેબ્રુઆરીના રોજ, મધ્યરાત્રિ પછી તરત જ જુહુમાં ફિલ્મ નિર્માતા રોહિત શેટ્ટીના નિવાસસ્થાનની બહાર મોટરસાઈકલ પર આવેલા અજાણ્યા હુમલાખોરોએ ગોળીબાર કર્યો હતો. હુમલાખોરોએ નવ માળની ઈમારત પર અનેક રાઉન્ડ ગોળીબાર કર્યો, જેમાંથી એક ગોળી પહેલા માળે આવેલા જિમના કાચ પર વાગી હતી. રાત્રે લગભગ ૧૨:૪૫ વાગ્યે બનેલી આ ઘટનામાં કોઈને ઈજા થઈ હોવાના અહેવાલ નથી.

૧૨ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ રાત્રે લગભગ ૯:૩૦ વાગ્યે, બાંદ્રા ઈસ્ટમાં ખેરવાડી સિગ્નલ જંકશન નજીક, વરિષ્ઠ રાજકારણી અને નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટી (દ્રઞ)ના નેતા બાબા સિદ્દીકી (૬૬ વર્ષ)ની તેમના પુત્ર ઝીશાન સિદ્દીકીની ઓફિસની બહાર ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી.

જ્યારે બાબા સિદ્દીકી પોતાની કારમાં બેસી રહ્યા હતા ત્યારે મોઢા પર માસ્ક પહેરેલા ત્રણ હુમલાખોરોએ તેમના પર અનેક રાઉન્ડ ગોળીબાર કર્યો, જેના કારણે તેમની છાતી અને પેટના ભાગે ગોળીઓ વાગી હતી.

# આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં તરખાટ મચાવનાર ગિલ રણજી ટ્રોફીમાં માત્ર એક રન બનાવી શક્યો



મુંબઈ,
ન્યૂઝીલેન્ડ પ્રવાસ પહેલાં રણજી ટ્રોફીમાં રમવા ઉતરેલા શુભમન ગિલની શરૂઆત નિરાશાજનક રહી હતી. પંજાબ અને છત્તીસગઢ વચ્ચેની મેચની પ્રથમ ઈનિંગ્સમાં ગિલ માત્ર ૧ રન બનાવીને આઉટ થયો હતો. છત્તીસગઢના ડાબોડી સ્પિનર અજય મંડલે તેને ક્લીન બોલ્ડ કર્યો હતો. ગિલ પાંચ બોલ જ રમી શક્યો હતો. ન્યૂઝીલેન્ડ સામેની ટેસ્ટ શ્રેણી પહેલાં પોતાની તૈયારીઓને મજબૂત કરવા મેદાનમાં ઉતરેલા ગિલને રણજીની પ્રથમ ઈનિંગ્સમાં નિષ્ફળતા મળી હતી.

પંજાબ તરફથી ચોથા ક્રમે બેટિંગ કરવા ઉતરેલો ગિલ શરૂઆતમાં સાવચેતીપૂર્વક રમતો હતો. પ્રથમ ચાર બોલ પર તેણે રક્ષણાત્મક બેટિંગ કરી હતી, પરંતુ પાંચમા બોલ પર તે ભૂલ કરી બેઠો હતો. અજય મંડલે આર્મ બોલ ફેંક્યો હતો. આ બોલ સામાન્ય સ્પિનની જેમ ટર્ન થયો નહોતો અને સીધો બેટ તથા પૅડ વચ્ચેની જગ્યામાંથી પસાર થઈને મિડલ સ્ટમ્પ સાથે અથડાયો હતો. ગિલ બોલની દિશા પારખવામાં થાપ ખાઈ ગયો હતો અને માત્ર ૧ રન બનાવીને પેવેલિયન પરત ફર્યો હતો. આ મેચમાં પંજાબની કમાન ગિલના હાથમાં નહોતી. ટીમનું નેતૃત્વ ઉદય સહારન કરી રહ્યો હતો.

ભારતીય ટીમે આગામી મહિને ન્યૂઝીલેન્ડ સામે બે ટેસ્ટ મેચની શ્રેણી રમવાની છે. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં પહોંચવા માટે આ શ્રેણી ભારત માટે મહત્ત્વપૂર્ણ બની શકે છે. તેથી ભારતીય ખેલાડીઓ ટેસ્ટ શ્રેણી પહેલાં પૂરતી તૈયારી કરવા માગે છે. અહેવાલો અનુસાર, ગિલ સહિત કેટલાક ખેલાડીઓ ન્યૂઝીલેન્ડ સામેની વનડે શ્રેણીની કેટલીક મેચો રમ્યા બાદ ટેસ્ટની તૈયારી પર ધ્યાન કેન્દ્રિત કરશે. બીજી તરફ, કેટલાક ટેસ્ટ ખેલાડીઓ ઈન્ડિયા-એ ટીમ સાથે ન્યૂઝીલેન્ડમાં રમીને ત્યાંની પરિસ્થિતિનો અનુભવ મેળવશે. ગિલે પણ ટેસ્ટ શ્રેણી પહેલાં રણજી ટ્રોફીમાં રમવાનો નિર્ણય લીધો હતો, પરંતુ પ્રથમ ઈનિંગ્સમાં તેનું બેટિંગ પ્રદર્શન નિરાશાજનક રહ્યું હતું.

# યશસ્વી જયસ્વાલને વન-ડે ક્રિકેટમાં નહીં સમાવવાના નિર્ણયને રવિચંદ્રન અશ્વિને વખોડયો



ચેન્નઈ,
ન્યૂ ઝીલૅન્ડમાં આગામી ચોથી નવેમ્બર શરૂ થનારી પાંચ મૅચની વન-ડે શ્રેણી માટેની ટીમમાં આક્રમક અને ભરોસાપાત્ર ઓપનિંગ બૅટ્સમૅન યશસ્વી જયસ્વાલને નથી સમાવવાના સિલેક્ટરોના અભિગમને સ્પિન-લેજન્ડ રવિચન્દ્રન અશ્વિને વખોડ્યો છે. ભૂતપૂર્વ સ્પિનરે પોતાની યુટ્યૂબ ચૅનલ પર એવું પણ કહ્યું છે કે નવા સ્પિનર માનવ સુથારની કિવીઓ સામેની ટેસ્ટ શ્રેણી માટેની ટીમમાં અવગણના કરવામાં આવી એ બદલ પણ નારાજગી વ્યક્ત કરી છે.

યશસ્વીને થોડા મહિનાઓથી મોટા ભાગે ટેસ્ટ ટીમમાં જ રમાડવામાં આવે છે. કિવીલૅન્ડમાં ટેસ્ટ સિરીઝની પહેલાં ઈન્ડિયા-એની સિરીઝમાં રમવાની તક મળશે એની પાક્કી સંભાવના છે. યશસ્વી છેલ્લી જે ત્રણ વન-ડે રમ્યો એમાંથી બે મૅચમાં તેણે સેન્ચુરી ફટકારી હતી. ભારત વતી ત્રણેય ફૉર્મેટમાં સૌથી વધુ વિકેટ લેનારા બોલર્સમાં બીજું સ્થાન ધરાવતા અશ્વિને યશસ્વી વિશે કહ્યું છે કે જો તેને વન-ડે સિરીઝોમાં નહીં રમાડવામાં આવે તો તેના આત્મવિશ્વાસને તેમ જ બૅટિંગ-ફૉર્મને વિપરીત અસર થશે.

અશ્વિનનું એવું પણ કહેવું છે કે 'કૅપ્ટન શુભમન ગિલ ટેસ્ટ શ્રેણી માટેની તૈયારી કરવાનો હોવાથી એ અગાઉની વન-ડે શ્રેણીની અંતિમ બે મૅચમાં ન રમવાનો હોવાથી તેના સ્થાને એ બે મૅચની ટીમમાં યશસ્વીને સમાવવાની જરૂર હતી. એવું કરવાથી યશસ્વીને ૧૯મી નવેમ્બરે શરૂ થનારી ટેસ્ટ શ્રેણી અગાઉ સારી મૅચ-પ્રૅક્ટિસ થઈ હોત. યશસ્વીના આત્મવિશ્વાસને સાવ તૂટી રહ્યો છે'

મૂળ રાજસ્થાનના લેફ્ટ-આર્મ સ્પિનર માનવ સુથારે આ વર્ષના જૂન-ઑગસ્ટ દરમ્યાન કરીઅરની જે પહેલી ત્રણ ટેસ્ટ રમ્યો એમાં તેણે કુલ ૨૩ વિકેટ લીધી હતી.

# સ્મૃતિની સફળ સુકાની : ઝિમ્બાબ્વે સામે સતત બીજી મેચમાં વિજય



રાયપુર,
ભારતની મહિલા ટીમને અહીં રવિવારે ઝિમ્બાબ્વે સામે સિરીઝની બીજી ટી-૨૦માં જીતવા ફક્ત ૧૦૩ રનનો લક્ષ્યાંક મળ્યા બાદ શેફાલી વર્મા (પંચાવન રન, પચીસ બૉલ, ચાર છગ્ગા, છ ચોગ્ગા) અને કૅપ્ટન સ્મૃતિ મંધાના (૪૭ અણનમ, પચીસ બૉલ, બે છગ્ગા, છ ચોગ્ગા)ની ઓપનિંગ ૯૬ રનની ભાગીદારીથી ટીમની જીત વધુ આસાન બની હતી અને ભારતે એક વિકેટે (૬૭ બૉલ બાકી રાખીને) ૧૦૪ રન બનાવી લીધા હતા. છેલ્લે સ્મૃતિ સાથે અનુષ્કા શર્મા એક રને અણનમ રહી હતી. સ્મૃતિ નવી કૅપ્ટન્સીમાં પહેલી જ સિરીઝ જીતી છે. ભારતે ૨-૦થી વિજયી સરસાઈ મેળવી છે.

શેફાલી વર્મા ટી-૨૦માં એક કૅલેન્ડર યરમાં ૯૦૦ રન બનાવનાર વિશ્વની પ્રથમ મહિલા ક્રિકેટર બની છે. તેણે ભારત વતી ટી-૨૦ ઈન્ટરનૅશનલમાં ૧૦૯ સિક્સર ફટકારનાર સ્મૃતિનો રેકૉર્ડ તોડ્યો છે. શેફાલીના ખાતે હવે ૧૧૧ છગ્ગા છે.ઝિમ્બાબ્વેની ટીમે ટૉસ જીતીને બૅટિંગ પસંદ કરી હતી, પરંતુ જૉસફાઈ ઍન્કૉમોની ટીમ ૨૦ ઓવરમાં આઠ વિકેટે ફક્ત ૧૦૨ રન બનાવી શકી હતી. ચિપો મુગેરી-તિરિપાનો નામની બૅટરના ૩૪ રન ટીમમાં હાઈએસ્ટ હતા.

# રણબીરની ફિલ્મ રામાયણની ભવ્યતાથી દિગ્દર્શક એસ.એસ.રાજામૌલી પણ થયા પ્રભાવિત



મુંબઈ,
બોલિવૂડ અભિનેતા રણબીર કપૂરની ફિલ્મ 'રામાયણ'ની ચર્ચા અત્યારે ફિલ્મજગતમાં જોરશોરથી ચાલી રહી છે. ફિલ્મનું નવું ટ્રેલર સામે આવ્યા બાદ દર્શકોમાં ઉત્સુકતા વધી છે. હવે 'બાહુબલી' અને 'આરઆરઆર' જેવી બ્લોકબસ્ટર ફિલ્મો બનાવનાર જાણીતા દિગ્દર્શક એસ.એસ. રાજામૌલીએ પણ ફિલ્મની ભવ્યતાથી પ્રભાવિત થઈને તેની ટીમને શુભેચ્છાઓ પાઠવી છે. રાજામૌલીની આ પ્રતિક્રિયાને કારણે ફિલ્મને લઈને ચાહકોનો ઉત્સાહ વધુ વધ્યો છે.

રાજામૌલીએ સોશિયલ મીડિયા પ્લેટફૉર્મ એક્સ પર ફિલ્મના દિગ્દર્શક નિતેશ તિવારી અને નિર્માતા નમિત મલ્હોત્રાની પ્રશંસા કરી હતી. તેમણે લખ્યું કે, 'રામાયણ' એવી કથા છે, જેને કહેવાની ઈચ્છા દરેક ભારતીય વાર્તાકારના મનમાં બાળપણથી જ હોય છે. આ મહાકાવ્યને આટલા ભવ્ય સ્તરે પડદા પર રજૂ થતું જોવું આનંદની વાત છે. તેમણે વધુમાં જણાવ્યું કે ફિલ્મના દરેક કલાકારે આ કાલજયી પાત્રોને ઊંડાણ અને જીવંતતા સાથે રજૂ કર્યાં છે. રાજામૌલીએ ફિલ્મની ૫ નવેમ્બર, ૨૦૨૬ની રિલીઝને ધ્યાનમાં રાખીને સમગ્ર ટીમને શુભેચ્છાઓ પણ પાઠવી હતી.

ફિલ્મમાં રણબીર કપૂર ભગવાન શ્રીરામની ભૂમિકામાં જોવા મળશે, જ્યારે દક્ષિણ ભારતીય સિનેમાના જાણીતો અભિનેતા યશ રાવણની ભૂમિકા ભજવી રહ્યો છે. અભિનેત્રી સાઈ પલ્લવી માતા સીતાના પાત્રમાં જોવા મળશે. આ ઉપરાંત સની દેઓલ ભગવાન હનુમાન, રવિ દુબે લક્ષ્મણ, અરુણ ગોવિલ રાજા દશરથ અને કુણાલ કપૂર ભગવાન ઈન્દ્રની ભૂમિકામાં છે. લારા દત્તા કૈકેયી, કાજલ અગ્રવાલ મંદોદરીના પાત્રમાં જોવા મળશે. આટલી મોટી સ્ટારકાસ્ટને કારણે ફિલ્મ પ્રત્યે દર્શકોની અપેક્ષાઓ વધી છે.

ફિલ્મના સંગીતની જવાબદારી ઓસ્કર વિજેતા સંગીતકાર હાન્સ ઝિમર અને ભારતના જાણીતા સંગીતકાર એ.આર. રહેમાને સંભાળી છે. ફિલ્મની ભવ્યતા, કલાકારોની પસંદગી અને આંતરરાષ્ટ્રીય સ્તરે થઈ રહેલા પ્રચારને કારણે 'રામાયણ' આ વર્ષની સૌથી ચર્ચિત ફિલ્મોમાં સામેલ થઈ છે. જોકે, અગાઉ રજૂ થયેલા ટીઝરના વિઝ્યુઅલ ઈફેક્ટ્સ અંગે સોશિયલ મીડિયા પર મિશ્ર પ્રતિક્રિયાઓ જોવા મળી હતી. હવે નવા ટ્રેલર બાદ ફિલ્મના દશ્યો અને તેની રજૂઆત અંગે ફરી ચર્ચા શરૂ થઈ છે. રાજામૌલીની પ્રશંસાથી ફિલ્મની ટીમને પ્રોત્સાહન મળ્યું છે અને હવે દર્શકોને ફિલ્મની અંતિમ રજૂઆતની આતુરતાથી રાહ છે.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ળ | વા | શિ | ચ | ડ | મા | ગુ | બૂ | રી | ધ | ન | મા |
| ભા | ર | મ | મ | દ | ડ | ઈ | મ | ગુ | લા | મ | ભો |
| વિ | ચી | રી | દ | સ | મ | ન | ગુ | ના | ક્ષ | મો | ર |
| રા | ણ | ળ | કા | આ | રો | મા | ર | આ | મ | ડી | ગ |
| શિ | ભો | ર | એ | તા | ન | ધ | બ | ણિ | ઉ | ઝ | પ્રા |
| વ | પ્ર | ઈ | પ | ગ | ભો | કી | ન | સ | લ | આ | સ |
| બં | અ | સ | દ | બ | હા | મ | ક | કા | આ | ન | કા |
| ચ | ક | ચા | ર | તી | ગી | ર | સ | ક્રો | વિ | મા | ર |
| ગ | જ્ઞા | ક્રો | ર | ર | ભ | જ | કા | ખ | ક | ર | અ |
| મ | ક | ન | ક | ખ | દ | ન | હિ | ડો | બા | કા | દ |
| ક | એ | ગ | ર | મ | ક | કા | ભો | તી | ણ | મા | ર |
| પ્ર | ચી | ફ | લ | હા | ળ | ક | બ | મ | ળ | મા | મા |

શબ્દ શોધો

ગઝલ, ગુમનામ, ગુમાન, ગુલામ, ચકચાર, ચમચી, જ્ઞાન, ડમરી, ડમરો, તાપસ

# સંગીતના ક્ષેત્રમાં સમયની સાથોસાથ પરિવર્તન પણ કરવું જરૂરી : હિમેશ રેશમિયા



મુંબઈ,
જાણીતા મ્યુઝિક ડાયરેક્ટર અને સિંગર હિમેશ રેશમિયાએ મ્યુઝિક ઈન્ડસ્ટ્રીની એક કડવી વાસ્તવિકતા પર વાત કરી છે. પોતાની વાત દિલ ખોલીને કરતા હિમેશ રેશમિયાએ જણાવ્યું હતું કે, બોલિવૂડની મ્યુઝિક ઈન્ડસ્ટ્રીમાં સફળ થવા માટે માત્ર સારો અવાજ હોવો જ પુરતું નથી. એક કલાકાર તરીકે તમારે ઘણા પ્રયોગ તમારી ફિલ્ડમાં કરવા પડે છે. મ્યુઝિક ક્ષેત્રમાં આવતા દરેક કલાકારે સમય સાથે થોડું પરિવર્તન કરવું જોઈએ. સમય સાથે પોતાને બદલવા જોઈએ. પોતાની કલાને વધારે શ્રેષ્ઠ બનાવવી જોઈએ.

મ્યુઝિકના કોઈપણ કાર્યક્રમમાં તમે જજ હોવ એટલે સારી ઓળખ હોવી અને ફેમ હોવી એ જ પુરતું નથી. તમારો અવાજ એક ઓળખ બનવો જોઈએ. વધુને વધુ લોકો સુધી તમારો અવાજ પહોંચે એવી ક્ષમતા પણ અહીયા અસર કરે છે. આ મ્યુઝિકની જર્નીને હું જીવી ચૂક્યો છું. એટલા માટે આ વાત હું કહું છું. જ્યારે તમને આ ક્ષેત્રમાં કોઈ મોટી સફળતા મળે છે એની સાથે મોટી ચેલેન્જ પણ આવે છે. પોતાની જાતને એક અલગ રીતે રજૂ કરવી અને સતત આગળ વધતા રહેવું કઠિન હોય છે પણ જરૂરી હોય છે. હું જ્યારે પણ કોઈ નવા ગાયક કે ગાયિકાને સાંભળું છું એ સમયે એની ગાયિકીની કોઈ ટેકનિક પર એટલું ધ્યાન આપતો નથી. હું એ જોવ છું કે, એ કલાકારની પોતાની ઓળખ શું? એનામાં આગળ વધવા માટે ક્ષમતા છે કે નહી? એની અંદર કોઈ ખાસ વાત છે કે, નહી. અવાજ તો રહેવાનો જ છે. જે એને બીજાથી અલગ કરે છે. તમારે તમારી જૂની સફળતાના ભરોસે બેસી રહેવું ન જોઈએ. કલાને વધારે બેસ્ટ બનાવવા માટે કામ કરતા રહેવું જોઈએ. હું તો મારી જર્નીમાંથી ઘણું શીખ્યો છું. પોતાની જાતને બદલી એટલે માત્ર પોતાની ઈમેજ બદલવી એવું બિલકુલ નથી. આનો અર્થ છે કે, તમે તમારી જાતને કેટલી ચેલેન્જ કરો અને એમાંથી કેવી રીતે પાર ઊતરો છો. નવા પ્રયોગો પર કામ કરવા માટે તમે કેટલા સક્ષમ છો. કામ માટે એક ઝનૂન હોવું જોઈએ.

# મુશ્કેલ સમયમાં સાથ આપનાર પત્ની રાધા માટે રાજપાલ યાદવ થયો ભાવુક



મુંબઈ,
બોલિવૂડ અભિનેતા રાજપાલ યાદવ હાલમાં ફિલ્મો કરતાં ચેક બાઉન્સ કેસને લઈને વધુ ચર્ચામાં છે. એક તરફ તેમણે સુપ્રીમ કોર્ટનો આભાર માન્યો છે કે, ૧૪ વર્ષ બાદ તેમને પક્ષ રજૂ કરવાની તક મળી, તો બીજી તરફ ?૨૨ કરોડના નવા દાવા સામે સવાલો ઉઠાવ્યા છે. આ દરમિયાન ૫૫ વર્ષના રાજપાલ યાદવે સોશિયલ મીડિયા પર લાંબી પોસ્ટ લખીને પત્ની રાધાનો આભાર માન્યો છે.

પત્નીને પરિવારનો 'હીરો' ગણાવતાં 'ભૂલભૂલૈયા'ના અભિનેતાએ કહ્યું કે, તેઓ ભાગ્યશાળી છે કે તેમના જીવનમાં રાધા જેવી વ્યક્તિ આવી, જેણે મુશ્કેલમાં મુશ્કેલ સમયમાં પણ તેમનો સાથ છોડ્યો નથી.

શનિવારે રાધાનો જન્મદિવસ હતો. આ પ્રસંગે રાજપાલ યાદવે પત્ની સાથેની એક સુંદર તસવીર શેર કરીને તેમને જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી. આ સાથે જ તેમણે કહ્યું કે, જીવનમાં અનેક મુશ્કેલીઓનો સામનો કરવા છતાં રાધા હંમેશાં તેમની સાથે ખડકની જેમ અડીખમ ઊભી રહી છે.

રાજપાલ યાદવનો ચેક બાઉન્સ કેસ મેસર્સ મુરલી પ્રોજેક્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ સાથે સંબંધિત છે. સુપ્રીમ કોર્ટે આ મામલો મધ્યસ્થી માટે મોકલ્યો છે. આ સાથે જ યોગ્ય શરતોને આધીન રાજપાલ યાદવને પાસપોર્ટ જાહેર કરવાનો નિર્દેશ પણ આપ્યો છે.

# રાજકોટના બોલબાલા મહાદેવજી સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા ૨૫૨ રાંદલ માતાજીના સમૂહ લોટાના અનુષ્ઠાનનું આયોજન

રાજકોટ

રાજકોટના બોલબાલા મહાદેવજી સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા તા.૧૯ના ગુરૂવારે મોઢ વણીક જ્ઞાતીની વાડી, રજપુતપરા ગોંડલ રોડ ખાતે ૨૫૨ રાંદલ માતાજીના સમુહ લોટા ધાર્મીકનું આયોજન કરવામાં આવ્યું છે.જેમાં ૨૦૦૦થી વધુ ગોરણીના પગ ધોઈ પૂજન કરી પ્રસાદ સાથે ગીફટ આપવામા રાંદોલની ઉપાસના કરી આશીર્વાદ પ્રાપ્ત થાય તે હેતુથી ઉપરોકત કાર્યક્રમ યોજવામાં આવેલ છે. તા.૧૯/૧૧ના વહેલી સવારથી માતાજીની પુજા વીધી તેમજ બપોરે ગરબા તેમજ સાંજે ૭ કલાકે ૧૦૦૧ દિવાની દીપમાળા કરી મહાઆરતી તેમજ આખી રાતનું જાગરણ કરી માં રાંદલને રાજી કરવામાં આવશે.

શ્રી રાંદલ માતાજી પ્રત્યેની અખૂટ શ્રધ્ધા ભકિત અને આસ્થાને કેન્દ્રમાં રાખીને આયોજીત આ પવિત્ર પ્રસંગે માતાજીના ભકતોને સમૂહ ઉત્સાહમાં સહભાગી થવાની તક મળશે આ અવસરે ધર્મભકતોને ઉત્સવમાં જોડાઈ માતાજીના આશીર્વાદ પ્રાપ્ત કરવા માટે અનુરોધ કરાયો છે. આ ઉત્સવ અંતર્ગત યજમાન તરીકે જોડાવા



ઈચ્છુક ભાવીકો માટે નોંધણી વ્યવસ્થા કરવામાં આવી છે. બે લોટા માટે રૂા.૨૫૦૦/- રકમ નિર્ધારીત કરવામાં આવી છે. જેમાં ગોરણી, ભોજન, ગીફટ, પુજાપો, વાડી, સાઉન્ડ, ફોટો, વિડીયો, બ્રાહ્મણની દક્ષિણા સહીત અનેક ખર્ચ સામેલ છે. કુલ ૭૦ યજમાનોની જ નોંધણી કરવામાં આવશે.

બોલબાલા મહાદેવજી સેવા સમાજ ટ્રસ્ટના પ્રમુખ જયેશ ઉપાધ્યાયના સંકલન હેઠળ કાંતીભાઈ પરમાર, મંજુબેન પટેલ, જોશનાબેન ટીલાળા, સકીનાબેન સામુવાલા, રંજનબેન કોટક, દાવડા પ્રફુલભાઈ, જયવંતભાઈ ચોવટીયા, હકાભાઈ ચૌહાણ, નિતીનભાઈ ભગદેવ, અરૂણભાઈ નિર્મળ, સુરેશભાઈ મારૂ, બોલબાલા સિનિયર સીટીઝન સમિતિ, બોલબાલાના ટ્રસ્ટીઓ, દાતાઓ તેમજ મેમ્બર્સ સ્ટાફ સહીત ઉપસ્થિત રહી આ ધાર્મીક કાર્યક્રમમાં પોતાની સેવા સાથે સહયોગ આપશે.

બોલબાલા મુખ્ય બ્રાંચ કાર્યાલયઃ ૩, મીલપરા મેઈન રોડ, કેનાલ રોડ નજીક રાજકોટ -૦૨૮૧-૨૨૩૭૦૦૦ (૨) બોલબાલા સેવા સદનઃ ૩, જીવન વિહાર સોસાયટી સ્વામિનારાયણ મંદિરની પાછળ, કાલાવડ રોડ, અમરનાથ ચોક નજીક, રાજકોટ- ૮૮૬૬૦ ૨૨૦૬૬ (૩) બોલબાલા સેવા ભવનઃ વાણીયાવાડી, શેરી નં.૪/૭, બોલબાલા માર્ગ, રાજકોટ- ૦૨૮૧ ૨૨૩૯૯૯૯ (૪) બોલબાલા મંદિરઃ ૯/૧૮ લક્ષ્મીવાડી ખાતે રાજકોટ-૦૨૮૧-૨૨૪૩૦૦૮ તેમ બોલબાલા મહાદેવજી સેવા સમાજ ટ્રસ્ટના પ્રમુખ જયેશ ઉપાધ્યાયે જણાવેલ છે.

# રાજકોટ શહેરમાં ફટાકડા સ્ટોલ માટે તા.૨૧મીએ જાહેર હરરાજી દ્વારા પ્લોટ ભાડે અપાશે

## ૭ જુદા-જુદા ટીપી પ્લોટમાં ફટાકડા સ્ટોલ અને સિઝનલ વ્યવસાય માટે જગ્યા ફાળવાશે

રાજકોટ,રાજકોટ મહાનગર પાલિકાની એસ્ટેટ શાખા હસ્તકના શહેરમાં આવેલ જુદાં-જુદાં ૦૭ (સાત) ટી.પી.પ્લોટ નાનામવા સર્કલ ખાતેના પ્લોટ રાજ પેલેસ સામે સાધુ વાસવાણી રોડ પર આવેલ પ્લોટ પ્રમુખ સ્વામી ઓડિટોરિયમ રૈયા રોડ પાસે આવેલ પ્લોટ, સાધુ વાસવાણી રોડ શાક માર્કેટ સામે આવેલ, રાજનગર મેઈન રોડ, ધરતી હોન્ડાની સામે આવેલ પ્લોટ, ટી.પી.નં.૨૬ (મવડી), એફ.પી.નં.૪/એ, સુવર્ણભૂમિની બાજુમાં આવેલ, અને મીન માર્ગ કોર્નર, ઝેડ-બ્લૂની સામે આવેલ ટી.પી.પ્લો)ટ તા.૩૦/૧૦ થી તા.૦૮/૧૧સુધી કે જરૂરીયાત મુજબ વધારાના દિવસો માટે દિવાળી તહેવાર નિમિતે ફટાકડાના વ્યવસાય તથા સીઝનેબલ વ્યવસાય માટે જાહેર હરાજીથી ભાડે આપવા તા.૨૧/૧૦ના રોજ સાંજે ૪ કલાકે કોન્ફરન્સ હોલ, સેન્ટ્રલ ઝોન કચેરી, રાજકોટ મહાનગરપાલિકા, ઢેબરભાઈ રોડ, રાજકોટ ખાતે હરાજી રાખવામાં આવેલ છે. જેમાં હરરાજીમાં ભાગ લેવા માટે તા.૨૧/૧૦ પહેલા ડીપોઝીટ પેટે રકમ રૂ.૧૦,૦૦૦/- ભરપાઈ કરવાની રહેશે.

ડીપોઝીટ ભર્યા વિના હરરાજીમાં ભાગ લઈ શકશે નહિ. જે સ્ટોલ ધારકોને હરરાજીમાં ગાળો લાગેલ નહી હોય તેમને કમિશનરની સુચના અન્વયે આ કામે ભરેલ રૂ.૧૦,૦૦૦/- ની ડીપોઝીટ વહેલી તકે ખાતામાં જમા કરવા કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આથી જેમને ભાગ લેવો હોય તે તા.૨૧/૧૦ પહેલા ડીપોઝીટની રકમ ભરપાઈ કરી વધુને વધુ વ્યવસાયીકો ભાગ લે તેવો પ્રયાસ એસ્ટેટ શાખા દ્વારા કરવામાં આવી રહેલ છે. આ કામની વધુ વીગતો માટે ડો. આંબેડકર ભવન, રાજકોટ મહાનગરપાલિકા, રૂમ.૧૦ એસ્ટેટ શાખા, ત્રીજો માળ ખાતે સંપર્ક કરવો.

# જૂનાગઢ જિલ્લાના નમો સરસ્વતી યોજના હેઠળ વિજ્ઞાન પ્રવાહના ૫૮૬૨ વિદ્યાર્થીઓને આર્થિક સહાયનો સીધો લાભ મળશે

## નમો સરસ્વતી યોજના હેઠળ ધોરણ ૧૧ અને ૧૨ સાયન્સના વિદ્યાર્થીઓની નોંધણી પૂર્ણ

યજ્ઞેશ ભટ્ટ, જુનાગઢ,

રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા વિજ્ઞાન પ્રવાહ (સાયન્સ સ્ટ્રીમ) પ્રત્યે વિદ્યાર્થીઓમાં અભિરુચિ કેળવવા અને વધુમાં વધુ પ્રવેશ માટે પ્રોત્સાહિત કરવા 'નમો સરસ્વતી યોજના' અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના અંતર્ગત કુમાર અને કન્યા તમામ પાત્ર વિદ્યાર્થીઓને આર્થિક સહાયનો સીધો લાભ મળવાપાત્ર બને છે. જેમાં વર્ષ ૨૦૨૬-૨૭માં જૂનાગઢ જિલ્લાના વિજ્ઞાન પ્રવાહના ૫૮૬૨ વિદ્યાર્થીઓ રૂ. ૨૫,૦૦૦ સુધીની આર્થિક સહાયનો સીધો લાભ મળશે.

આ સંદર્ભે વિગતો આપતા શિક્ષણ નિરીક્ષક શ્રી રણવીરસિંહ પરમાર દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, નમો સરસ્વતી યોજના એ રાજ્ય સરકાર દ્વારા ધોરણ ૧૧ અને ૧૨ માં સાયન્સ પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે શરૂ કરવામાં આવેલી એક મહત્વકાંક્ષી આર્થિક સહાય યોજના છે. આ યોજના હેઠળ ધોરણ ૧૧ અને ૧૨ ના અભ્યાસ દરમિયાન કુમાર અને કન્યા તમામ વિદ્યાર્થીઓને કુલ રૂ. ૨૫,૦૦૦ ની નાણાકીય સહાય આપવામાં આવે છે.

આ સહાયની જોગવાઈ મુજબ, શૈક્ષણિક વર્ષના ૧૦ મહિના માટે દર મહિને રૂ. ૧,૦૦૦ લેખે ધોરણ ૧૧ માં રૂ. ૧૦,૦૦૦ અને ધોરણ ૧૨ માં રૂ. ૧૦,૦૦૦ આપવામાં આવે છે. ત્યારબાદ ધોરણ ૧૨ સાયન્સ પૂર્ણ કરવા પર બાકીના રૂ. ૫,૦૦૦ ની સહાય ચૂકવવામાં આવે છે. સહાયની આ રકમ મેળવવા માટે વિદ્યાર્થીની દર મહિને ઓછામાં ઓછી ૮૦ ટકા હાજરી હોવી અનિવાર્ય છે અને આ રકમ ડાયરેક્ટ બેંક ટ્રાન્સફર દ્વારા વિદ્યાર્થીની માતાના આધાર કાર્ડ સાથે લિંક થયેલા બેંક ખાતામાં જમા કરવામાં આવે છે.

ઉલ્લેખનીય છે કે, જો કોઈ કન્યા વિદ્યાર્થીની સાયન્સ પ્રવાહમાં અભ્યાસ કરતી હોય, તો તેને 'નમો સરસ્વતી યોજના' ની સાથે 'નમો લક્ષ્મી યોજના' નો પણ બેવડો લાભ મળી શકે છે. રાજ્ય સરકારના આ સરાહનીય પગલાથી વિદ્યાર્થીઓને ઉચ્ચ માધ્યમિક વિજ્ઞાન પ્રવાહમાં શિક્ષણ મેળવવામાં મોટો આર્થિક ટેકો મળે છે, જેથી તેઓ ભવિષ્યમાં વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રે આગળ વધીને દેશના વિકાસમાં મહત્વનું યોગદાન આપી શકે.

# રાજકોટ શહેરની ૧૦ અને ગ્રામ્યની ૭ રેશનિંગ દુકાનોને બ્રાંચ ફાળવવા અને મર્જ કરવા મંજૂરી

## જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને મળેલી પૂરવઠા સલાહકાર સમિતિની બેઠકમાં નિર્ણય

રાજકોટ,

રાજકોટ શહેર અને ગ્રામ્યમાં લાંબા સમયથી વિવિધ કારણોસર ચાર્જમાં ચાલતી કુલ ૧૭ દુકાનોને આજરોજ જીલ્લા કલેકટરના ધ્યક્ષસ્થાને મળેલી પૂરવઠા સલાહકાર સમિતિની બેઠકમાં બ્રાંચ ફાળવવા અને નજીકની દુકાનો સાથે મર્જ કરવા માટે મંજૂરી અપાઈ હોવાનું જીલ્લા પૂરવઠા અધિકારી અજય ઝાપડાએ જણાવેલ હતું.

વધુમાં તેઓએ જણાવેલ હતું કે રાજકોટ શહેરની ઝોન ૧, ૩ અને ૪ની કુલ મળી ૧૦ દુકાનોને નજીકના વિસ્તારની દુકાનોમાં મર્જ કરવા મંજૂરી અપાઈ હતી. જયારે લોધીકા, ઉપલેટા, ધોરાજી અને જામકંડોરણા વિસ્તારની ૭ દુકાનો પૈકી ૫ દુકાનોને બ્રાંચ ફાળવવા અને બે દુકાનોને મર્જ કરવા માટે મંજૂરી અપાઈ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે,આજરોજ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે જિલ્લા કલેક્ટર ડો. ઓમપ્રકાશ ની અધ્યક્ષતામાં જિલ્લા પુરવઠા વિભાગ ની મીટિંગ યોજાઈ હતી જેમાં દિવાળીના તહેવારોને લઈને રાશન કાર્ડ ધારકોને વહેલાસર ખાંડ, તેલ તેમજ ખાદ્ય સામગ્રી મળી રહે તેવી રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સના ડિરેક્ટર રાજુ જુંજાએ કરેલી રજૂઆતના પગલે કલેક્ટર જણાવ્યું હતું કે રાશન કાર્ડ ધારકોની કોઈ ફરિયાદ ન આવે એવી વ્યવસ્થા કરવામાં આવી છે .

આ ઉપરાંત જિલ્લા પંચાયતના પ્રમુખ સંજયભાઈ પીપળીયાએ રજૂઆત માં જણાવ્યું હતું કે બહારથી આવતા મજૂરો પાસે એની પાસે અવેલેબલ હોય એટલા આધાર પુરાવાના આધારે રાશન આપવામાં આવે એના જવાબમાં પુરવઠા અધિકારી અજયભાઈ ઝાપડા એ ખાતરી આપી હતી કે અમો સસ્તા અનાજના દુકાનદારોને સૂચના આપી દઈશું બહારથી આવેલા કોઈ મજૂરોને તકલીફ નહીં પડે,આ ઉપરાંત જિલ્લામાં સુભની કામગીરી ૯૮ ટકા પૂર્ણ થઈ છે તેની જાણકારી આપવામાં આવી હતી.

તેમજ જિલ્લા કલેકટર ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા અને ચેમ્બરના પ્રતિનિધિ રાજુ જુંજા ને મધ્યાહન ભોજનના શેડ માટે ઈન્ડ્રસ્ટ્રીઝ ના ઉદ્યોગકારોને આગળ લાવવા જણાવ્યું હતું

# રાજકોટમાં બાલભવનમાં નવરાત્રી મહોત્સવમાં ભૂલકાઓનો રાસનો થનગનાટ

રાજકોટ,

દરવર્ષ બાલભવન રાજકોટ દ્વારા નવરાત્રીનું એકમાત્ર એવું આયોજન કરવામાં આવે છે કે જયાં ફકત બાળકો ઓરકેસ્ટ્રાના તાલમાં, જગમગાટ રોશની અને માતાજીની આરાધના સાથે ઝુમી ઉઠે છે. બાલભવન રાજકોટના ટ્રસ્ટી ડો. યજ્ઞેશભાઈ જોષી અને ડો. અલ્પનાબેન ત્રિવેદી (હેલીબેન)ના માર્ગદર્શન હેઠળ બાલભવનના ઓફીસ સુપ્રીન્ટેન્ડન્ટ કિરીટભાઈ વ્યાસ તથા બાલભવનની ટીમ દ્વારા બાળકો તથા મમ્મીઓ બહેનો માટે તા.૧૧થી તા.૨૦ સુધી કીડ્સ એન્ડ મોમ નવરાત્રી મહોત્સવનું સુંદર આયોજન કરવામાં આવેલ છે.

જેમાં બાલભવનના વિશાળ જોકર ગ્રાઉન્ડમાં ઓરકેસ્ટ્રા વસંત સાઉન્ડના તાલે રાત્રે ૮-૩૦થી



૧૧-૩૦ પથી ૧૦ વર્ષ એ ગ્રુપ, ૧૧થી ૧૬ વર્ષ બી ગ્રુપ, ૧૬થી મોટા બહેનો સી ગ્રુપ પ્રમાણે સીઝન પાસ ધરાવતા ખેલૈયાઓએ ગરબા દાંડીયારાસની રમઝટ બોલાવી સાથે સનેડો, ભાઈભાઈ, ટીટોડાના તાલમાં પણ ઝુમ્યા તથા બાલભવનની કાસ કૃતિ વંદે માતરમ તો બાળકોની સાથે ઉપસ્થિત તમામ મહેનાનો-વાલીઓના મનમાં વસી ગઈ.

રોજે રોજ ૫૦થી ૭૦ જેટલા બાળકો-બહેનોને પ્રિન્સ પ્રિન્સેસ જાહેર કરી ઈનામ પુરસ્કાર આપી સન્માનીત કરવામાં આવતી પરંપરા આ વર્ષે પણ જળવાઈ રહી તથા ડેઈલી પાસ ધરાવતા બાળકોમાંથી પણ વિજેતાઓને ઈનામ આપી સન્માનીત કરાયા હતા. મહાનુભાવોના વરદહસ્તે ઈનામ વિતરણ કરાયું હતું.

# જિલ્લા સેવા સદન ખાતે માર્ગ સલામતિ સમિતિ સહિતની વિવિધ બેઠક યોજાઈ

## ફટાકડા સ્ટોલની તપાસ અને ફાયર સેફટી સુનિશ્ચિત કરવા ખાસ સૂચન

વેરાવળ,

નિવાસી અધિક કલેક્ટર શ્રી રાજેશ આલના માર્ગદર્શનમાં માર્ગ સલામતિ સમિતિ, કાયદો અને વ્યવસ્થા, કોસ્ટલ સિક્યોરિટી સહિતની મેરેથોન બેઠકો યોજાઈ હતી.

જિલ્લા સેવા સદનના વી.સી.હોલમાં યોજાયેલી માર્ગ સલામતિ સમિતિની બેઠકમાં હાઈવે પરના અનધિકૃત પાર્કિંગ અને દબાણો, વિવિધ હોટેલ્સ, પેટ્રોલપંપ અને એકમ પાસે ઉભા કરવામાં આવેલા ગેરકાયદેસરના ગેપ, ગેરકાયદેસર ઊભા કરવામાં આવેલા સ્પીડબ્રેકર્સ સહિતના મુદ્દે ચર્ચાઓ કરવામાં આવી હતી.

નિવાસી અધિક કલેક્ટર શ્રી રાજેશ આલે આગામી દિવાળીના તહેવાર દરમિયાન હંગામી ફટાકડા સ્ટોલની તપાસ અને નીતિનિયમ અનુસાર ફાયર સેફ્ટી, પાર્કિંગ સહિતની વ્યવસ્થાઓની ચકાસણી કરી સલામતિના ધોરણો સુનિશ્ચિત કરવા સહિતની સૂચનાઓ આપી હતી.

કાયદો અને વ્યવસ્થાની બેઠકમાં સ્વરક્ષણ અને પાકરક્ષણ માટેના હથિયાર લાઈસન્સ, જાહેરનામા ભંગના કેસ, તડીપાર કેસો, બી.એન.એસની કલમ-૧૨૯ મુજબ કરાયેલી કાર્યવાહી, પેટ્રોલિયમ સ્ટોરેજ લાયસન્સની એન.ઓ.સી. પેન્ડિંગ અરજી સહિત મુદ્દાઓની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ડિસ્ટ્રિક્ટ કોસ્ટલ સિક્યુરિટી કમિટી, હિટ એન્ડ રન, નાર્કો સહિતની બેઠકોમાં વિવિધ મુદ્દાઓ પરત્વે સબંધિત અધિકારીશ્રીઓ સાથે ચર્ચા વિચારણા કરી નિવાસી અધિક કલેક્ટરશ્રીએ જરૂરી સૂચનો અને માર્ગદર્શન આપ્યું હતું.

આ બેઠકમાં નાયબ પોલિસ અધિક્ષક શ્રી સી.પી.ખટાણા, પ્રાંત અધિકારી સવશ્રી જે.વી.કાકડિયા, અજય શામળા સહિત આર.ટી.ઓ, માર્ગ અને મકાન વિભાગ, આરોગ્ય, રાષ્ટ્રીય રાજમાર્ગ પ્રાધિકરણ સહિતના વિભાગોના અધિકારીઓ અને ન્યૂ ઈન્ડિયા એશ્યોરન્સ કંપનીના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# આંતરરાષ્ટ્રીય વૈજ્ઞાનિકોની યાદીમાં સૌરાષ્ટ્ર યુનિ.ના બે સંશોધકોને સ્થાન





રાજકોટ

અમેરિકાની સ્ટેનફોર્ડ યુનિ. અને પબ્લિશિંગ હાઉસ દ્વારા તાજેતરમાં વૈજ્ઞાનિકોની ડેટા આધારિત જાહેર કરેલી યાદીમાં સૌ.યુનિ.ના બે સંશોધકોએ સ્થાન મેળવી યુનિ.ને ગૌરવ અપાવેલ છે.

જેમાં યુનિ. ભૌતીક શાસ્ત્ર ભવનના પ્રાધ્યાપક કુણાલ બી. મોદી, પ્રાજ્ઞાપક ડો.કુણાલ મોદીનો સમાવેશ અતિ પ્રતિષ્ઠિત કેરીયર લોંગ ઈમ્પેકટ ૨૦૨૧થી ૨૬ની કેટેગરીમાં થયો છે. તેમણે અત્યાર સુધીમાં ૨૦૦ જેટલા સંશોધનપત્રો પ્રકાશીત કર્યા છે. તેમની આ સંશોધનાત્મક સફર માટે તેમને ૩ નેશનલ અને ૫ સ્ટેટ લેવલના સંશોધન પુરસ્કાર પણ મળી ચૂકયા છે. આ ઉપરાંત પ્રિયા વી. પટેલ ફાર્મસી વિભાગ ફાર્મસી વિભાગના અધ્યક્ષ અને આસી.પ્રો. ડો.પ્રિયા વી. પટેલનું નામ સીંગલ યર ઈમ્પેકટ ૨૦૨૬ની કેટેગરીમાં સામેલ થયું છે. તેમણે સંશોધન ક્ષેત્રે અત્યાર સુધીમાં ૯૦ જેટલા સંશોધન પત્રો અને ૭ જેટલા પુસ્તકો પ્રકાશીત કર્યા છે.

# જૂનાગઢ ખાતેની બહાઉદ્દીન આર્ટ્સ કૉલેજના વિદ્યાર્થી રાઠોડ હર્ષની યોગાસન સ્પર્ધામાં શાનદાર સિદ્ધિ

## રિધમિક યોગામાં પ્રથમ સ્થાન મેળવ્યું : ઓલ ઈન્ડિયા આંતર-યુનિવર્સિટી સ્પર્ધામાં ભાગ લેશે

જૂનાગઢ,

શ્રી એમ. એમ. ઘોડાસરા મહિલા કૉલેજ, જૂનાગઢ ખાતે યોજાયેલી ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી આંતર-કૉલેજ યોગાસન સ્પર્ધામાં બહાઉદ્દીન આર્ટ્સ કૉલેજ, જૂનાગઢના વિદ્યાર્થી રાઠોડ હર્ષે રિધમિક યોગા ઈવેન્ટમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

હર્ષે નિયમિત યોગસાધના, સઘન અભ્યાસ, એકાગ્રતા, શિસ્ત અને અથાગ મહેનતના બળે આ ગૌરવપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. આંતર-કૉલેજ સ્તરની સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવી તેમણે પોતાની યોગપ્રતિભાનો આગવો પરિચય કરાવ્યો છે.

આ સિદ્ધિના પરિણામે હર્ષ આગામી સમયમાં ગુજરાતના સિદ્ધપુર ખાતે આવેલી ગોકુલ



ગ્લોબલ યુનિવર્સિટી ખાતે યોજાનારી ઓલ ઈન્ડિયા આંતર-યુનિવર્સિટી યોગાસન સ્પર્ધામાં ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરશે. આમ, તેમને રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં પોતાની પ્રતિભા પ્રદર્શિત કરવાની મહત્વપૂર્ણ તક પ્રાપ્ત થઈ છે.

હર્ષની આ નોંધપાત્ર સિદ્ધિ બદલ બહાઉદ્દીન આર્ટ્સ કૉલેજના આચાયશ્રી ડૉ. જે. આર. વાંઝાએ હાર્દિક અભિનંદન પાઠવી આગામી સ્પર્ધામાં પણ શ્રેષ્ઠ પ્રદર્શન માટે શુભેચ્છાઓ પાઠવી હતી. કૉલેજના સમગ્ર સ્ટાફ પરિવારે પણ હર્ષની સિદ્ધિને બિરદાવી તેમને અભિનંદન પાઠવ્યાં હતાં.

હર્ષની આ સફળતા કૉલેજના અન્ય વિદ્યાર્થીઓ માટે પણ પ્રેરણારૂપ બની છે. યોગક્ષેત્રે તેમણે પ્રાપ્ત કરેલી આ સિદ્ધિ યુવા પ્રતિભાઓમાં રમતગમત અને યોગ પ્રત્યેનો ઉત્સાહ વધારવામાં પ્રેરક બની રહેશે. હર્ષ આગામી ઓલ ઈન્ડિયા આંતર-યુનિવર્સિટી યોગાસન સ્પર્ધામાં પણ શ્રેષ્ઠ પ્રદર્શન કરી કૉલેજ તેમજ ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીનું નામ રાષ્ટ્રીય સ્તરે ગૌરવપૂર્વક ઉજાગર કરશે. તેવો વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો છે. તેમ એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# રાજકોટના વોર્ડ નં.૧૧ની ગરબીમાં બાળાઓને ઘડિયાળની લ્હાણી



રાજકોટ,રાજકોટ શહેરના વોર્ડ નં.૧૧ના કોર્પોરેટર મહેશભાઈ પીપળીયા દ્વારા નવરાત્રી મહોત્સવમાં ભાગ લેનાર તમામ બાળાઓને દિવાલ ઘડીયાળની લ્હાણી અર્પણ કરવામાં આવી હતી.

# ફ્રાન્સથી લઈને ઈટાલી સુધી અશાંતિ : લૂંટફાટ અને તોડફોડની ઘટનાઓ

## માસ્ક પહેરેલા પ્રદર્શનકારીઓએ હિંસામાં ઉતરીને દુકાનો લૂંટી, આગ લગાવી અને જાહેર ઈમારતો, લક્ઝરી સ્ટોર્સ અને સુપરમાર્કેટને નિશાન બનાવ્યા, જ્યારે ફ્રાન્સ અને ઈટાલીમાં પોલીસ અધિકારીઓ અને વાહનો પર હુમલો

યુરોપ

યુરોપમાં વિરોધ પ્રદર્શનોનો દોર જોવા મળી રહ્યો છે, જેમાં હજારો લોકો વધતા જીવનનિર્વાહના ખર્ચ, નબળી જાહેર સેવાઓ અને વધતા રહેઠાણ સંકટને લઈને રસ્તાઓ પર ઉતરી રહ્યા છે. ફ્રાન્સ અને ઇટાલીના કેટલાક ભાગોમાં પ્રદર્શનો હિંસક બન્યા છે, જેના કારણે વ્યાપક તોડફોડ, લૂંટફાટ અને સેંકડો ધરપકડ કરવામાં આવી છે.



સપ્તાહના અંતે, માસ્ક પહેરેલા પ્રદર્શનકારીઓએ હિંસામાં ઉતરીને દુકાનો લૂંટી, આગ લગાવી અને જાહેર ઈમારતો, લક્ઝરી સ્ટોર્સ અને સુપરમાર્કેટને નિશાન બનાવ્યા, જ્યારે ફ્રાન્સ અને ઈટાલીમાં પોલીસ અધિકારીઓ અને વાહનો પર હુમલો કર્યો. બેલ્જિયમ અને પોર્ટુગલમાં શનિવારે નાના વિરોધ પ્રદર્શનો પણ થયા. અલ્બેનિયામાં, કથિત સરકારી ભ્રષ્ટાચાર, નોકરીઓની અછત અને નબળા શૈક્ષણિક ધોરણોને લઈને પ્રદર્શનકારીઓ રસ્તા પર ઉતરી આવ્યા હતા. ફ્રાન્સમાં, ૧,૮૦૦ થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી છે, ગૃહમંત્રી લોરેન્ટ નુનેઝે જણાવ્યું હતું. ઠ પરની એક પોસ્ટમાં, તેમણે કહ્યું, "રિપબ્લિક હાર માનશે નહીં" કારણ કે પ્રદર્શનોમાં ૫૦૦ થી વધુ પોલીસ અધિકારીઓ, જાતિ અને અગ્નિશામક ઘાયલ થયા છે.

"ભૌતિક નુકસાન નોંધપાત્ર છે," નુનેઝે ઉમેર્યું, નુકસાન પામેલી દુકાનો તરફ ઈશારો કરીને, હજારો "દૂર-ડાબેરી" વિરોધીઓ અને ફ્રાન્સમાં "ગુનેગારો જેમણે લૂંટફાટ અને તોડફોડ" કરી હતી તેમને દોષી ઠેરવ્યા. "પ્રજાસત્તાક અવ્યવસ્થા અને હિંસા લાદવા માંગતા લોકોને કંઈ આપશે નહીં," તેમણે ઉમેર્યું.

પેરિસ પોલીસે રવિવારે જણાવ્યું હતું કે વધતા જીવન ખર્ચનો વિરોધ કરતા લગભગ ૧૧૦,૦૦૦ લોકોએ ભાગ લીધો હતો તે કૂચ દરમિયાન લૂંટફાટ સહિત, વિરોધીઓ અને પોલીસ વચ્ચે અથડામણો થયા બાદ ૮૫૫ લોકોની ધરપકડ કરવામાં આવી હતી.

## યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફ્રેન્ચ શહેરોમાં અશાંતિ માટે 'ઈમિગ્રેશન' ને જવાબદાર ઠેરવ્યું

વોશિંગ્ટન,

ફ્રાન્સમાં વ્યાપક અશાંતિ માટે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રવિવારે "લોકોના સ્થળાંતર" ને જવાબદાર ઠેરવ્યા હતા, કારણ કે પેરિસ, નાઈસ, માર્સેલી અને અન્ય શહેરોમાં વધતી જતી મોંઘવારીને લઈને હિંસક વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યા હતા.

ફ્રાન્સમાં પોલીસે વધતા જીવન ખર્ચને લઈને વિરોધ પ્રદર્શનો દરમિયાન અધિકારીઓ સાથે અથડામણ અને દુકાનોમાં લૂંટ ચલાવ્યા બાદ દેશભરમાં ઓછામાં ઓછા ૧,૮૦૦ લોકોની ધરપકડ કરી હોવાના અહેવાલ છે ત્યારે અમેરિકન રાષ્ટ્રપતિની આ ટિપ્પણી આવી છે.

ટ્રમ્પે ટ્રૂથ સોશિયલ પર એક પોસ્ટમાં કહ્યું હતું કે, "ફ્રાન્સ સળગી રહ્યું છે! એક સંપૂર્ણપણે અલગ દુનિયાના લોકોના સ્થળાંતર, તેમના હૃદયમાં નફરત ધરાવતા લોકોએ એક સમયે મહાન દેશને બરબાદ કરી દીધો છે."

"તમારી સરહદો બંધ કરો અને નિયંત્રણ મેળવો, તે પહેલાં ખૂબ મોડું થઈ જાય," યુએસ રાષ્ટ્રપતિએ ઉમેર્યું.

ઊંચા ફુગાવા અને જીવનનિર્વાહના ખર્ચ સામેના વિરોધ પ્રદર્શનો દરમિયાન, માસ્ક પહેરેલા યુવાનોએ પેરિસ અને અન્ય ઘણા શહેરોમાં દુકાનોમાં લૂંટ ચલાવી હતી.

એસોસિએટેડ પ્રેસના અહેવાલ મુજબ, અધિકારીઓએ માહિતી આપી હતી કે શનિવારે માસ્ક પહેરેલા જૂથોએ વિવિધ શહેરોમાં સિટી હોલ સહિત જાહેર ઈમારતોમાં આગ લગાવી અને હુમલો કર્યો.

# દરિયાકાંઠાના ડ્રગ દાણચોરીના નેટવર્કનો પર્દાફાશ તમિલનાડુમાં ૪ લોકોની ધરપકડ

## ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ દ્વારા સમુદ્ર માર્ગે શ્રીલંકામાં ડ્રગ્સની દાણચોરીનો પ્રયાસ નિષ્ફળ બનાવવામાં આવ્યો

નાગપટ્ટનમ

તમિલનાડુના દરિયાકાંઠાના પ્રદેશમાં તાજેતરના વર્ષોમાં સૌથી મોટા નાર્કોટિક્સ જપ્તીમાંથી એકમાં, સંગઠિત ડ્રગ તસ્કરી સામેની એક મોટી કાર્યવાહીમાં, ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (DRI) એ તમિલનાડુના નાગપટ્ટનમ જિલ્લાના દરિયાકાંઠાના એક ગામમાંથી ૧૩૭ કિગ્રા (ગ્રોસ) ક્રિસ્ટલ મેથામ્ફેટામાઈન, એક પ્રતિબંધિત સિન્થેટિક ડ્રગ જપ્ત કર્યું છે. ચોક્કસ ગુપ્ત માહિતીના આધારે, DRI અધિકારીઓએ ૧૬-૧૭ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન સઘન તપાસ અને એન્ફોર્મેશન ઓપરેશન હાથ ધર્યું હતું, જેમાં શ્રીલંકામાં નશીલા પદાર્થોની તસ્કરી કરવાનો પ્રયાસ કરી રહેલા શંકાસ્પદ દરિયાકાંઠાના ડ્રગ-તસ્કરી નેટવર્કનો સફળતાપૂર્વક પર્દાફાશ કર્યો હતો. આ જથ્થો મિડ-સી ટ્રાન્સફર દ્વારા શ્રીલંકામાં તસ્કરી કરવાનો હતો. ગેરકાયદેસર ડ્રગ માર્કેટમાં જપ્ત કરાયેલ પ્રતિબંધિત સામગ્રીની કિંમત ૧૦૦ કરોડ રૂપિયાથી વધુ હોવાનો અંદાજ છે.

આ ઓપરેશન ચોક્કસ ગુપ્ત માહિતીને અનુસરીને હાથ ધરવામાં આવ્યું હતું જેમાં સંકેત મળ્યો હતો કે સંગ્રહ કરવા અને શ્રીલંકામાં આગળની તસ્કરી માટે નાગપટ્ટનમ જિલ્લાના દરિયાકાંઠાના સ્થળે નશીલા પદાર્થોનો મોટો જથ્થો પરિવહન કરવામાં આવ્યો હતો.

# ભારત મહત્વપૂર્ણ સાથી, અમેરિકાએ નવી દિલ્હીની ઊર્જા જરૂરિયાતોને ધ્યાનમાં લેવી જોઈએ : માર્કો રુબિયો

## ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્રને વૈશ્વિક અને અમેરિકી અર્થતંત્ર પર આ પગલાંની સંભવિત અસરોનું મૂલ્યાંકન કરવા માટે ૯૦ દિવસનો સમય આપે

વોશિંગ્ટન,

અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ જણાવ્યું છે કે, રશિયા પરના પ્રતિબંધો અને ભારત સહિત રશિયન તેલની આયાત કરતા દેશો પરના ટેરિફ (આયાત શુલ્ક) માં આપવામાં આવેલી છૂટ, ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્રને વૈશ્વિક અને અમેરિકી અર્થતંત્ર પર આ પગલાંની સંભવિત અસરોનું મૂલ્યાંકન કરવા માટે ૯૦ દિવસનો સમય આપે છે.

રુબિયોએ શનિવારે સાંજે વોશિંગ્ટન નજીક આવેલા 'જોઈન્ટ બેઝ એન્ડ્રૂઝ' ખાતે આ ટિપ્પણી કરી હતી, જ્યારે તેઓ ઉઝબેકિસ્તાન અને ભારતની છ દિવસીય મુલાકાતે જવા રવાના થઈ રહ્યા હતા. તેમણે કહ્યું કે, વૈશ્વિક ઊર્જા પુરવઠા પરના દબાણ અને ચાલી રહેલા ભૌગોલિક-રાજકીય સંઘર્ષો વચ્ચે, પ્રતિબંધો અને ટેરિફની અસરોનું મૂલ્યાંકન કરવા માટે વહીવટીતંત્રને સમયની જરૂર છે. અમેરિકાએ રશિયા પરના પ્રતિબંધો કેમ અટકાવ્યા છે?



શુક્રવારે, ટ્રમ્પે 'લિન્ડસે ઓ. ગ્રેહામ સેક્શનિંગ રશિયા એન્ડ ઈરાન એક્ટ' (જેને 'ગ્રેહામ એક્ટ' તરીકે પણ ઓળખવામાં આવે છે) ની મુખ્ય જોગવાઈઓમાં છૂટ આપી હતી. આ કાયદા હેઠળ રશિયન તેલ ખરીદતા દેશો પર દંડાત્મક ટેરિફ લાદવાની સત્તા હતી. આ નિર્ણયથી ભારતને રાહત મળી છે, જે દેશો પર આ પ્રસ્તાવિત પગલાંની અસર થઈ શકી હોત. આ છૂટ અંગે વાત કરતા રુબિયોએ કહ્યું કે, રાષ્ટ્રપતિ રશિયા પર પ્રતિબંધો અને અન્ય દેશો પર ટેરિફ લાદવાના સંભવિત પરિણામોનું મૂલ્યાંકન કરવા માટે આ ૯૦ દિવસના સમયગાળાનો ઉપયોગ કરવા માંગે છે. રુબિયોએ કહ્યું, "મને લાગે છે કે રાષ્ટ્રપતિ ૯૦ દિવસના સમયગાળાનો ઉપયોગ એ વિશ્લેષણ કરવા માટે કરવા માંગે છે કે પ્રતિબંધો અને ટેરિફ બંને લાદવાથી વૈશ્વિક અર્થતંત્ર અને અમેરિકી અર્થતંત્ર પર શું અસર પડશે.

# પારસ હેલ્થકેર લિમિટેડનો ipo ૨૧ ઓક્ટોબરે ખુલશે



**પારસ હેલ્થકેર લિમિટેડ નો ipo ૨૧ ઓક્ટોબર થી ખુલી રહ્યો છે શેરની પ્રાઈસ બેન્ડ શેર દીઠ રૂ. ૯૬૦ થી રૂ.૯૯૩ નક્કી કરાઈ છે. બિડ/ઓફર ખૂલવાની તારીખ ૨૧ ઓક્ટોબર, ૨૦૨૬ છે અને ૨૩ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ બંધ થશે. ઓછામાં ઓછાં ૨૧ ઈક્વિટી શેર અને ત્યારબાદ ૨૧ ઈક્વિટી શેર ના ગુણાંકમાં બિડ કરી શકાશે.**

# પંજાબના સંગરૂરમાં પૂરપાટ ઝડપે આવતી કારે કામદારોને કચડી નાખતા આઠ લોકોના મોત

## મજૂરોનું જૂથ રસ્તાની બાજુમાં બેઠું હતું ત્યારે પૂરપાટ ઝડપે આવતી કાર તેમને ટક્કર મારી

સંગરૂર,

પંજાબ પોલીસે જણાવ્યું હતું કે, રવિવારે પંજાબના સંગરુર જિલ્લામાં લેહરાગાગા-જાખર રોડ પર એક પૂરપાટ ઝડપે આવતી કારે MGNREGA (મનરેગા) હેઠળ કામ કરતા મજૂરોને કચડી નાખતા ઓછામાં ઓછા આઠ લોકોના મોત થયા છે. આ અકસ્માત ત્યારે થયો જ્યારે રસ્તાની બાજુમાં ઓછામાં ઓછા ૨૫ મજૂરો કામ કરી રહ્યા હતા.

એક પ્રત્યક્ષદર્શીના જણાવ્યા અનુસાર, મજૂરોનું આ જૂથ રસ્તાની બાજુમાં બેઠું હતું ત્યારે પૂરપાટ ઝડપે આવતી કાર તેમને ટક્કર મારી ગઈ.

ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરાયા

અહેવાલો મુજબ, પાંચ મજૂરોનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં, જ્યારે અન્ય લોકોનાં સારવાર દરમિયાન મૃત્યુ થયાં હતાં, જેનાથી મૃત્યુઆંક વધીને આઠ પર પહોંચ્યો છે. અન્ય ઘણા લોકો ઘાયલ થયા છે, જેમણે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

મૃતકોની ઓળખ કરમજીત કૌર, જીવન સિંહ, નિક્કી, સરબજીત કૌર, રણજીત કૌર, કરમજીત, રાની કૌર અને દેશરાજ તરીકે થઈ છે. દેશરાજ સિવાયના બાકીના તમામ લોકો સંગરુર જિલ્લાના લેહરાગાગા નજીક આવેલા અલીશેર ગામના રહેવાસી હતા; દેશરાજનું સરનામું સ્પષ્ટ થયું નથી.

સંગરુરના પોલીસ અધિક્ષક (SP) પલવિંદર ચીમાએ જણાવ્યું હતું કે, કાર ચાલકની ઓળખ થઈ ગઈ છે અને તેને શોધી કાઢવામાં આવ્યો છે. તેમણે ઉમેર્યું કે ટૂંક સમયમાં તેની ધરપકડ કરવામાં આવશે.

અકસ્માતમાં સામેલ વાહન 'શેવરોલે મેગ્નમ' (Chevrolª Magnum) હોવાનું જાણવા મળ્યું છે, જે પંજાબના રજિસ્ટ્રેશન નંબર ધરાવે છે. કાર ચાલકની ઓળખ રૈધરાના ગામના રહેવાસી પરગત સિંહ ઉર્ફે 'કાલા' તરીકે થઈ છે. પંજાબના કેબિનેટ મંત્રી બરિન્દર કુમાર ગોયલે આ ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું છે.

# મણિપુરના કામજોંગમાં ઉગ્રવાદીઓ દ્વારા ગોળીબારમાં એકનું મોત

કામજોંગ,

મણિપુરમાં ફરી એકવાર અશાંતિ ફેલાઈ રહી હોય તેવું લાગે છે. પોલીસના જણાવ્યા અનુસાર, શનિવારે મણિપુરના કામજોંગ જિલ્લાના એક ગામમાં શંકાસ્પદ ઉગ્રવાદીઓએ ગોળીબાર કર્યો હતો, જેમાં ૩૬ વર્ષીય વ્યક્તિનું મોત નીપજ્યું હતું અને અન્ય ચાર લોકો ઘાયલ થયા હતા. પોલીસે વધુમાં જણાવ્યું કે, બપોરે અઢી વાગ્યાની આસપાસ ઉગ્રવાદીઓએ કુકી સમુદાયના ચસાદ (ઝરઠજજઢૠ) ગામમાં અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. ત્યારબાદ, સ્થાનિક સશસ્ત્ર જૂથ અને શંકાસ્પદ ઉગ્રવાદીઓ વચ્ચે સામસામે ગોળીબાર (એન્કાઉન્ટર) થયો હતો. અધિકારીએ જણાવ્યું કે, "સાંજ સુધી ગોળીબાર ચાલુ હતો."

ઘાયલોને હોસ્પિટલમાં ખસેડાયા

શંકાસ્પદ ઉગ્રવાદીઓના હુમલામાં ગામના મુખિયા થાંગજાહોઉ હાઓકિપ (૪૮) અને અન્ય ચાર વ્યક્તિઓ - ખેલુન હાઓકિપ, સેઈખોહોઉ, હેગિન હાઓકિપ અને સેઈપાઓ હાઓકિપ - ઘાયલ થયા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, તમામ ઘાયલોને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં સેઈખોહોઉનું ઈજાઓને કારણે મૃત્યુ થયું હતું. આ ઉપરાંત, 'કમિટી ઓન ટ્રાઈબલ યુનિટી' એ એક નિવેદન જારી કરીને ચસાદ ગામ પર થયેલા હુમલાની નિંદા કરી છે અને રાજ્ય સરકારને ત્યાં કેન્દ્રીય દળો તૈનાત કરવા વિનંતી કરી છે.

# દુર્ગા પૂજા દરમિયાન ભીડ વ્યવસ્થાપનની જવાબદારી 9 IPS અધિકારીઓને સોંપાઈ

## સુરક્ષા એજન્સીના પ્રતિનિધિ અને ઈવેન્ટ મેનેજમેન્ટ કંપનીના અધિકારી સહિત ૭ લોકો કસ્ટડીમાં મોકલાયા

કોલકાતા,

ઉત્તર કોલકાતાના ચોરબાગાન દુર્ગા પૂજા પંડાલમાં થયેલી નાસભાગમાં ઓછામાં ઓછા ૧૯ લોકોના મોત થયા છે અને ૨૫ અન્ય લોકો ઘાયલ થયા છે. ઘાયલોને સારવાર માટે મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી (નોંધઃ અહેવાલમાં ઉલ્લેખિત નામમાં ક્ષતિ હોઈ શકે છે, સુવેન્દુ અધિકારી અને પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જી સહિતના અનેક નેતાઓએ આ મૃત્યુ પર શોક વ્યક્ત કર્યો છે.

પશ્ચિમ બંગાળ સરકારે મૃતકોના દરેક પરિવારને ૨૫ લાખ રૂપિયાનું વળતર અને સરકારી નોકરી આપવાની જાહેરાત કરી છે.

શનિવારે સાંજે બે દિવસીય મુલાકાતે પશ્ચિમ બંગાળ પહોંચેલા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કોલકાતાની એપોલો હોસ્પિટલની મુલાકાત લીધી અને ઘાયલોના ખબરઅંતર પૂછ્યા. સુવેન્દુ અધિકારીએ જણાવ્યું હતું કે ચોરબાગાન સાર્વજનિક દુર્ગા પૂજા પંડાલમાં થયેલી નાસભાગમાં ૧૯ લોકોના મોત થયા છે, જેમાંથી ૧૭ લોકોના ઘટનાસ્થળે જ મૃત્યુ થયા હતા. તેમણે કહ્યું કે ઓછામાં ઓછા ૨૫ લોકો ઘાયલ થયા છે, જેમાંથી એકની હાલત ગંભીર છે. તેમણે મૃતકોના દરેક પરિવાર માટે ૨૫ લાખ રૂપિયાની સહાય અને સરકારી નોકરીની જાહેરાત કરી. ઘાયલોને વ્યક્તિ દીઠ ૫ લાખ રૂપિયા આપવામાં આવશે. પોલીસે આયોજક, સુરક્ષા એજન્સીના પ્રતિનિધિ અને ઈવેન્ટ મેનેજમેન્ટ કંપનીના અધિકારી સહિત ૭ લોકોની ધરપકડ કરી છે. મમતા બેનર્જીના નેતૃત્વ હેઠળની તૃણમૂલ કોંગ્રેસ (TMC) એ આરોપ લગાવ્યો છે કે ભીડના નબળા સંચાલન અને પોલીસની અપૂરતી હાજરીને કારણે આ નાસભાગ સર્જાઈ હતી.

# ટ્રમ્પે કેન્ટકીમાં દવાના પ્લાન્ટમાં કરાયેલા ૧૦૦ મિલિયન ડોલરના રોકાણને મધ્યસત્ર ચૂંટણીમાં રિપબ્લિકન પક્ષની જીત સાથે જોડ્યું

## યુએસની મધ્યસત્ર ચૂંટણી પહેલા અમેરિકન પ્રમુખનું મોટું નિવેદન

વોશિંગ્ટન,

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કેન્ટુકીના વિન્ચેસ્ટરમાં ફાર્માસ્યુટિકલ ઉત્પાદન સુવિધામાં ઈ૧૦૦ મિલિયનના રોકાણનું વચન આપ્યું છે, પરંતુ કહ્યું છે કે આ રોકાણ ૩ નવેમ્બરની મધ્યસત્ર ચૂંટણીમાં રિપબ્લિકન જીતે તેના પર નિર્ભર છે. ટ્રમ્પે ૧૭ ઓક્ટોબરના રોજ કેન્ટુકીના હાઈલેન્ડ હાઈટ્સમાં એક રેલી દરમિયાન આ જાહેરાત કરી હતી.

ટ્રમ્પે કહ્યું હતું કે યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ વોર વિન્ચેસ્ટર, કેન્ટુકીમાં એક મોટી દવા ઉત્પાદન સુવિધાને પુનર્જીવિત કરવા માટે ફાર્માસ્યુટિકલ કંપની એન્થિયામાં ઈ૧૦૦ મિલિયનનું રોકાણ કરશે. તેમણે આ રોકાણને એક પગલા તરીકે રજૂ કર્યું જે મધ્યસત્ર ચૂંટણીના પરિણામ પર આધારિત હશે.

ટ્રમ્પે કહ્યું કે જો ડેમોક્રેટ્સ ચૂંટણી જીતે તો રોકાણ થશે નહીં. તેમણે દલીલ કરી હતી કે ડેમોક્રેટ્સ પ્રોજેક્ટ કેવી રીતે હાથ ધરવો તે જાણતા નથી, એમ કહીને કે તેઓ "તે કરી શકશે નહીં" અને "તેમને કોઈ ખ્યાલ નથી", યુએસએ ટુડે અનુસાર.

યુએસ પ્રતિનિધિ એન્ડી બાર અને સંરક્ષણ વિભાગના પ્રતિનિધિઓએ ટ્રમ્પની જાહેરાત પર ટિપ્પણી માટેની વિનંતીઓનો તાત્કાલિક જવાબ આપ્યો ન હતો. બાર યુએસ સેનેટ માટે રિપબ્લિકન ઉમેદવાર છે અને હાલમાં તે કોંગ્રેસનલ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરે છે જ્યાં વિન્ચેસ્ટર સ્થિત છે.

ટ્રમ્પે તેમના ભાષણ દરમિયાન કેન્ટુકીમાં અન્ય મોટા ઔદ્યોગિક રોકાણો પર પણ પ્રકાશ પાડ્યો. આમાં લુઈસવિલેના એપ્લાયન્સ પાર્કને વિસ્તૃત કરવા માટે ય્ઈ એપ્લાયન્સિસ અને મજૂર સંઘે ઈ-ઝઉછ દ્વારા જાહેર કરાયેલ ઈ૧ બિલિયનના રોકાણનો સમાવેશ થાય છે. `જીછ ટુડે દ્વારા ટાંકવામાં આવેલી કેન્ટુકી સરકારની જાહેરાત અનુસાર, આ પ્રોજેક્ટ આ સ્થળને યુનાઈટેડ સ્ટેટ્સમાં સૌથી મોટી હોમ એપ્લાયન્સ ઉત્પાદન સુવિધા બનાવવાની અપેક્ષા છે.

કેન્ટુકી રેલી ૨૦૨૬ ની મધ્યસત્ર ચૂંટણી પહેલા ટ્રમ્પના પ્રચાર પ્રવાસનો એક ભાગ હતી. ૩ નવેમ્બરના રોજ મતદારો મતદાન માટે જાય તે પહેલાં તેમણે રિપબ્લિકન ઉમેદવારો માટે સમર્થન મેળવવા માટે ઉત્તરી કેન્ટુકીની મુલાકાત લીધી હતી.

એન્ડી બાર અને એડ ગેલેરીન



ટ્રમ્પની રેલીમાં જોડાયા કેન્ટુકીના ૪થા કોંગ્રેસનલ ડિસ્ટ્રિક્ટ માટે રિપબ્લિકન ઉમેદવાર, એન્ડી બાર અને એડ ગેલેરીન, રેલી દરમિયાન સ્ટેજ પર ટ્રમ્પ સાથે જોડાયા. મીડિયા સૂત્રોના જણાવ્યા અનુસાર, બાર યુએસ સેનેટમાં બેઠક માંગી રહ્યા છે, જ્યારે ગેલેરીન હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ માટે ચૂંટણી લડી રહ્યા છે.

# સમગ્ર દેશ જાણે છે કે CEC જ્ઞાનેશ કુમાર 'વોટ ચોરી'નો અમલ કરે છે: રાહુલ ગાંધી

## કથિત 'મત ચોરી' દ્વારા બંધારણીય માળખા પર કરવામાં આવેલા હુમલાને સ્વીકારશે નહીં

પણજી (ગોવા),

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર પર કથિત 'મત ચોરી' (મતની ચોરી) અમલમાં મૂકવાનો આરોપ લગાવ્યો છે. તેમણે દાવો કર્યો છે કે, "કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે તેને અમલમાં મૂક્યું અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ યોજના ઘડી."

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર 'મત ચોરી'ને અંજામ આપે છેઃ રાહુલ ગાંધી

ગોવાના માર્ગાઓમાં કોંગ્રેસની 'ગોય રાખોન યાત્રા' (ગોવા બચાવો યાત્રા)માં જોડાયા બાદ એક જાહેર સભાને સંબોધતા રાહુલ ગાંધીએ કહ્યું, "જ્ઞાનેશ કુમાર મત ચોરીને અંજામ આપે છે, અમિત શાહ તેને અમલમાં મૂકે છે અને નરેન્દ્ર મોદી પડદા પાછળ રહીને આ સમગ્ર યોજના ઘડે છે."

તેમણે પોતાની સામે દાખલ કરાયેલા ૪૫થી વધુ માનહાનિના કેસોનો ઉલ્લેખ કરતા દાવો કર્યો કે, વારંવાર 'મત ચોરી'નો આરોપ લગાવવા છતાં, ખાસ કરીને આ આરોપને લઈને કોઈ કેસ દાખલ કરવામાં આવ્યો નથી. તેનું કારણ એ છે કે, જેમના પર તેમણે આરોપ લગાવ્યા છે તેમને ડર છે કે જો તેઓ 'મત ચોરી'ના આરોપોને લઈને કાયદાકીય પડકાર આપે, તો તે એક લાંબી કાયદાકીય લડાઈમાં પરિણમી શકે છે.

કોંગ્રેસ સાંસદે કહ્યું, "હું તમને એક રસપ્રદ વાત જણાવુંઃ મારી સામે ૪૫થી વધુ માનહાનિના કેસો દાખલ છે, જેમાં અમિત શાહ, મોદીજી અને અન્ય લોકો સાથે જોડાયેલા કેસોનો સમાવેશ થાય છે. કુલ ૪૫ કેસો છે. તેમ છતાં, હું દરેક મંચ પરથી કહું છું કે નરેન્દ્ર મોદી મત ચોરી કરે છે, અને આવું કહેવા બદલ મારી સામે ક્યારેય કોઈ કેસ દાખલ કરવામાં આવ્યો નથી. શું તમે જાણો છો શા માટે? કારણ કે તેમને ડર છે કે જો તેઓ ખાસ કરીને 'મત ચોરી'ના મુદ્દે કેસ દાખલ કરે, તો તે એક મોટી કાયદાકીય લડાઈ બની જશે અને તેઓ તેમાં ફસાઈ જશે."

લોકસભામાં વિરોધ પક્ષના નેતાએ કહ્યું કે કોંગ્રેસ પોતાને બંધારણના રક્ષક તરીકે માને છે અને કથિત 'મત ચોરી' દ્વારા બંધારણીય માળખા પર કરવામાં આવેલા હુમલાને સ્વીકારશે નહીં. તેમણે વધુમાં કહ્યું કે કોંગ્રેસ ન્યાય મેળવવા માટે લડશે અને જેઓ 'મત ચોરી'માં સામેલ છે, તેમણે તેની કિંમત ચૂકવવી પડશે. "આજે નહીં તો કાલે, કોંગ્રેસ પક્ષ ન્યાય અપાવીને જ રહેશે. કારણ કે અમે બંધારણના રક્ષક છીએ; અમે તેના સંરક્ષક છીએ. જ્યારે આ લોકોએ મતોની ચોરી કરી અને બંધારણ પર હુમલો કર્યો, ત્યારે તેમણે અમારી આસ્થા પર પણ પ્રહાર કર્યો છે. અમે આને સ્વીકારવા તૈયાર નથી. કોંગ્રેસના તમામ કાર્યકરો ધ્યાનથી સાંભળોઃ નરેન્દ્ર મોદી, અમિત શાહ અને જ્ઞાનેશ કુમારે ન્યાયનો સામનો કરવો પડશે અને તેમણે જે કર્યું છે તેની કિંમત ચૂકવવી પડશે," એમ રાહુલ ગાંધીએ કહ્યું.

# અમરેલીના બગસરામાં દેશી તમંચાથી ફાયરિંગ કરી ૭૦ વર્ષીય વૃદ્ધની આત્મહત્યા

## મગજ અને કમરની બીમારીથી કંટાળીને જીવન ટૂંકાવ્યું હોવાની પ્રાથમિક વિગતો,ગેરકાયદે હથિયાર રાખવા અંગે પણ પોલીસે ગુનો નોંધ્યો

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી: અમરેલી જિલ્લાના બગસરા શહેરના મેઘાણીનગર વિસ્તારમાં રહેતા એક ૭૦ વર્ષીય વૃદ્ધે પોતાની પાસે ગેરકાયદે રીતે રાખેલ દેશી બનાવટના તમંચાથી ફાયરિંગ કરી આત્મહત્યા કરી લેતાં ચકચાર મચી ગઈ છે. મૃતક વૃદ્ધ લાંબા સમયથી મગજ અને કમરની બીમારીથી પીડાતા વૃદ્ધે બીમારીથી કંટાળીને આ અંતિમ પગલું ભર્યું હોવાનું પોલીસમાં નોંધાયેલી વિગતોમાં સામે આવ્યું છે.



આ બનાવમાં પ્રાપ્ત વિગતો અનુસાર અમરેલી જિલ્લાના બગસરાના મેઘાણીનગર, શેરી નંબર-૩માં રહેતા ગજેન્દ્રભાઈ ઉર્ફે ગોદડભાઈ લખુભાઈ વાળા (ઉ.વ. ૭૦)ને લાંબા સમયથી મગજ તેમજ કમરની બીમારી હતી. જેથી કંટાળી જઈ ગત તા.૧૭ રાત્રે આશરે સાડા નવ વાગ્યાથી તા.૧૮ સવારના સાત વાગ્યા દરમિયાન તેમણે પોતાની પાસે રહેલા ગેરકાયદે દેશી બનાવટના તમંચાથી છાતીના ડાબા ભાગે ફાયરિંગ કરતાં તેમનું મોત નીપજ્યું હતું.

આ બનાવમાં વૃદ્ધ પાસે કોઈપણ પ્રકારનું લાઈસન્સ ન હોવા છતાં ગેરકાયદેસર રીતે દેશી બનાવટનું હથિયાર રાખવામાં આવ્યું હોવાનું પોલીસ ફરિયાદમાં નોંધાયું છે. આથી આત્મહત્યાના બનાવની વિગતો સાથે ગેરકાયદેસર હથિયાર રાખવા બદલ આર્મ્સ એક્ટ હેઠળ પણ ગુનો નોંધવામાં આવ્યો છે. બગસરા વિસ્તારમાં બનેલા આ બનાવને પગલે પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# રાજુલાના મોરંગીમાં વૃદ્ધની છરીના ઘા ઝીંકી હત્યા કરનાર કલાકોમાં આરોપી ઝડપાયો

## નરશીભાઈની દુકાને બેઠેલા ભીખુભાઈ સમા પર હુમલો કરી સાથળના ભાગે છરીનો મરણતોલ ઘા માર્યો હતો

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી: અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના મોરંગી ગામે અંગત અદાવતમાં એક વૃદ્ધની છરીનો મરણતોલ ઘા ઝીંકી હત્યા કરવાના ચકચારી બનાવમાં અમરેલી લોકલ ક્રાઈમ બ્રાન્ચ (એલસીબી) અને ડુંગર પોલીસને ગણતરીની કલાકોમાં સફળતા મળી છે. ગામમાં દુકાને બેઠેલા ભીખુભાઈ નનુભાઈ સમા પર છરીથી હુમલો કરી તેમની હત્યા કરવાના ગુનામાં પોલીસે મોરંગીના રૂસ્તમભાઈ રાજેભાઈ બેલીમ (ઉ.વ. ૪૦)ને ઝડપી પાડી આગળની કાર્યવાહી માટે ડુંગર પોલીસને સોંપ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગત તા. ૧૭ ના રોજ સવારે આશરે સાડા આઠ વાગ્યાના અરસામાં મોરંગી ગામે નરશીભાઈની દુકાને ભીખુભાઈ નનુભાઈ સમા બેઠા હતા. આ દરમિયાન મોરંગી ગામના પ્લોટ વિસ્તારમાં રહેતા રૂસ્તમભાઈ રાજેભાઈ બેલીમ ત્યાં આવ્યા હતા. અંગત અદાવતને કારણે ભીખુભાઈ સાથે બોલાચાલી થતાં મામલો ઉગ્ર બન્યો હતો. આ દરમિયાન આરોપીએ પોતાની પાસે રહેલી છરી વડે ભીખુભાઈના સાથળના ભાગે મરણતોલ ઘા ઝીકતાં તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેમનું મોત નીપજ્યું હતું.

આ બનાવ અંગે મૃતકના પુત્ર રમજાન ભીખુભાઈ સમાએ આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધાવતાં ડુંગર પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા (BNS), ૨૦૨૩ની કલમ ૧૦૩(૧) તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ મુજબ તા. ૧૭ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ બપોરે ૧:૪૫ વાગ્યે ગુનો નોંધાયો હતો.

અમરેલી એલસીબીના પોલીસ ઈન્સ્પેક્ટર સી.પી. વાઘેલા અને તેમની ટીમે ડુંગર પોલીસ સાથે સંકલન કરીને બાતમી તથા ટેકનિકલ સોર્સના આધારે ગણતરીની કલાકોમાં આરોપી રૂસ્તમભાઈ બેલીમને ઝડપી પાડ્યો હતો. ત્યારબાદ આરોપીને આગળની કાયદેસરની કાર્યવાહી માટે ડુંગર પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો હતો.



# બાબરા પંથકમાં શંકાસ્પદ બાયોડીઝલના ગેરકાયદે વેચાણનો પર્દાફાશ !






## ઉંટવડ ગામ નજીક હાઈવે પરના ફ્યુઅલ પંપમાંથી ૫,૦૦૦ લીટર શંકાસ્પદ જ્વલનશીલ પ્રવાહી સહિત રૂ. ૧૧.૫૦ લાખનો મુદ્દામાલ જપ્ત

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી: અમરેલી જિલ્લામાં ગેરકાયદેસર જ્વલનશીલ પદાર્થોના ખરીદ-વેચાણ અને સંગ્રહ સામે પોલીસ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે, ત્યારે બાબરા તાલુકામાં ભાવનગર-રાજકોટ હાઈવે પર આવેલા એક ફ્યુઅલ પંપમાંથી કથિત પેટ્રોલિયમ પદાર્થ મિશ્રિત જ્વલનશીલ પ્રવાહી એટલે કે શંકાસ્પદ બાયોડીઝલનો ૫,૦૦૦ લીટર જથ્થો બાબરા પોલીસની ટીમે ઝડપી લઈ કાર્યવાહી કરીને જથ્થા સહિત કુલ રૂ. ૧૧.૫૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર લાઠી વિભાગના નાયબ પોલીસ અધિક્ષક વિસ્મય માનસેતાની સૂચનાથી બાબરા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર આર.આર. પરમારના માર્ગદર્શન હેઠળ ગઈકાલ તા.૧૭ના રોજ બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ જયદેવસિંહ સોલંકીને બાતમી મળી હતી કે, બાબરા તાલુકાના ઉંટવડ ગામથી આગળ ભાવનગર-રાજકોટ હાઈવે પર નંદની હોટલ પાસે આવેલા રાજકોટ જિલ્લાના જસદણ ગામે રહેતા પ્રીન્સભાઇ ભીખાભાઇ છાયાણી માલિકીના DASTAK DROP IN FUEL' નામના ફ્યુઅલ પંપ પર જરૂરી પાસ-પરમિટ વિના કથિત પેટ્રોલિયમ પદાર્થ મિશ્રિત જ્વલનશીલ પ્રવાહીનો સંગ્રહ કરી છૂટક વેચાણ કરવામાં આવી રહ્યું છે.

આ બાતમીના આધારે ઉચ્ચ પોલીસ અધિકારીઓને જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ પોલીસ ટીમે સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરતાં શંકાસ્પદ જ્વલનશીલ પ્રવાહીનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે સ્થળ પરથી ૫,૦૦૦ લીટર પ્રવાહી, આઈસર કંપનીનું E2 PLUS મોડલનું કેસરી રંગનું ફ્યુઅલ ભરવાનું મોબાઈલ ટેન્કર, ડિસ્પેન્સર યુનિટ સહિતનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પોલીસે કબજે કરેલા મુદ્દામાલમાં અંદાજે રૂપિયા ૪.૫૦ લાખની કિંમતનું ૫,૦૦૦ લીટર કથિત પેટ્રોલિયમ પદાર્થ મિશ્રિત જ્વલનશીલ પ્રવાહી તથા રૂ.૫,૦૦,૦૦ની કિંમતનું મોબાઈલ ટેન્કર અને રૂપિયા ૨ લાખની કિંમતનાં ડિસ્પેન્સર યુનિટ ઉપરાંત પાવતી બુક, નોટબુક, ચોપડા તથા અન્ય સાધનોનો સમાવેશ થાય છે. આમ, કુલ રૂ. ૧૧.૫૦ લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

કથિત પ્રવાહી કેવા પ્રકારનું છે, તે પેટ્રોલિયમ પદાર્થ છે કે કેમ, તે ડીઝલ, એલ.ડી.ઓ., બાયોડીઝલ કે અન્ય કોઈ જ્વલનશીલ પ્રવાહી છે કે કેમ? તથા તેની ડેન્સિટી અને તે અંગે એફ.એસ.એલ. કચેરી ખાતેથી યોગ્ય વૈજ્ઞાનિક તપાસ કરાવવા તેમજ સદરહુ પ્રવાહીના સંગ્રહ તથા વેચાણ અંગે જરૂરી લાયસન્સ, મંજૂરીઓ અને અન્ય દસ્તાવેજોની ખરાઈ કરવા આગળની કાયદેસરની કાર્યવાહી કરવા સારૂ જા.જોગ દાખલ કરી આ મામલે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. શંકાસ્પદ પ્રવાહીની વાસ્તવિક પ્રકૃતિ અને તેની ગુણવત્તા અંગેનો અંતિમ નિષ્કર્ષ તપાસ તથા જરૂરી પરીક્ષણ બાદ જ સ્પષ્ટ થશે.

# અમરેલીમાં સ્પ્લેન્ડર બાઈક ચોરી કરતી ટોળકીના બે આરોપી ઝડપાયા

## અલગ-અલગ સ્થળેથી ચોરાયેલી પાંચ સ્પ્લેન્ડર મોટર સાઈકલની ચોરીનો થયો ખુલાસો



(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી: અમરેલી જિલ્લામાં વાહન ચોરીના ગુનાઓને અંકુશમાં લેવા પોલીસ દ્વારા હાથ ધરાયેલી કામગીરીમાં અમરેલી તાલુકા પોલીસને સફળતા મળી છે. અમરેલી તાલુકા, અમરેલી સીટી, ઢસા તેમજ જસદણ પોલીસ સ્ટેશન વિસ્તારના બાઈક ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલી પોલીસે બે આરોપીઓને પાંચ બાઈક સાથે ઝડપી પાડી પાંચ સ્પ્લેન્ડર મોટરસાઈકલની ચોરીના બનાવોનો પર્દાફાશ કર્યો છે.

અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પે. એ.કે.જોષીની આગેવાનીમાં પોલીસ ટીમે અલગ-અલગ વિસ્તારોમાં થયેલી બાઈક ચોરીના બનાવોની તપાસ હાથ ધરી હતી. તે દરમિયાન સીસીટીવી કેમેરાનાં ફૂટેજ અને ઈગલ આઈ પ્રોજેક્ટની મદદથી વાહનચોરીના ગુનાઓની કડીઓ મેળવી હતી. ટેકનિકલ માહિતી અને તપાસના આધારે બે શખ્સોને ઝડપી પાડવામાં આવ્યા હતા. પોલીસે તેમની પાસેથી ચોરીની પાંચ સ્પ્લેન્ડર મોટરસાઈકલ સંબંધિત ગુનાઓનો ભેદ ઉકેલ્યો હોવાનું જાહેર કર્યું છે.

પોલીસના જણાવ્યા અનુસાર, આરોપીઓએ અલગ-અલગ તારીખે વિવિધ સ્થળોએથી સ્પ્લેન્ડર મોટર સાઈકલની ચોરી કરી હતી. જેમાં ચિતલ ગામ, ચિતલ રાંઢિયા રોડ પર આવેલા જસવંતગઢ ગામ, અમરેલીના હીરાબજાર વિસ્તાર તેમજ જસદણ અને અન્ય સ્થળોના બનાવોનો સમાવેશ થાય છે.

પોલીસે જાહેર કરેલી વિગતો પ્રમાણે, ઝડપાયેલા આરોપીઓમાં બાબરા તાલુકાના અમરપરા વિસ્તારના રહેવાસી સિરોયા નિકુલ કનુભાઈ તથા હુસેદ ઈસ્માઈલ ભાઈ સોલંકીનો સમાવેશ થાય છે. બંને આરોપીઓની ધરપકડ બાદ તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

અમરેલી તાલુકા પોલીસની આ કામગીરીથી વાહન ચોરીના પાંચ ગુનાઓનો ભેદ ઉકેલાયો છે. જિલ્લામાં વાહનચોરી સહિતના મિલકત સંબંધિત ગુનાઓ અટકાવવા અને આવા ગુનાઓમાં સંડોવાયેલા શખ્સોને ઝડપી પાડવા પોલીસની તપાસ આગળ ધપાવવામાં આવી રહી છે.

# અમરેલી:દિવાળીમાં પરચુરણ અને નવી નોટોની મુશ્કેલી ન પડે તે માટે ચેમ્બર ઓફ કોમર્સની રજૂઆત

## રિઝર્વ બેંક અને એસબીઆઈને પત્ર લખી તહેવારોમાં રૂ. ૨૦ લાખના પરચુરણ અને નવી નોટોનું વિતરણ કરવાની માંગ

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી: આગામી દિવાળીના તહેવારો દરમિયાન અમરેલી શહેર સહિત ગ્રામ્ય વિસ્તારોના વેપારીઓ અને નાગરિકોને પરચુરણ તથા નવી નોટો મેળવવામાં મુશ્કેલી ન પડે તે માટે અમરેલી ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા, અમદાવાદ તથા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, અમરેલી શાખાને રજૂઆત કરવામાં આવી છે. ચેમ્બરે દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખીને રૂપિયા ૨૦ લાખના પરચુરણ તેમજ નવી નોટોનું યોગ્ય પ્રમાણમાં વિતરણ કરવાની માંગ કરી છે.



અમરેલી ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા કરવામાં આવેલી રજૂઆતમાં જણાવાયું છે કે અમરેલી શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં રૂપિયા ૧૦, ૨૦સહિતની નોટો અને સિક્કાની અછતને કારણે વેપારીઓને રોજિંદા ધંધામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. નાગરિકો પણ રોકડ વ્યવહારોમાં પરચુરણના અભાવે પરેશાની અનુભવી રહ્યા છે. ખાસ કરીને દરેક વેપારીને પોતાના વ્યવહારોમાં પરચુરણની જરૂરિયાત રહેતી હોય છે, પરંતુ પૂરતા પ્રમાણમાં પરચુરણ ઉપલબ્ધ ન હોવાથી મુશ્કેલી ઊભી થાય છે.

રજૂઆતમાં વધુમાં જણાવાયું છે કે હાલના સમયમાં અનેક નાગરિકો માટે ઓનલાઈન પેમેન્ટની સુવિધાનો ઉપયોગ કરવો પણ શક્ય બનતો નથી. આવા સંજોગોમાં રોકડ વ્યવહારો માટે નાની નોટો અને પરચુરણની ઉપલબ્ધતા અત્યંત જરૂરી બની રહે છે. દિવાળીના તહેવારો દરમિયાન ખરીદી અને વેચાણમાં વધારો થતો હોવાથી પરચુરણની જરૂરિયાત પણ વધી જાય છે.

ચેમ્બર દ્વારા અગાઉ રૂપિયા ૧૦ લાખના પરચુરણનું વિતરણ કરવામાં આવ્યું હોવાનું જણાવી હવે દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખીને રૂપિયા ૨૦ લાખના પરચુરણ તેમજ નવી નોટોનું વિતરણ કરવા માંગ કરવામાં આવી છે.

# અમરેલીના ઈન્દિરા શોપિંગ સેન્ટરની ૪૦૦ દુકાનો પર ટ્રાન્સફર ફીનો 'તોતિંગ' બોજ !

## ટ્રાન્સફર ફી રૂ.૩૫ હજારથી રૂ.૫૫ હજારની ફી સામે રૂ. ૩ લાખ સુધીના વધારાનો વિરોધ: ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ કોમર્સની પાલિકાને રજૂઆત

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી: અમરેલી નગરપાલિકાના ઈન્દિરા શોપિંગ સેન્ટરની દુકાનોની ટ્રાન્સફર ફીમાં કરવામાં આવેલા તોતિંગ વધારાને પગલે વેપારી આલમમાં નારાજગી ફેલાઈ છે. અંદાજે ૪૦૦ દુકાનો સાથે સંકળાયેલા વેપારીઓને અસર કરી શકે તેવા આ નિર્ણય સામે અમરેલી ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ કોમર્સ મેદાનમાં આવ્યું છે. ચેમ્બરે નગરપાલિકાને રજૂઆત કરીને ટ્રાન્સફર ફીની જૂની વ્યવસ્થા યથાવત રાખવા અને વેપારીઓ પર વધારાનો આર્થિક બોજ ન નાખવા માગ કરી છે.

ચેમ્બર દ્વારા કરવામાં આવેલી રજૂઆત મુજબ, ઈન્દિરા શોપિંગ સેન્ટરમાં અગાઉ દુકાનની માલિકી ટ્રાન્સફર વખતે રૂપિયા ૩૫ હજારથી રૂપિયા ૫૫ હજાર સુધી ટ્રાન્સફર ફી લેવામાં આવતી હતી. પરંતુ હવે



આ ફી વધારીને રૂપિયા ૩ લાખ સુધી કરવામાં આવી હોવાની બાબત સામે આવતાં વેપારીઓમાં ચિંતા વ્યાપી છે. અગાઉની ફીની સરખામણીએ આટલી મોટી રકમ વસૂલવામાં આવે તો દુકાનના ખરીદ-વેચાણ અને માલિકી હસ્તાંતરણના વ્યવહારો મુશ્કેલ બની શકે છે.

આશરે ૪૦ વર્ષ જૂના ઈન્દિરા શોપિંગ સેન્ટરની દુકાનોની સ્થિતિ, વેપારની પરિસ્થિતિ અને વેપારીઓની આર્થિક ક્ષમતાને ધ્યાનમાં રાખીને નિર્ણય લેવો જરૂરી હોવાનું ચેમ્બરે જણાવ્યું છે. દુકાનના ભાડાની મુદ્દત પૂર્ણ થાય ત્યારે મનસ્વી રીતે વધારો કરવાને બદલે વેપારીઓના હિત અને આર્થિક પરિસ્થિતિનો વિચાર કરવો જોઈએ તેવી લાગણી પણ રજૂઆતમાં વ્યક્ત કરવામાં આવી છે.

ચેમ્બરે વધુમાં રજૂઆત કરી છે કે અમરેલી શહેરનાં અન્ય શોપિંગ સેન્ટરોમાં દુકાનોની ટ્રાન્સફર ફી સામાન્ય રીતે ઓછી છે. ત્યારે ઈન્દિરા શોપિંગ સેન્ટરમાં જ આટલી મોટી ફીનો બોજ નાખવો વેપારીઓ માટે અસહ્ય બની શકે છે. બીજી તરફ, દુકાનના ભાડા પર ૧૮ ટકા જીએસટી વસૂલવામાં આવતો હોવાનો ઉલ્લેખ કરીને વેપારીઓને વધારાના આર્થિક બોજમાંથી રાહત આપવા પણ માગ કરવામાં આવી છે.

અમરેલી ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ ચતુરભાઈ અકબરીએ જણાવ્યું હતું કે વેપારીઓના હિતને ધ્યાનમાં રાખીને નગરપાલિકા ટ્રાન્સફર ફી અંગે પુનર્વિચાર કરે અને અગાઉની ફી યથાવત રાખે તે જરૂરી છે. હવે વેપારીઓની આ રજૂઆતને પગલે નગરપાલિકા તંત્ર કેવો નિર્ણય લે છે તેના પર વેપારી આલમની નજર મંડાઈ છે.

પાલિકાની ચૂંટણીઓ સમયે અમરેલી ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ કોમર્સ તથા ઈન્દિરા શોપિંગ સેન્ટરના વેપારીઓને દુકાનની માલિકી ટ્રાન્સફર ફી ઘટાડવા બાબતે બાંહેધરી આપવામાં આવે છે. પરંતુ આવી બાંહેધરી માત્ર લોલીપોપ જ સાબિત થાય છે.

# એક-બે નહીં, એકસાથે ૧૫ સિંહની શાહી લટાર!



(કૈલૈશ ભટ્ટ દ્વારા) ઉના: ગીર ગઢડા પંથકમાં જંગલ નજીક આવેલા ખીલાવડ ગામ પાસે મોડી રાત્રે એક અનોખો નજારો જોવા મળ્યો. અંદાજે ૧૫ સિંહોનું એક ટોળું રોડ ક્રોસ કરી રહ્યું હતું. આ દૃશ્ય જોઈને રોડ પરથી પસાર થતા વાહનચાલકો થંભી ગયા હતા. આ સિંહો શિસ્તબદ્ધ રીતે કતારમાં જંગલ વિસ્તારમાંથી બહાર આવી માનવ વસાહત

## ખીલાવડ રોડ પર સિંહોનું ટોળું રોડ ક્રોસ કરતા વાહનો થંભી ગયા

વચ્ચેથી પસાર થઈ રહ્યા હતા. આવા દ્રશ્યો સફારી પાર્કમાં પણ ભાગ્યે જ જોવા મળે છે.એશિયાટિક સિંહોને ગીરનું ઘરેણું માનવામાં આવે છે. આવા દ્રશ્યો સિંહપ્રેમીઓને રોમાંચિત કરી દે છે. આ વિસ્તારમાં સિંહોની હાજરી સ્થાનિક લોકો માટે પણ મહત્વની છે.

# બાબરામાં અનડીટેક્ટ ચોરીનો ભેદ ઉકેલાયો, ૪ ઝડપાયા

## ૬.૦૫ લાખનો મુદ્દામાલ કબજે, ૮૫,૬૦૦ રોકડા મળ્યા



અમરેલી:અમરેલી પોલીસ વડાના માર્ગદર્શન હેઠળ, અણઉકેલ ઘરફોડ ચોરીના ગુનાઓ ઉકેલવા પોલીસે ઝુંબેશ ચલાવી છે. SOG ટીમે બાબરામાં ચોરીનો ભેદ ઉકેલી ચાર લોકોને પકડ્યા છે.

આરોપીઓ પાસેથી રોકડા રૂપિયા ૮૫,૬૦૦, ચાર મોબાઈલ ફોન અને હ્યુન્ડાઈ ગ્રાન્ડ i૧૦ કાર સહિત કુલ ૬,૦૫,૬૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરાયો છે. SOG ટીમને બાતમી મળી કે, બાબરા શાહ પેટ્રોલપંપ ચોકડી પાસે સફેદ ફોર-વ્હીલર કારમાં શંકાસ્પદ લોકો હતા.

આ લોકો બાબરાના ગુના નંબર ૧૧૧૯૩૦૦૮૨૬૦૫૩૩/૨૦૨૬ (BNS-૨૦૨૩, કલમ ૩૦૫(એ)) મુજબ નોંધાયેલી ચોરીમાં સંડોવાયેલા હતા. બાતમી અને ટેકનિકલ માહિતીના આધારે જીએ ચાર લોકોને પકડ્યા. પૂછપરછમાં ગુનો કબૂલ્યો. ૬,૦૫,૬૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી બાબરા પોલીસ સ્ટેશનને સોંપાયા.

પકડાયેલા આરોપીઓ અર્જુનભાઈ ઉર્ફે લાલો સેખલીયા, રાહુલભાઈ પરમાર, આકાશભાઈ સેખલીયા અને પડેશ ઉર્ફે રામો ડાભી છે. આમાંથી ત્રણ સામે અગાઉ પણ ગુના નોંધાયા છે.

# વડિયામાં ફરી સસ્તા અનાજનો બિનઅધિકૃત જથ્થો ઝડપાયો

## મામલતદારની કાર્યવાહીમાં ઘઉં-ચોખા સહિત ૫૮ હજારનો મુદ્દામાલ સીઝ કરાયો

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી: અમરેલી જિલ્લાના વડિયા પંથકમાં ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોને વિતરણ માટેના સસ્તા અનાજના બિનઅધિકૃત જથ્થાનો વધુ એક વખત પર્દાફાશ થયો છે. વડિયાના ઈન્ચાર્જ મામલતદારે કાર્યવાહી હાથ ધરીને ચોખા સહિત રેશનિંગના અનાજનો જથ્થો ઝડપી પાડ્યો હતો. અનાજની સાથે વજનકાંટો અને રિક્ષા સહિત કુલ રૂ.૫૮ હજારનો મુદ્દામાલ સીઝ કરવામાં આવ્યો હતો.

આ બનાવમાં પ્રાપ્ત વિગતો મુજબ, વડિયા વિસ્તારમાં સસ્તા અનાજના બિનઅધિકૃત જથ્થા અંગેની કાર્યવાહી દરમિયાન મામલતદાર દ્વારા અનાજનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો. આ કાર્યવાહીમાં ૧૪૧ કિલોગ્રામ ચોખા સહિત ઘઉં-ચોખાનો જથ્થો મળી આવ્યો હતો. રેશનિંગના અનાજના જથ્થા સાથે વજનકાંટો અને રિક્ષા પણ કબજે કરવામાં આવી હતી.



સમગ્ર કાર્યવાહીમાં કુલ રૂ.૫૮ હજારનો મુદ્દામાલ સીઝ કરીને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જપ્ત કરાયેલ અનાજનો જથ્થો સીઝ કર્યા બાદ રિક્ષા વડિયા પોલીસને સોંપવામાં આવી હતી.

વડિયામાં સસ્તા અનાજના બિનઅધિકૃત જથ્થા સામે ફરી કાર્યવાહી થતાં રેશનિંગના અનાજના ગેરકાયદેસર વહન અને વ્યવહાર અંગે સવાલો ઊભા થયા છે. ગરીબ પરિવારો સુધી પહોંચવાનું અનાજ અન્યત્ર વાળવામાં આવતું હોય તો તેની સામે કડક કાર્યવાહી થાય અને સરકારી વિતરણ વ્યવસ્થામાં પારદર્શિતા જળવાય તે જરૂરી છે.